بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-માર્ચ-૨૦૧૩**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૩, સળંગ અંક : ૧૧૧

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


૦૧ આ આતંકવાદીઓને ફાંસી ક્યારે ? ૦૨
૦૨ **સુન્નતનું મહત્વ અને પૂર્વજ બુઝુર્ગોનો અમલ તથા આજની હાલત !** ૦૩
૦૩ કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન ૧૨
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૬
૦૫ હ઼દાઈકે બખ્શિશ ૧૮
૦૬ નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... ૧૯
૦૭ અવલિયા અલ્લાહની કરામતો ૨૧
૦૯ ઔલાદને જહન્નમથી બચાવવી છે તો ઈલ્મે દીન શીખવાડો ! ૨૨
૧૦ પ્રજા સાથે મહેરબાની તથા ન્યાય અને ઈસ્લામી ખલીફાઓ ૨૫
૧૧ નબી કરીમ صلی اللہ علیہ وسلم ની અનોખી વિશિષ્ટતાઓ ૨૯
૧૨ સારી નિય્યતોના ફાયદા ૩૨
૧૩ સહાબીએ રસૂલ ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ ૩૭
૧૪ હઝરત નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ૪૦
૧૫ દારૂ તથા જુગારનાં ખતરનાક નુકસાનો ! ૪૪
૧૬ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


રઝા : જનાબ 'જિગર' નબીપુરી સાહબ (લંડન)

કુલ જહાં હૈ આપકે ઝૈરે દામાને શહા
દસ્તગીરે બે કસાં, શાફએ રોઝે જઝા
આપકા ષાની નહીં, આપ જૈસા ન કોઈ
હૈ શાહિદ કુર્આન જો ઔર ઈમાં ભી મેરા
આપ નૂરે અવ્વલીં ઔર ખત્મુલ મુરસલીં
રહમતે દુનિયા વ દીં ઔર ઈમામુલ અંબિયા
આપકી મદહત સરાઈ હમસે મુમ્કિન હી નહીં
ખાલિક઼ે કોનો મકાં, હૈ ષનાખ્વાં આપકા
ખાક તયબહ કી બની, આપ કે દમસે શિફા
આપકા નક઼્શે ક઼દમ, ખુલ્દ કા હૈ રાસ્તા
દો જહાં કી નેઅમતેં ઉનકો હોતી હૈ નસીબ
માંગે દર પર આપ કે, ગિરગિરા કે જો દુઆ
આપકા દર હો શહા ઔર મેરા સર ઝુકા
ઝિકર લબ પર જારી રહે, પઢતા રહું સલ્લિ અલા
કર કરમ હમ પર ખુદા, બખ્શ દે સબકી ખતા
રહમતે આલમીં કી, નિસ્બતોં કા વાસ્તા
હો બકી મદફન મેરા, હૈ **'જિગર'** કી ઈલ્તિઝા
જાં કની કે વક઼્ત પર, આક઼ા હો જલ્વા નુમા

રાહ જોતા ન્યાય પ્રિય નાગરિકો.....

# આ આતંકવાદીઓને ફાંસી ક્યારે ?

તંત્રીલેખ

પાકિસ્તાની આતંકવાદી કસાબને ફાંસી થવી જ જોઈતી હતી અને છેવટે થઈ જે સારું થયું કે મુંબઈના આતંકવાદી હુમ્લામાં જેના થકી કેટલાયે નિર્દોષોની જાન ગઈ અને ખાસ તો નિષ્પક્ષ પોલીસ ઓફિસર જેણે ભયાનક આતંકવાદીઓને પકડી પાડી ખુલ્લા પાડયા, તે કરકરે પણ એ હુમ્લામાં જ મૃત્યુ પામ્યા. એ જ પ્રમાણે અફઝલગુરૂને હાલમાં ફાંસી અપાઈ જેના પર સંસદ પર હુમ્લાનુ કાવતરૂ રચવાનો આરોપ હતો. જો કે એના બારામાં ઘણા પ્રશ્નો ઉઠી રહ્યા છે. સારાંશ કે આતંકવાદમાં સપડાનારા કોઈપણ વ્યક્તિ હોય તેને જલ્દીથી ફાંસી થવી જોઈએ કે એ માનવ લોહીને વહાવનારા નિર્દયી ક્રૂર પાત્રો છે. એ જ પ્રમાણે રાજીવ ગાંધીના હત્યારાઓ ફાંસી માટે વેઈટીંગ છે કે જેમણે રાજીવની હત્યા કરીને પૂરા જગતને સ્તબ્ધ કરી આપ્યું હતું. તેવી જ રીતે ૧૮–૫–૨૦૦૭ના રોજ હૈદ્રાબાદ મક્કા મસ્જિદ પર આતંકવાદી હુમ્લામાં ૧૪ જાનો ગઈ હતી, તથા સમઝોતા એક્સપ્રેસના ધમાકાને કોણ ભૂલી શકે ?! આતંકવાદીઓએ ૧૮–૨–૨૦૦૮ના રોજ પાણીપટ પાસે ૬૮ લોકોને મૌતને ઘાટ ઉતારી દીધા. એ જ પ્રમાણે માંલેગાવના ધડાકા તથા અજેમર શરીફની દરગાહ મુકદ્દસમાં ધડાકાની હિંમત કરનારાઓ છેવટે પકડાઈ ગયા. તેમાં સ્વામી અસીમાનંદ, પ્રજ્ઞા ઠાકુર અને કર્નલ શ્રીકાંત પુરોહીત કેટલા સમયથી જેલની હવા ખાય રહ્યા છે. તો એમને પણ જલ્દીથી ફાંસીના માંચડે લાવવામાં આવે જેથી આતંકવાદનો વિચાર કરનારા પીછેહઠ કરે અને દેશની શાંતિમાં, જનજીવનની શાંતિ તથા સલામતીમાં ભંગ પાડનારા એવી હિંમત ન કરે.

ક્યાંય પણ ધડાકો થતાં જે તકસાધુઓ તથા મીડિયા જગત તેના તાર મુસ્લિમનામી કોઈ સંગઠન સાથે જોડીને ઈસ્લામ તથા પૂરી મુસ્લિમ કૌમને વગોવતુ રહેતું હતું પણ એઓ દુનિયાવાળાઓ સમક્ષ આ નીચેના ભગવા આતંકવાદીઓની પણ ઓળખ આપે કે જેમનું આતંકવાદ આચરવાનુ પુરવાર થઈ ચૂક્યું છે. ગૃહ મંત્રાલયે ૧૦ ભગવા આતંકવાદીઓની યાદી જાહેર કરી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA) દ્વારા તાજેતરમાં જ પ્રસિદ્ધ કરાયેલી એક યાદીમાં એવા ૧૦ લોકોના નામ સામેલ છે જેમના છેડા સંઘ કે અન્ય કટ્ટર હિંદુત્વવાદી સંગઠનો સાથે જોડાયેલા છે. આ તમામ દેશના ઘણા ભાગોમાં આતંકવાદ ફેલાવવા મુદ્દે શંકાના દાયરામાં છે. ગૃહસચિવ આર. કે. સિંહના જણાવ્યા પ્રમાણે આ દસ આરોપીઓ સમઝૌતા એક્સપ્રેસ, અજમેર શરીફ દરગાહ વિસ્ફોટ, મક્કા મસ્જિદ વિસ્ફોટમાં સામેલ છે. ગૃહ સચિવે કહ્યું હતું કે, અમારી પાસે આ લોકો વિરુદ્ધ પુરાવા છે.

ગૃહ સચિવ સિંહે વધુમાં જણાવ્યું હતું કે, મૃતક સુનીલ જોષી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (RSS)નો કાર્યકર્તા હતો. ઠેઠ ૧૯૯૦ના દાયકાથી માંડી ૨૦૦૩ સુધી તે મધ્યપ્રદેશના ખંડુ અને દેવાસમાં સક્રિય હતો, સમઝૌતા એક્સપ્રેસ અને અજમેર શરીફ દરગાહ વિસ્ફોટના આરોપીઓમાં તે સામેલ હતો. અન્ય આતંકી સંદીપ ડાંગે સંઘનો પ્રચારક રહ્યો છે. હાલ તે ફરાર છે અને એનઆઈએ તેની શોધ કરી રહી છે. ડાંગે પણ મક્કા મસ્જિદ વિસ્ફોટનો આરોપી છે. લોકેશ શર્મા, રાજેન્દ્ર ઉર્ફે સમુંદર તથા કમલ ચૌહાણ પર સમઝૌતા એક્સપ્રેસ તથા મક્કા મસ્જિદ વિસ્ફોટમાં સામેલ થવાનો આરોપ છે. આ તમામ જેલમાં બંધ આરોપીઓના સંબંધ સંઘ સાથે છે. લોકેશ સમઝૌતા એક્સપ્રેસ અને મક્કા મસ્જિદ કેસમાં પણ વોન્ટેડ છે. સંઘ સાથે જોડાયેલા મુકેશ વસાણીની પણ અજમેર શરીફ દરગાહ વિસ્ફોટમાં સામેલ હોવાના આરોપ હેઠળ ધરપકડ કરાઈ હતી. ઈન્દોરના સંઘ પ્રચારક દેવેન્દ્ર ગૃપ્તા પણ મક્કા મસ્જિદ વિસ્ફોટ કેસમાં સામેલ હોવાના આરોપ હેઠળ જેલમાં છે. ચંદ્રશેખર લેવે તથા સંઘના વનવાસી કલ્યાણ પરિષદના સ્વામી અસીમાનંદ પર પણ સમઝૌતા એક્સપ્રેસ, મક્કા મસ્જિદ તથા અજમેર શરીફ દરગાહ વિસ્ફોટના મુખ્ય કાવતરાખોર હોવાનો આરોપ છે. આ પણ આશ્ચર્ય છે કે સિમી પર પ્રતિબંધ તો સંઘ પર કેમ નહીં ?!

દેશના શાંતિપ્રિય તથા ન્યાયપ્રિય નાગરિકો આ આતંકવાદીઓને પણ ફાંસીના માંચડે જોવા આતુર છે, પણ કોને ખબર રાજકરણના આટાપાટામાંથી પસાર થઈને એ દિવસો ક્યારે આવશે ?!

# સુન્નતનું મહત્વ અને
# પૂર્વજ બુઝુર્ગોનો અમલ તથા આજની હાલત !

મુસલમાનો ! જરા ઠંડા દિલથી વિચારો ! આપણો ખાલિક઼ તથા માલિક અલ્લાહ છે જે મો'મિનને સિત્તેર માઓ કરતાંય અધિક ચાહે છે. હવે ખયાલ કરો કે એક મા પોતાની ઔલાદને કેટલી ચાહે છે, તેની ભલાઈ માટે કેટલી કોશિશો કરે છે, પણ હદીષમાં છે કે સિત્તેર માઓ કરતાંય અધિક રબ તઆલા મો'મિન બંદાને ચાહે છે, તો રબ્બે કરીમ જે ફ઼ર્માવશે તેમાં આપણી અનહદ ભલાઈ હશે કે નહીં ?! યક઼ીનન ! એમાં જ આપણી ભલાઈ છે. તો એ જ રબ તઆલા ફ઼ર્માવે છે : "બેશક ! તમારા માટે રસૂલુલ્લાહની પયરવી (અનુસરણ) બેહતર છે." *(સૂરએ અહઝાબ, આયત : ૨૧)* અને તફસીર "નૂરુલ ઈર્ફાન"માં આ આયતની તફસીર કરતાં હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمة الله عليه ફ઼ર્માવે છે કે, "જાણવા મળ્યું કે **હુઝૂર ﷺની જિંદગી શરીફ઼ સર્વ માનવો માટે નમૂનો છે જેમાં જિંદગીનું કોઈ ક્ષેત્ર બાકી નથી રહેતું.** અને એ પણ મતલબ થઈ શકે છે કે **રબ તઆલાએ હુઝૂર ﷺની જિંદગી શરીફ઼ને પોતાની કુદરતનો નમૂનો બનાવ્યો....** જાણવા મળ્યું કે **કામયાબ જિંદગી એ જ છે જે આપના નક઼્શે ક઼દમ પર હોય.** જો આપણુ, જીવવું મરવું, સૂવું જાગવું, હુઝૂરના નક઼્શે ક઼દમ પર થઈ જાય તો એ સર્વ કામો ઈબાદત બની જશે. *(કન્ઝુલ ઈમાન નૂરુલ ઈર્ફાન, પેજ : ૬૭૧)* સારાંશ કે અલ્લાહ તબારક વ તઆલાના બતાવ્યા પ્રમાણે આપણા સૌની ભલાઈ આપણા નબી કરીમ ﷺના તરીક઼ા પ્રમાણે તેમની સુન્નતો પ્રમાણે જીવવામાં જ છે, અને એનાથી આધા પાછા થયા તો આપણુ ભલુ થશે નહીં, એ વાત યક઼ીનન ! નિશ્ચિત છે, કારણ કે એમના સિવાય અન્યના અનુસરણમાં ભલાઈ હોવાનું રબે ફ઼ર્માવ્યું જ નથી.

### ★ આજે કામયાબી તથા ભલાઈ માટે લોકો ક્યાં ક્યાં ફાંફાં મારે છે ? ★

દૃષ્ટાંત પૂરતુ કહું છું કે હાલમાં પાકિસ્તાનના પોલિટિક્સમાં ગરમાવો લાવવાની પ્રવૃત્તિ પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબે કરી જેમને તેમના મજમામાં તેમના ચાહકો "મુજદિદે રવાં સદી–તાહિરુલ ક઼ાદરી !" એવું કહીને પોકારતા રહે છે. મુજદ્દિદ તો સુન્નતોને જીવંત કરનાર હોય છે, જ્યારે એમને એક ઠેકાણે લેક્ચર કરતા લોકોએ જોયા તો તેમની તદ્દન નજીકમાં જ સ્ટેજ પર લટો વિખરેલી હિરોઈન જેવી સ્ત્રી બેપર્દા બેઠેલી જોવા મળી, જેવું કે લંડન વેમ્બલીમાં થોડા સમય પર સર્વ ધર્મવાળાઓને તેમણે ભેગા કર્યા ત્યારે એ જ સ્થિતિમાં યુવાન સ્ત્રીઓ સ્ટેજ પર હતી, તેમજ "યૂ ટયૂબ" પર અનેક ઈન્ટરવ્યુમાં એમને બેપર્દા ખુલ્લાવાળોવાળી અને ફાહિશા ફાસિક઼ા જેવા લિબાસવાળી સ્ત્રીઓ સાથે તમે આજેય જોઈ શક્શો....... તો **આ સુન્નત પર અમલ થયો કે હરામ કામ થયું ?! પ્રમાણિક્તાથી કહેશો !** હુઝૂર ﷺ તો બેપર્દા સ્ત્રીઓનું મર્દો સામે આવવું પણ હરામ ઠરાવે છે જ્યારે અહીં સ્ટેજ પર ફેશનેબલ સ્ત્રીઓ બેસીને જાણે સ્ટેજનું આકર્ષણ વધારી રહી છે ! છતાં તેમના મુજદિદના નારા વાગે છે ! કેવા અવળા પાટે જઈ રહી છે આ દુનિયા ?! અલ્લાહ સહીહ સમજ અતા કરે.

એ જ પ્રમાણે કેટલાક કહેવાતા "પીરે તરીક઼ત" અંગત મહેફ઼િલ તો ઠીક પણ જાહેર સ્ટેજો પર પણ સ્ત્રીઓને બેસાડે છે, એનાઉન્સરી પણ કરાવે છે, તેણીઓ લેકચર પણ કરે છે અને એ પીર સાહબ તથા

સર્વ મર્દો નચિંતપણે નિઃસંકોચપણે સાંભળે છે ! **જાણે કે હવે શરીઅતમાં આ બધું જાઈઝ થઈ ગયું !** આ બધું પોતાની વાહ વાહ તથા સર્વમાં લોકપ્રિય બનવા માટે થાય છે છતાં તેઓ "પીરે તરીક઼ત" તથા "વલી"ના ટાઈટલોથી દીની રીતે અજ્ઞાન પ્રજામાં ઓળખાય છે. અસ્તગફિરુલ્લાહ !

ગૌષ પાક رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે **જે નબી ﷺની સુન્નત વિરુદ્ધ વર્તે તે "વલી" નથી.** જેથી ખરેખર તો હુઝૂર ﷺના નક઼શે ક઼દમ પર રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત સાથે ચાલે તે જ સાચો "પીરે તરીક઼ત" ગણાશે, જેમ કે ઉપર કુર્આનનું ફર્માન દર્શાવ્યું છે. અને રસૂલુલ્લાહ ﷺની કે સહાબા કે તાબઈનની તથા આગલા મુજદ્દિદો વલીઓની જિંદગીમાં આવું સુન્નતે રસૂલ વિરુદ્ધ વર્તનવાળુ કોઈ એક દૃષ્ટાંત પણ દુનિયા રજૂ નથી કરી શકતી. તો પછી આ વર્તમાનકાળની આવી કહેવાતી હસ્તીઓ ઈસ્લામી માર્ગે દોડી રહી છે કે ગૈર ઈસ્લામી ? ખૂદ ફૈંસલો કરી લેશો.

## ★ સુન્નત પર ચાલો અને જન્નતમાં હુઝૂરનો સાથ પામો ! ★

એક આશિક઼ે મુસ્તફાને શું જોઈએ જો જન્નતમાં અલ્લાહના મહબૂબ ﷺનો સાથ મળી જાય ! પણ એ કઈ રીતે મળી શકે ? ખૂદ નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

"જેણે મારી સુન્નતને જીવંત કરી તો જાણે એણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે મારી સાથે જન્નતમાં રહેશે." *(જામેઅ તિર્મિઝી, ૫/૪૬)*

સ્વભાવિક જ છે કે જેને હુઝૂર ﷺથી મહોબ્બત હશે તે જરૂર આપના તરીક઼ાને પણ ચાહશે અને તેના પર અમલ કરશે. **આશિક઼ને પોતાના મહબૂબની દરેક અદાથી પ્યાર હોય** છે જે તેને મહબૂબની અદા પર અમલ કરવા મજબૂર કરશે. જેમ કે સહાબાએ કિરામ તથા અન્ય બુઝુર્ગોનાં દૃષ્ટાંતો આગળ જતાં આપને જાણવા મળશે. અહીં નબી કરીમ ﷺ ખૂદ ફર્માવે છે કે મારી સુન્નતથી મહોબ્બત કરનાર મને મહોબ્બત કરનાર છે અને જે મને ચાહશે તે જન્નતમાં મારી સાથે હશે. (સુબ્હાનલ્લાહ !)

## ★ તબાહીથી બચવું છે તો સુન્નતોને અપનાવો ★

હઝરત અબૂ ઉમરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે મારી સુન્નત અપનાવવામાં સ્ફૂર્તિ દાખવે તેણે હિદાયત મેળવી અને જે તેના (સુન્નત) સિવાય અન્ય બાજુ સ્ફૂર્તિ દાખવે (સુન્નત વિરુધ્ધ વર્તે) તે હલાક થયો." *(મુસ્નદુલ હારિષ, ૧/૩૪૨)*

આજે જગતભરમાં મુસ્લિમોની જાનમાલની તબાહી તથા બર્બાદીના સમાચારો રોજ વર્તમાનપત્રોમાં, ઈલેક્ટ્રોનિક મિડીયામાં પ્રદર્શિત થતા રહે છે, તો કોઈ માને ન માને એનો સબબ યક઼ીનન ! નબી કરીમ ﷺની સુન્નતોથી ઉલ્ટુ ચાલવાનું પરિણામ છે. આજે ઠેર ઠેર સર્વત્ર મુસ્લિમ સમાજ સુન્નતોથી માઈલો દૂર બલ્કે ઉલ્ટાનાં હરામ કામોમાં સપડાયેલો જોવા મળે છે ! તો ફર્માને નબવી પ્રમાણે તબાહી આવવાની જ છે. જેથી તબાહીથી બચવાનો ઈલાજ એ જ છે કે રસૂલે પાક ﷺની સુન્નતોને અપનાવી લેવામાં આવે.

## ★ સુન્નત પર ચાલો ને પામો સો શહીદોનો સવાબ ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં વિખવાદ ફેલાય ગયા બાદ જે મારી **સુન્નત પર મજબૂતીથી અમલ** કરતો રહેશે તેના માટે **સો શહીદોનો સવાબ** છે." *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૬૨)*

આજે તે સમય છે કે લોકો સુન્નતોથી દૂર ભાગી રહ્યા છે, ચહેરા પર દાઢી સજાવવાની સુન્નત હોય કે

ખાવા પીવા, સૂવા બેસવા, ચાલવાની કે વાતચીતની, સલામની સુન્નત, નજરો નીચી રાખવાની સુન્નત....વગેરે પર અમલ નહિવત જોવા મળે છે. આવા સમયે જો આપણે સરકારે દો આલમ ﷺની સુન્નત પર મજબૂતીથી અમલ કરીએ તો રબ્બે કરીમ સો શહીદોનો સવાબ અતા કરે છે.

આજે મહિનાભરના ઘરખર્ચનો હિસાબ રાખવો મુશ્કેલ પડે છે તો જીવનની પળેપળની દરેક બાબતોનો, દરેક કામનો, હલાલ–હરામનાં કામોનો હિસાબ ક્યાંથી આપી શકાશે ? જેથી એવું મૌત માગીએ કે વિના હિસાબે જ જન્નત મળે ! અને શહીદ તે છે કે જે રાહે ખુદામાં જાન કુર્બાન કરી આપે, અને તેનો મર્તબો એ છે કે શહીદ થતાં જ (કર્ઝ સિવાય સર્વ માફ) વિના હિસાબ કિતાબે જન્નતની સૈર કરવા લાગે છે ! વળી સુન્નતો પર અમલ કરનારને સો શહીદોનો સવાબ મળે છે. ખરેખર હિસાબ કિતાબનો મામલો ઘણો જ ગંભીર હશે જેથી શહીદના મર્તબાની આપણે તમન્ના કરવી જોઈએ અને સુન્નતો પર અમલની કોશિશ કરતા રહેવું જોઈએ.

### ★ સુન્નત જીવંત કરનારને સર્વ અમલકર્તાઓનો પણ સવાબ ! ★

હઝરત બિલાલ બિન હારિષ મુઝની رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જેણે મારી લુપ્ત થયેલી સુન્નત જીવંત કરી તેના માટે તેના પર અમલ કરનારાઓનો પણ સવાબ થશે અને અમલ કરનારાઓના સવાબમાં કાંઈ કમી થશે નહીં. અને જેણે કોઈ બુરો તરીક઼ો શરૂ કર્યો જેનાથી અલ્લાહ તથા તેના રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) રાજી નથી થતા તો અમલ કરનારાઓનો પણ ગુનોહ એના પર થશે અને અમલ કરનારાઓના ગુનાહમાં કાંઈ કમી થશે નહીં." *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૫૯)*

જેમ કે શાદીનો પ્રસંગ છે તો તેને સાદગીથી સુન્નત તરીક઼ા મુજબ કરી લે, અલ્લાહ વ રસૂલના ઝિક્રની મહેફિલ રાખે, નઅતે પાકની મહેફિલ સજાવે તો તેનો સવાબ તે શાદી રચનારને મળશે જ પણ આ નેક કામમાં હાજર રહેનારાઓનો સવાબ પણ તેના ખાતે જશે અને આ નેક કામોમાં શરીક થનારના પોતાના સવાબમાં કાંઈ કમી થશે નહીં. એથી ઉલ્ટુ રસૂલે પાક ﷺના તરીકાને છોડીને **શયતાનનો તરીક઼ો** અપનાવે, જેમ કે **ફટાકડા ફોડે, મ્યૂઝિક પાર્ટી, ડાન્સ પાર્ટી, બેન્ડ, ડી.જે.....વગેરેની ધમાલ ખડી કરે** તો આ સર્વનો ગુનોહ તેવું કરનારના માથે તો છે જ પણ આ ગુનાહનાં કામોમાં સેંકડો હજારો લોકો જે હાજર થશે તે **સૌનો ગુનોહ પણ તેના આયોજકને માથે જ જશે** અને હાજર થયેલાનો ગુનોહ પણ દરેકના માથે રહેશે. એક સ્થળે દુલ્હાનુ સરઘસ જતુ હતું જેમાં ડી.જે. થકી ફિલ્મી ગીતોની ધૂન પર સ્ત્રીઓ નાચી રહી હતી ! અને સાથે કેટલાક દાઢીવાળા ઉભા ઉભા તમાશો જોતા હતા. મારુ બાઈક નજીક પડેલું તે લેવા માટે મારે ત્યાં જવું પડ્યું તો આ જોઈને મારી સબ્ર ઉઠી ગઈ અને મેં તે દાઢીવાળાઓને કહ્યું કે તમારે ત્યાં બધા "દય્યૂષ" વસે છે કે આ તમારી સ્ત્રીઓ તમારી સામે જાહેરમાં નાચે છે તેને રોકતા નથી ! ન રોકી શક્તા હોય તો આવા સરઘસમાંથી તમારે હટી જવું જોઈએ ! છતાં કોઈ જવાબ ન મળ્યો અને સૌ પૂતળા જેવા ઉભા થઈ રહ્યા.

સારાંશ કે અલ્લાહે બુદ્ધિ આપી છે તો અલ્લાહના અઝાબથી ડરવું જોઈએ અને સુન્નતોને રિવાજ આપી સવાબના હક્ક઼દાર થવું જોઈએ.

### ★ હુઝૂર ﷺનું આજ્ઞાપાલન તે આનુ નામ ! ★

એકવાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના એક ગુલામે ખાવાની કોઈ ચીજ લાવીને આપને આપી. આપે તેને ખાય લીધી. પણ ખાધા પછી આપના દિમાગમાં ખયાલ આવ્યો કે હું એને પૂછું કે તું આ ચીજ

ક્યાંથી લાવ્યો હતો ? આપે ગુલામને પૂછયું તો તેણે કહ્યું, મેં જાહિલિયતના જમાનામાં એક શખ્સનો ફાલ ખોલ્યો હતો પણ હું ફાલ ખોલવાનું જાણતો ન હતો. અને આજે તેની સાથે મુલાકાત થઈ તો તેણે એના બદલામાં મને આ ચીજ આપી દીધી. તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પોતાના મોઢામાં આંગળી નાખીને જે કાંઈ ખાધુ હતું તે સર્વ ઉલ્ટી કરી કાઢી નાખ્યું ! અને ફર્માવ્યું કે જે હરામથી હુઝૂર ﷺએ મના ફર્માવ્યું તે અબૂબક્રના પેટમાં નથી જઈ શકતું, કારણ કે હુઝૂરનું અનુસરણ મારા માટે અગ્રસ્થાને છે.'' *(સિલસિલતુદ્દારુલ આખેરત, ૪/૩૨)*

આ અંબિયા બાદ **સર્વ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ ઈન્સાનનો અમલ** છે અને તેમણે આ અમલ **સૃષ્ટિના સર્વ ઈન્સાનોમાં સૌથી શ્રેષ્ઠ ઈન્સાન**ના અનુસરણમાં કર્યો છે. **આપણા માટે આ શ્રેષ્ઠ વ્યક્તિઓના અમલના અનુસરણ સિવાય દુનિયાની બીજી કઈ વ્યક્તિઓના તરીક઼ા તથા અદાઓ અપનાવવામાં ભલાઈ હોઈ શકે ?! એમને છોડીને એમના તરીક઼ા વિરુદ્ધ ચાલનારા કાફિર ફાસિક઼ હિરો હિરોઈનો કે રમતવીરોના તરીક઼ા અપનાવીને આપણે આપણી તબાહી સિવાય કાંઈ જ પામી શકવાના નથી.**

એ જ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ઈન્તેકાલનો સમય નજીક છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہાને પૂછે છે કે ''રસૂલુલ્લાહ ﷺના કફન મુબારકમાં કેટલાં કપડાં હતાં અને આપની વફાત કયા દિવસે થઈ ?'' *(સહીહ બુખારી, ૨/૧૦૨)*

આ પ્રશ્નનું કારણ એ હતું કે આપની તીવ્ર ઈચ્છા હતી કે જિંદગીની પળે પળમાં તો મેં મારા સર્વ કામોમાં નબી કરીમ ﷺની મુબારક સુન્નતોની સંપૂર્ણપણે પયરવી કરી પણ મરતી વખતે અને મૃત્યુ બાદ પણ આપની સુન્નતો પર અમલ નસીબ થઈ જાય.

### ★ હઝરત ઉમર અને સુન્નતોથી મહોબ્બતનો આલમ ! ★

આજે તો પોતાને મોટા લક઼બોથી નવાઝવામાં આવે અને જોરદાર નારાઓ સાથે એમનું સ્વાગત થાય અને લોકોમાં મોટા કહેવાય એવી તમન્નામાં જીવનારા ઘણા જોવા મળશે, પણ રસૂલેપાક ﷺની સુન્નતોથી લગાવ ત્યાં જોવા નહીં મળે. સાચા આશિક઼ે રસૂલ તથા સાચે જ ઉચ્ચ દરજ્જાવાળા બનવું છે તો સહાબાની જિંદગીઓને અનુસરો.

એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ ઊંટને પકડીને તેને આ ગલીથી પેલી ગલી, પેલી ગલીથી આ ગલી ઘુમાવી રહ્યા હતા. લોકોએ પૂછયું, શું કારણ છે કે આપ ઊંટને ઘુમાવી રહ્યા છો ?! ફર્માવ્યું, ''ખબર નહીં ! પણ એટલું યાદ છે કે **હુઝૂર ﷺએ એકવાર આવું કર્યું હતું તો હું એ સુન્નતને અદા કરી રહ્યો છું કે ક્યાંક એવું ન થાય કે મારાથી કોઈ સુન્નત છૂટી જાય !''** આને કહે છે આશિક઼ે રસૂલ !

હઝરત ઉમર رضی اللہ عنہએ રોમ તથા ઈરાનની બાદશાહત મળવા છતાં પણ ફક઼ો ફાક઼ાની જિંદગીનો સાથ ન છોડયો. તો (આપનાં પુત્રી અને હુઝૂર ﷺનાં બીવી) ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہાએ આપને વિનંતિ કરી કે, જો તમો સારો ખોરાક ખાવ તો યક઼ીનન ! તે આપના માટે શક્તિદાયક રહેશે. આપે ફર્માવ્યું, રસૂલેપાક ﷺની તંગીની હાલત ભૂલી ગઈ ! ખુદાની ક઼સમ ! હું મારા આક઼ાના નક઼્શે ક઼દમ પર જ ચાલીશ કે જેમણે જવની રોટી જીવનમાં પેટ ભરીને નથી ખાધી. પછી હુઝૂર ﷺની તકલીફોનો ઝિક્ર કરતા રહ્યા, કરતા રહ્યા... ત્યાં સુધી કે ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہાની

રડતાં રડતાં હિચકી બંધાઈ ગઈ !

ખરેખર આ વાંચીને આપણને રડવું આવી જાય છે ! આજે કોણ છે આવો સુન્નતોનો ચાહક ?! કે હુઝૂર ﷺની ભૂખ્યા રહેવાની તથા સાદા ભોજન ખાવાની સુન્નત પર અમલ કરે !

હજી સાંભળો ! હઝરત ઉમર رضی اللہ عنہ એકવાર યઝીદ બિન અબૂ સુફયાન رضی اللہ عنہની સાથે જમવામાં શરીક થયા. મામૂલી ખાણાઓ પછી દસ્તરખાન પર જ્યારે ઉમદા ભોજનો લાવવામાં આવ્યાં તો હઝરત ઉમરે હાથ ખેંચી લીધો અને કહ્યું, કસમ છે એ જાતની જેના કબજામાં ઉમરની જાન છે ! **જો તમે રસૂલુલ્લાહ ﷺની રહણી કરણી (રવિશ)થી હટી જશો તો ખુદા તમને સીધી રાહથી વિખૂટા કરી દેશે.** *(મહઝુસ્સવાબ ફી ફઝાઈલે અમીરુલ મુ'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ, ૨/૬૭૯ બહવાલા બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ)*

ક્યાં છે આવા બુઝુર્ગો ?! આજે તો ઉમદા ભોજનો ન મૂકો તો હઝરત નહીં તો ચેલાઓ થકી પણ સાંભળવા મળશે કે હઝરતની ઈજ્જત ન કરી ! (ઈલ્લા માશા અલ્લાહ !) જ્યારે કહેવાતા ખાસ લોકોનો આ હાલ છે તો અવામની સુન્નતની પાબંદીની તો વાત જ શું કરવી ?!

## ★ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અને શેકેલી બકરી ! ★

એકવાર હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એક એવી જમાઅત પાસેથી પસાર થયા જેમની સમક્ષ શકેલી બકરી રાખેલી હતી. લોકોએ આપને ખાવા માટે બોલાવ્યા તો આપે એવું કહીને ખાવાથી ઈન્કાર કરી આપ્યો કે **હુઝૂર નબી કરીમ ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા અને કદાપિ જવની રોટી પેટ ભરીને નથી ખાધી! તો હું ભલા આ સ્વાદિષ્ટ તથા ઉમદા ભોજન ખાવાનું કેવી રીતે માન્ય કરી શકું ?!**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! અમે એવું નથી કહેતા કે આવું ભોજન ખાવું જાઈઝ નથી, ખાય શકાય છે, પણ એ સહાબાનો સુન્નત પર અમલનો જઝબો હતો કે સુન્નતની પયરવીમાં ઉમદા ભોજનોને હાથ લગાડતા ન હતા ! જ્યારે ખાવા બાબતે આટલી તાકીદ સુન્નતો પર અમલની હતી તો તેમનું જીવન સુન્નતોથી કેવું હર્યુંભર્યું હશે ! અને એટલે જ તેઓ દુનિયાભરમાં કામયાબ થતા ગયા હતા અને દુનિયાની ઈજ્જત તથા સલ્તનતો તેમના પગોમાં આવીને પડતી હતી. સાંભળો ! એના સંબંધે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નું ફર્માન :–

## ★ કામયાબીનો નુસ્ખો : સુન્નતો પર મજબૂતીથી અમલ ! ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જ્યારે ખલીફા બન્યા અને કૈસ બિન સઅદ رضی اللہ عنہને મિસ્રના ગવર્નર બનાવીને મોકલ્યા તો તેમને તાકીદ ફર્માવી કે મારો આ પયગામ મિસ્રવાસીઓના મજમામાં વાંચી સંભળાવશો કે, હુઝૂર ﷺની સુન્નત પર હમેશાં અમલ કરજો અને **જ્યાં સુધી તમે કિતાબ તથા સુન્નતને મજબૂતીથી થામી રાખશો ત્યાં સુધી અલ્લાહ તમારો મદદગાર રહેશે અને જેવું સુન્નતોથી તમોએ મોઢું ફેરવ્યું તો બેઈજ્જતીની ઘાટીઓમાં ગબડી પડશો."** *(અસ્માઉલ મતાલિબ, ૨/૬૭૯)*

## ★ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہની સુન્નતોથી મહોબ્બત ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે મદીનાથી મક્કા શરીફ જતા તો રસ્તામાં એક ઝાડની નીચે થોડીવાર રોકાયને કયલૂલા (બપોરે જમ્યા બાદ આરામ) કરતા. એકવાર સાથીઓએ પૂછયું કે શું કારણ છે કે આપ અહીં જ રોકાવ છો ? આપે ફર્માવ્યું, **મૈં નબી કરીમ ﷺને અહીં આરામ કરતાં**

**જોયા હતા એટલા માટે હું હુઝૂર ﷺની આ સુન્નત પર અમલ કરવા અહીં કૈલૂલા કરું છું.** *(મુસ્નદે બઝ્ઝાર, ૧૨/૨૧૩)*

એ જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماની સાથે હઝરત મુજાહિદ ક્યાંક સફરમાં જઈ રહ્યા હતા. જ્યારે તેઓ એક સ્થળે પહોંચ્યા તો ત્યાંથી થોડાક હટી ગયા. તેમને પૂછવામાં આવ્યું કે આપે આવું શાથી કર્યું ?! તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને એકવાર આવું જ કરતાં જોયા હતા જેથી મેં આપની સુન્નત અદા કરવા માટે આવું કર્યું છે." *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૪૩)*

આ તો સુન્નતોથી મહોબ્બતના સહાબાએ કિરામના અમુક અમુક જ દષ્ટાંતો છે, સાથોસાથ અવલિયાએ કિરામને રસૂલુલ્લાહ ﷺની સુન્નતોથી કેવી મહોબ્બત હતી તેને પણ જોતા ચાલો.

## ★ હઝરત અબૂ યઝીદ બુસ્તામી અને સુન્નતે રસૂલ ★

હઝરત અબૂ યઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં ઈરાદો કર્યો કે અલ્લાહથી ખાવા પ્રતિ આકર્ષણ અને સ્ત્રીની ખ્વાહિશ ખત્મ કરવાનો સવાલ કરું. પણ એ વિચારીને ખામોશ રહ્યો કે **જ્યારે રસૂલુલ્લાહ ﷺએ એવું નથી કર્યું તો હું શા માટે સુન્નતની વિરુદ્ધ કરું ?!** પરંતુ અલ્લાહે મારા દિલની વાત પૂરી કરી આપી અને એવી હાલત છે કે સ્ત્રી સામે આવે તો એટલી પણ પરવા પણ નથી કે આ દિવાલ છે કે સ્ત્રી ?! *(આદાબે સુન્નત, પેજ : ૪૧, ૪૨)*

આજે તો લિજ્જતો પામવા અને નફસની ખ્વાહિશો સંતોષવા માટે સુન્નતો વિરુદ્ધ વર્તવામાં આવે છે બલ્કે હરામમાં લોકો પડે છે ! જ્યારે અલ્લાહવાળાઓની વાત નિરાળી હોય છે કે ઈબાદતમાં એકાગ્રતા મેળવવા નફ્સની ખ્વાહિશોને ત્યાં સુધી કે ખાણાને તથા પત્નીને પણ ત્યજવાનો ખયાલ કરવા લાગે છે !

## ★ સકરાંતની હાલતમાં પણ સુન્નતનો ખયાલ ! ★

હઝરત અબૂ તૈયબ અહમદ બિન મકાતિલ અકી બગદાદી رحمۃ اللہ علیہ કહે છે કે હઝરત અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہના વિસાલના દિવસે હું જાફર ખુલ્દીની પાસે બેઠો હતો એવામાં હઝરત અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہના એક ખાદિમ ત્યાં આવ્યા કે જે તેમની વફાત વેળા તેમની પાસે હાજર હતા. તેમને જાફર ખુલ્દી رحمۃ اللہ علیہએ પૂછયું કે તમે શિબ્લીના મૃત્યુ સમયે શું જોયું ?! તેમણે કહ્યું, જ્યારે તેમની જીભ બંધ થઈ ગઈ અને માથા પર પરસેવો વળી ગયો તો ઈશારા વડે મને વુઝૂ કરાવવા કહ્યું. મેં વુઝૂ કરાવી આપ્યું પણ દાઢીમાં ખિલાલ કરવાનું ભૂલી ગયો, તો તેમણે મારો હાથ પકડીને મારી આંગળીઓ પોતાની દાઢીમાં દાખલ કરીને ખિલાલ કર્યો. આ સાંભળીને હઝરત જઅફર રડી પડયા અને કહેવા લાગ્યા, એવા શખ્સનું શું કહેવું ?! જેણે સકરાંતના આલમમાં ઝબાન બંધ તથા પેશાની પર પરસેવો હોવાના સમયે પણ વુઝૂમાં ખિલાલ સુદ્ધાં ન છોડયું !

આજે તો સહેજ ઢીલા પડયા ત્યારથી જ લોકો નમાઝો જ છોડવા માંડે છે ! વુઝૂની તો વાત જ શું કરવી અને સુન્નતોની વાત જ શું કરવી ! પણ બંને જહાનમાં કામયાબી ચાહતા હોઈએ તો આપણે આ બુઝુર્ગોનો તરીકો અપનાવવો જ પડશે.

## ★ ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ અને કિતાબ તથા સુન્નત વિશે તાકીદ ★

ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના ચાહક હોવાનો દાવો કરીને આપણે **"ગૌષે આ'ઝમ કા દામન નહીં છોડેંગે ! ખ્વાજા કા દામન ! નહીં છોડેંગે !"** નારા તો જોશભેર લગાડીએ છીએ, **તો આવો !**

**આ રહ્યો ગૌષો ખ્વાજાનો દામન પકડી લો તો આપણો બેડો પાર છે !** ગૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે શખ્સ નબી કરીમ صلی اللہ علیہ وسلمની પયરવી નથી કરતો, એક હાથમાં આપની શરીઅત અને બીજા હાથમાં કુર્આને પાક નથી થામતો તેની પહોંચ અલ્લાહ તઆલાની બારગાહ સુધી નથી થઈ શકતી, તે તબાહ તથા બર્બાદ થઈ જશે, ગુમરાહી તથા ઝલાલત તેનું મુકદ્દર હશે. આ બંનેવ (કુર્આન વ સુન્નત) બારગાહે ઈલાહી સુધી તારા માર્ગદર્શકો છે, કુર્આને પાક બારગાહે ખુદાવંદી સુધી અને હદીષે પાક બારગાહે મુસ્તફા સુધી પહોંચાડશે. **જે શખ્સ સુન્નતના આદાબ નથી અપનાવતો તેને ક્યામતના દિવસે આગ અદબ શીખવાડશે."** *(અહલે સુન્નત કી આવાઝ–૨૦૦૭, પેજ : ૩૧૩, મારહરા શરીફ)*

### ★ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની સાદગી અને સુન્નતની પાબંદી ! ★

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہના લિબાસના સંબંધે મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા બદાયૂની رحمۃ اللہ علیہ નકલ કરે છે કે, "અમારા ખ્વાજએ બુઝુર્ગ ઉમદા ચાદર ઓઢયા કરતા હતા. જો તે ફાટી જતી તો જે પ્રકારનું પણ જૂનુ પાક કપડુ મળી જતુ તેનું થીંગડુ લગાડી લેતા." ફવાઈદુલ ફવાદમાં લખ્યું છે કે મેં ચાદર જોયી છે. પણ તે ચાદર હઝરત શયખ નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہને હાંસલ થઈ. *(અહલે સુન્નત કી આવાઝ–૨૦૦૭, પેજ : ૧૨૫)*

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના આ અમલમાં તો સાદગી અને સુન્નતની પયરવીની ભરપુર ઝલક જોવા મળે છે, પણ આજે ખ્વાજાના દીવાના હોવાના દાવેદારો ફેશનમાં અને ફાસિક ફાજિર કાફિર હિરોની અદા અપનાવવામાં **નવા જિન્સનાં પેન્ટોને ફાટેલી હાલતમાં તથા થીંગડાંવાળી ફેશનવાળાં પહેરે છે !** નબી કરીમ صلی اللہ علیہ وسلمની સુન્નત નહીં, વલીઓની અદામાં નહીં પણ હિરોની અદા અપનાવવામાં ફેશનમાં ફાટેલાં તથા થીંગડાંવાળા પેન્ટો પહેરવામાં આવે છે. એટલે **મુફલિસ જેવો દેખાવ કરવાની ફેશન અપનાવે છે !** તેમણે ખુદાના ગઝબથી ડરવું જોઈએ કે **ક્યાંક ખુદા તેમને સાચે જ મુફલિસ તથા ફકીર ન બનાવી દે !** અને હિરોની સ્ટાઈલોવાળા નહીં પણ સુન્નતે રસૂલ મુજબના પોશાક પહેરવા જોઈએ.

એ જ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો પ્રસંગ છે કે એકવાર મગરિબની નમાઝ માટે વુઝૂ કરી રહ્યા હતા એમાં આકસ્મિક રીતે આંગળીઓનો ખિલાલ કરવાનું ભૂલી ગયા. ગયબી અવાજ આવ્યો, હે ખ્વાજા ! તું રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمની દોસ્તીનો દાવો કરે છે છતાં એમની સુન્નતને ત્યજી રહ્યો છે ?! ત્યારબાદ હઝરત ખ્વાજાએ કસમ ખાધી કે અત્યારથી લઈને મરતા દમ સુધી કોઈ સુન્નત ત્યજીશ નહીં. *(અહલે સુન્નત કી આવાઝ–૨૦૦૮)* અને આ બિના પર કેટલીયે વાર ખ્વાજા સાહબની આંખોમાં આંસૂ આવી જતાં અને કહેતા કે હું કયામતમાં આ સુન્નત છૂટવા પર નબી કરીમ صلی اللہ علیہ وسلمને શું મોઢું બતાવીશ !

**ક્યાં છે ગૌષો ખ્વાજાની આશિકીનો દમ ભરનારાઓ !** ખ્વાજા સાહબના દરબારમાં જવા તો નીકળે છે પણ સુન્નત તો શું ફર્ઝ નમાઝો સફરભર જાણે માફ હોય તેમ છોડી આપે છે ! અને દરગાહમાં હાજરી પહેલાં દાઢી સફાચટ કરી આપે છે અને કહે છે કે દાઢી બનાવવા ગયો હતો ! એવું નથી કહેતા કે દાઢી બગાડવા ગયો હતો ! ખ્વાજા સાહબ તો સામાન્ય સુન્નત ભૂલથી છૂટતાં રડી રડીને તૌબા કરતા રહે અને તેમના કહેવાતા આશિકોના આ હાલ છે !

### ★ આ'લા હઝરત અને સુન્નતે રસૂલની કાળજી ★

આ'લા હઝરત, અઝીમુલ બરકત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી

رحمۃ اللہ علیہ જીવનભર સુન્નતોના પાબંદ રહ્યા. જેથી જ તો કહેનારે કહ્યું કે :–

*ઉન્કી હર હર અદા સુન્નતે મુસ્તફા–સૈયદી આ'લા હઝરત પે લાખોં સલામ*

આપ મસ્જિદમાં દાખલ થતા તો કદી પણ ડાબો પગ આગળ નથી કર્યો બલ્કે હમેશાં જમણો પગ પ્રથમ પ્રવેશતો. એટલું જ નહીં ક્યારેક સંજોગોવસાત સમય તંગ થતો અને ઉતાવળ હોય છતાં લોકોએ નોંધ્યું કે આ'લા હઝરતનો જમણો કદમ જ મસ્જિદમાં દાખલ થતો ત્યાં સુધી કે દરેક સફ પર બિસ્મિલ્લાહ સાથે પ્રથમ જમણો પગ રાખતા તે ઠેઠ ઈમામતના મુસલ્લમા પર પણ જમણો પગ જ પ્રથમ પડતો. (સુબ્હાનલ્લાહ !) *(હયાતે આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝા رحمۃ اللہ علیہ અને સુન્નતની પાબંદી ★

આપનુ જીવન મુબારક પણ સુન્નતોથી સજેલું હતું. દરેક બાબતમાં આપ સુન્નત તથા શરીઅતના ચુસ્ત પાબંદ હતા. આપને ખબર થતી કે આજે ફલાણો બીમાર છે તો તેની અયાદત (ખબર પૂછવા) ચાલ્યા જતા. તેમજ આપની બારગાહમાં તાવીઝો માટે સ્ત્રીઓ પણ આવતી પણ ખબરદાર ! કોઈની મિજાલ ન હતી કે બેપર્દા ચાલી આવે બલ્કે ભૂલથી કોઈનો હાથ પણ ખુલી જતો તો તેની ખૈર ન રહેતી ! જરા પણ ગફલત વર્તી કે ફિટકાર પડતી, **''લાઈલાહ ઈલ્લલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! અરે તારો હાથ ઢાંક ! બેગૈરત ! મને બુઢ્ઢાને પોતાનો નગ્ન હાથ બતાવવા આવી !''** અને આખી મજલિસમાં સ્તબ્ધતા છવાઈ જતી અને દરેક પોતાનાં કપડાં ઠીક કરી લેતું.

એક સમયની વાત છે. બે અપ્ટુડેટ મોર્ડન બેપર્દા સ્ત્રીઓ હિંદુઓ જેમ સાળી પહેરીને ક્યાંક દૂરથી તાવીઝ લેવા માટે આવી. આપે તાવીઝ લખતાં લખતાં જેવી નજર ઉઠાવી તો તેમના પર નજર પડી. તરત જ મોઢું ફેરવી લીધું અને માથુ નીચે નમાવી લગભગ ૧૫ મિનિટ સુધી તેમને ધમકાવતા રહ્યા. અંદાઝ કાંઈક નરમ અને બેહદ અફસોસભર્યો હતો જાણે કે દિલને ઠેસ પહોંચી હોય. ફર્માવ્યું, ''ન અલ્લાહ વ રસૂલનો ખૌફ ન આપણા માહોલ કે રીતભાતની પરવા, ન અંજામનો ખયાલ, આટલા દૂરથી એકલી સ્ત્રીઓ ચાલી આવી, સાથે કોઈ મેહરમ નહીં ! તેના પર જુલ્મ એ કે બેપર્દા ! વધુમાં સિતમ એ કે લિબાસ પણ મુસલમાનોનો નહીં ! ટ્રેનોમાં બસોમાં અકસ્માતો થતા રહે છે ને કાંઈ થઈ જાય તો કેવી રીતે ખબર પડે કે મુસલમાન છે ?! અકસ્માતે મરી જાય તો કેવી રીતે ખબર પડે કે મુસલમાન છે ? ન માટી ન જનાઝો આમ જ પછી સળગાવી દેવામાં આવે ! આ બધી વબાલ અલ્લાહ વ રસૂલના વિરુદ્ધ વર્તનના લીધે છે.'' *(મુફતીએ આ'ઝમ વિશેષાંક, અલ મુઈન–થામ, જાન્યુ. ૧૯૯૦)*

આજે મોટાભાગે તાવીઝો આપનારાઓએ તાવીઝોને રોજી રોટીનો બેસ્ટ ધંધો જ બનાવી કાઢયો છે અને **બેપર્દા સ્ત્રીઓ જ તેમનાં ખાસ ગ્રાહકો છે !** સદાય બેપર્દા સ્ત્રીઓનાં ટોળાં વચ્ચે એવા લોકો ઘેરાયેલા રહે છે. અસ્તગફિરુલ્લાહ ! વળી સ્ત્રીઓના માથા પર, ખભ્ભા પર, બરડા પર વગેરેએ હાથો પણ ફેરવવામાં આવે છે ! ન કોઈ રોકનાર છે ન કોઈ ટોકનાર છે ! છતાં આવા લોકો સૂફી બાવા તથા હસ્તીઓ કહેવાય છે ?!

આગલા બુઝુર્ગો જેમ કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ કે તેમની ભૂલથી સ્ત્રી પર નજર પડતી તો નિગાહો નીચી કરી દેતા અને તેવી બેપર્દા સ્ત્રીઓને ધમકાવીને, પછી પ્રેમથી પર્દાની નસીહત કરતા. જ્યારે આજે સામેથી મોઢું ખોલી નાખવાનું કહીને પોતાની સામે કલાકો સુધી બેસાડવામાં આવે છે ! હસી ખુશીથી મેહરમ હોય તેમ વાતો થતી રહે છે. અસ્તગફિરુલ્લાહ !

## ★ બુઝુર્ગોની શરીઅત તથા સુન્નત પર પાબંદી અને આપણે ! ★

આપણા નબી ﷺના સહાબા તેમજ પૂર્વજ બુઝુર્ગો ખૂબ જ શરમવાળા બાગયરત હતા અને કેમ ન હોય કે નબી કરીમ ﷺ સૌથી વિશેષ શરમ કરનારા હતા અને **નીચી નિગાહો રાખવી એ આપની પ્યારી સુન્નત હતી** જેથી જ બુઝુર્ગોની જિંદગીમાં આ સુન્નતો વણાય ગયેલી હતી. જેમ કે ઉપર દષ્ટાંતો આપણે જોયાં. પણ આજે "શરમ કરવાની" સુન્નતે રસૂલ ﷺને તિલાંજલી આપી દેવામાં આવી છે. યુવતીઓ તથા પુરૂષો નજરો નીચી રાખવાને બદલે પોતે બેહયા બનીને એકબીજા પર દષ્ટિપાત તથા આમને સામને મુલાકાત તથા વાતચીત, ઠઠ્ઠા મશ્કરીને મહાનતા તથા બહાદુરી સમજે છે અને હદ તો એ કે **ફીટોફીટ "સ્લેક્સ" પહેરીને તે પણ ચામડી રંગનું તથા ફિટ બાંયો વિનાનું માંસલ હાથો દેખાડતુ ટી શર્ટ જેવું પહેરીને મુસલમાન સ્ત્રી આજે પુરૂષો વચ્ચે જાહેર માર્ગોમાં, પાદરોમાં, બજારોમાં, નાની મુન્ની જેમ ફરી રહી છે !** અરે ! પુરૂષને પણ ફિટ ઈજાર (થર્મોકોલ) પહેરીને બહાર નીકળવાની શરમ આવતી હોય છે જેથી તેના ઉપર લેંગો કે પેન્ટ વિના બહાર નથી નીકળતો, તો આ બહેનોની શરમ ક્યાં જતી રહી ?! અને તેમના પતિ, ભાઈ, બાપ....વગેરે તેમને કાંઈ જ નથી કહેતા ?! તો શું તેમને પોતાની પત્ની, બહેન કે પુત્રી લોકો વચ્ચે નગ્ન ફરતી હોય તેવું નથી જણાતું ?! વળી શાદીઓમાં તો બ્યૂટી પાર્લરો ધમધમી ઉઠે છે ! કડવા શબ્દ બદલ માફી માંગુ છું પણ ત્યાં યુવતીઓને તદ્દન "મોડેલ" જેમ સજાવવામાં આવે છે. **આવા બ્યૂટી પાર્લરોની કમાણી કરનારા કે કરનારીઓ જાણી લે કે તેઓ હરામ ધંધો કરીને હરામની કમાણી મેળવી રહી છે. આજે "બ્યૂટી પાર્લર"ને એક રોજીનો ઝરીયો સમજવામાં આવે છે પણ ત્યાં શરીઅત વિરુદ્ધની આ યુવતીઓની સજાવટ કરી કમાવું એ હરામ રોજી મેળવવું છે તેની નોંધ લેશો** કેમ કે ત્યાં સ્ત્રીઓના વાળોની કટીંગ, ભવાંનું કટીંગ તથા અન્ય ગૈર શરઈ સજાવટો થાય છે કે જે ઈસ્લામમાં **તદ્દન હરામ** છે.

અમે કહીએ છીએ કે જો સ્ત્રી તથા પુરૂષો જો નબી કરીમ ﷺની આ એક સુન્નત કે "નીચી નજરે ચાલવું" અપનાવી લે તો દુનિયામાંથી સર્વ ગંદકીઓનો સફાયો થઈ જાય. તેમજ અન્ય સુન્નતો જેમ કે ખાવાની સુન્નતો, પીવાની સુન્નતો, સૂવાની, મજલિસની, વાતચીતની, કપડાં પહેરવાની, જોડા ચપ્પલ પહેરવાની, સલામની, આપણા તથા કોઈના ઘરમાં આવવા જવાની સુન્નત...સારાંશ જીવનની પળ પળની સુન્નત માટે રસૂલેપાક ﷺની જિંદગી નમૂનો છે, તેને આપણે કેટલી અપનાવીએ છીએ ? વિના બિસ્મિલ્લાહે ઊભા ઊભા ડાબે હાથે પાણી પીવાની ટેવ, ઉઘાડા માથે રહેવાની ટેવ, ઉઘાડા માથે હાથ ધોયા વિના ખાવા પીવાની ટેવ, ચપ્પલ જોડામાં કયો પગ નાખ્યો તેનાની અજાણ, કપડાં આડેધડ પહેરવાની ટેવ, બોલવામાં અસભ્યતા તથા ગાળોનું મિશ્રણ, ઊંધા પડીને સૂવાની ટેવ....વગેરે વગેરે અસંખ્ય સુન્નતોનો રજ ખયાલ કે એહસાસ પણ સામાન્યતઃ પુરૂષો કે સ્ત્રીઓમાં જોવાય મળતો નથી. **આપણે મુસલમાન તથા આશિકે રસૂલ કહેવાઈએ ! અને આપણુ આખુ જીવન ઈસ્લામના તરીક઼ાથી વિરુદ્ધ અને રસૂલે પાક ﷺની સુન્નતો વિરુદ્ધ વહી રહ્યું છે છતાં આપણે ક઼બ્રના, હશ્રના, મીઝાનના, પુલસિરાતના દરેક અઝાબોથી બચીને જાણે જન્નતના દરવાજે ઉભા હોય અને તેને ખુલતાં જ દાખલ થઈ જવાનું હોય તેમ નચિંત જીવી રહ્યા છીએ !** તો શું આ મૂર્ખામી તથા હાથે કરીને જહન્નમમાં જવાનો સામાન આપણે નથી કરી રહ્યા ? હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! હજી જિંદગી બાકી છે જેથી સમજો અને કુર્આન તથા સુન્નતના તાબે થઈ જાવ ! તેના પર અમલ કરીશું તો જ બંને જહાનની ભલાઈઓ તથા કામયાબીઓ આપણા ક઼દમ ચૂમશે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ ફાતિહાની તફસીર

**સૂરએ ફાતિહા મક્કામાં ઉતરેલી અને તેમાં ૭ આયતો છે**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમતવાળો છે.**

**બધી ખૂબીઓ અલ્લાહને જે બધીય દુન્યાવાળાઓનો માલિક[૧] ઘણો મહેરબાન રહમતવાળો[૨] બદલાના દિવસનો માલિક[૩] અમો તને જ પૂજીએ અને તારાથીજ મદદ માંગીએ[૪] અમને સીધા રસ્તે ચલાવ[૫] તેઓનો રસ્તો જેમના ઉપર તેં એહસાન કર્યું,[૬] નહિ કે તેઓનો જેમના ઉપર ગઝબ થયો અને ન ભટકેલાઓનો[૭]**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۝
اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ۝١ الرَّحۡمٰنِ
الرَّحِيۡمِ ۝٢ مٰلِكِ يَوۡمِ الدِّيۡنِ ۝٣
اِيَّاكَ نَعۡبُدُ وَاِيَّاكَ نَسۡتَعِيۡنُ ۝٤
اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۝٥ صِرَاطَ
الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۙ غَيۡرِ
الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ ۝٧

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો છે. અમો અલ્લાહની ખૂબી બયાન કરીએ છીએ અને તેના રસૂલેકરીમ ઉપર દુરૂદ પઢીએ છીએ.**

### સૂરએ ફાતિહાનાં નામ

આ સૂરહના અનેક નામો છે (૧) ફાતિહા (૨) ફાતિહુલ કિતાબ (૩) ઉમ્મુલ કુરઆન (૪) સૂરતુલ કન્ઝ (૫) કાફિયહ (૬) વાફિયહ (૭) શાફિયહ (૮) શિફા (૯) સબએ મસાની (૧૦) નૂર (૧૧) રૂકય્યહ (૧૨) સૂરતુલ હમ્દ (૧૩) સૂરતુદદુઆ (૧૪) તઅલીમુલ મસઅલહ (૧૫) સૂરતુલ મુનાજાત (૧૬) સૂરતુત્તફવીઝ (૧૭) સૂરતુસ્સવાલ (૧૮) ઉમ્મુલ કિતાબ (૧૯) ફાતિહતુલ કુરઆન (૨૦) સૂરતુસ્સલાત

આ સૂરહમાં ૭ આયતો ૨૭ શબ્દો ૧૪૦ હુરૂફ છે, કોઇ આયત નાસિખ (કોઇ આયત પર અમલ થતો અટકાવવા ઉતરેલી આયત) અથવા મન્સૂખ (જેના પર અમલ થતો અટકાવી દેવાયો હોય એવી આયત) નથી.

### શાને નુઝૂલ

આયત અથવા સૂરહ ઉતરવાના કારણને શાને નુઝૂલ કહે છે. આ સૂરહ મક્કામાં અથવા મદીનામાં અથવા બન્નેમાં ઉતરી, અમ્ર બિન શરહબીલનું કહેવું છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત ખદીજહ્ રદીયલ્લા હો અન્હાને ફરમાવ્યું, ''હું એક અવાજ સાંભળતો રહું છું, જેમાં ઇકરઅ (પઢ) કહેવામાં આવે છે. વરકા બિન નવફિલને ખબર આપવામાં આવી, તેમણે વિનંતી કરી કે જ્યારે એ અવાજ આવે ત્યારે શાંતિથી સાંભળો. ત્યાર પછી હઝરત જિબ્રઇલે

સેવામાં ઉપસ્થિત થઇ વિનંતી કરી, ''બોલો બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.'' આનાથી માલમ પડે છે કે ઉતરવાના ક્રમમાં આ પહેલી સૂરહ છે. પરંતુ બીજી રિવાયતોથી માલમ પડે છે કે પહેલાં સૂરહ 'ઇકરઅ' નાઝિલ થઇ, આ સૂરહમાં તાલીમ આપવા માટે બન્દાઓની ઝબાનમાં (અર્થાત બન્દો પોતાના તરફથી બોલતો હોય એ રીતે જો કે એ કલામ ખુદા પાકનું જછે) વાત કરવામાં આવી છે.

### હુકમો

**મસઅલો :** : નમાઝમાં આ સૂરતનું પઢવું વાજિબ છે, ઇમામ અને એકલો નમાઝ પઢતો હોય તો તેના માટે તો હકીકતન વાજિબ છે એટલે કે તેઓને શબ્દોનો ઉચ્ચાર પણ કરવો પડશે, અને મુક્તદી માટે હુકમી તોર પર વાજિબ છે એટલે કે ઇમામ મારફત, સહીહ હદીસમાં છે કે ઇમામનું પઢવું એજ મુક્તદીનું પઢવું છે. કુરઆને પાકમાં મુક્તદીને ચૂપ રહી ઇમામની કિરઅત સાંભળવાનો હુકમ કરવામાં આવ્યો છે. ''ઇઝા કુરિઅલ કુરઆનો ફસ્તમિઉ લહૂ વનસીતૂ'' મુસ્લિમ શરીફની હદીસમાં છે, જ્યારે ઇમામ કિરઅત પઢે ત્યારે તમે ચૂપ રહો અને બીજી ઘણી હદીસોમાં આ બયાન છે.

**મસઅલો :** : જનાઝાની નમાઝમાં દુઆ યાદ ન હોય તો દુઆની નિય્યતથી સૂરએ ફાતિહા પઢવી જાઇઝ છે, કિરઅતની નિય્યતથી જાઇઝ નથી.

### સૂરએ ફાતિહાની ફઝીલતો

હદીસોમાં આ સૂરતની ઘણી ફઝીલતો આવી છે, હુઝૂરે ફરમાવ્યું, તવરેત, ઇન્જિલ, ઝબૂરમાં આ સૂરત જેવી સૂરત ઉતરી નથી.' – તિરમિઝી.

એક ફરિશ્તાએ આસ્માનમાંથી ઉતરી હુઝૂરને સલામ કરી અને બે એવા નૂરોની ખૂશખબરી આપી જે હુઝૂર પહેલાં કોઇ નબીને મળ્યાં નથી, એક સૂરએ ફાતિહા બીજું સૂરએ બકરની છેલ્લી આયતો (મુસ્લિમ) સૂરએ ફાતિહા દરેક બીમારીની દવા છે. (દારમી) સૂરએ ફાતિહા ૧૦૦ વખત પઢી જે દુઆ માંગે ખુદા પાક તેને કબૂલ કરે છે. (દારમી)

**મસઅલો** : તિલાવત પહેલાં ઇસ્તિઆઝહ એટલે કે અઉઝુ બિલ્લાહિ મિનશ-શયતાન-નિર્રજીમ પઢવું સુન્નત છે. (ખાઝિન) પરંતુ જો શાગિર્દ ઉસ્તાદ પાસે પઢતો હોય તો તેના માટે સુન્નત નથી. (શામી)

**મસઅલો** : નમાઝમાં ઇમામ અને એકલા નમાઝ પઢનાર માટે ષના પઢયા પછી અઉઝુ બિલ્લાહ.... (પુરી) પઢવું સુન્નત છે. (શામી)

**મસઅલો** : તસ્મિયહ એટલે બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ કુરઆને પાકની આયત છે. પણ સૂરએ ફાતિહા અથવા બીજી કોઇ સૂરતનો ભાગ નથી, એટલા માટે જ નમાઝમાં જોરથી પઢવામાં ન આવે. બુખારી અને મુસ્લિમમાં રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત સિદ્દીક તથા ફારૂક રદીયલ્લાહો અન્હુમા અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીનથી નમાઝ શરૂ કરતા હતા.

**મસઅલો** : કુરઆને પાકની દરેક સૂરત 'સૂરએ બરાઅત' સિવાય બિસ્મિલ્લાહથી શરૂ કરવામાં આવે.

**મસઅલો :** સૂરએ નમ્લમાં સિજદાની આયત પછી જે બિસ્મીલ્લાહ આવેલી છે તે સ્વયં એક આયત નથી પરંતુ આયતનો ભાગ છે. મતભેદ વગર તે તે આયતની સાથે જરૂર પઢવામાં આવશે. જહરી એટલે કે જોરથી કિરઅત પઢાતી હોય એવી નમાઝમાં એ બિસ્મિલ્લાહ જોરથી અને સિર્રી એટલે કે આહિસ્તા કિરઅતવાળી નમાઝમાં આહિસ્તાથી પઢવામાં આવશે.

**મસઅલો** : દરેક જાઇઝ કામ બિસ્મિલ્લાહથી શરૂ કરવું મુસ્તહબ છે, નાજાઇઝ કામ પર બિસ્મિલ્લાહ પઢવાની મનાઇ છે.

**મસઅલો** : તરાવીહમાં જે કુરઆન શરીફ ખતમ કરવામાં આવે છે, તેમાં એકવાર પુરી બિસ્મિલ્લાહ જોરથી પઢવામાં આવે જેથી એક આયત બાકી ના રહી જાય.

### સુરએ ફાતિહામાં બયાન કરાએલી બાબતો

આ સૂરતમાં અલ્લાહ તઆલાની હમ્દોષના (તારીફખૂબી) ખુદા પાક સમસ્ત જગતનું પાલન પોષણ કરે છે તે બાબત, ખુદા પાકની રહમત, ખુદા પાક બધાયે

જહાનનો માલિક છે એ બાબત, અલ્લાહ તઆલા ઇબાદતનો હક ધરાવે છે એ બાબત, અલ્લાહ પાસે ભલાઇની તૌફીક માંગવા બાબત, બન્દાઓની હિદાયત અંગે અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા અંગે ફક્ત ખુદાની જ ઇબાદત કરવા બાબત, મદદ માંગવા બાબત નેકી અને હિદાયત માંગવા અંગે દુઆનો તરીકો અને આદાબ નેક લોકોની હાલત સાથે સંલગ્ન થવા બાબત, ભટકેલાઓ અને ગુમરાહોથી દૂર રહેવા બાબત, દુન્યાની ઝિન્દગીનો અંત, બદલો અને બદલાના દિવસ બાબતનું સ્પષ્ટ અને વિગતવાર બયાન છે. અને બીજી તમામ બાબતોનું બયાન ઇજમાલન એટલે કે સમાવિષ્ટ કરી લીધેલી બાબત તરીકે થયું છે.

**મસઅલો** :- દરેક કામની શરૂઆતમાં બિસ્મિલ્લાહની જેમ અલ્લાહની હમ્દ પણ કરવી જોઇએ.

**મસઅલો** :- કદીક હમ્દ વાજિબ હોય છે જેમકે જુમ્આના ખુત્બામાં, કદીક મુસ્તહબ જેમકે નિકાહના ખુત્બહમાં, દુઆમાં, દરેક સારા કામમાં અને ખાધાપીધા પછી, કદીક સુન્નતે મુઅક્કિદહ હોય છે જેમકે છીંક આવ્યા પછી. (તહતાવી)

''રબ્બિલ આલમીન''માં સમગ્ર 'કાએનાત' (બ્રહ્માંડ)ના ફના થવા તેમજ એનું અસ્તિત્વ સ્વયં ન હોવા તથા એના મોહતાજ હોવા તરફ અને 'અલ્લાહ' સ્વયં જેની શરૂઆતનો કોઇ છેડો નથી એવા કાળથી છે અને અનંત કાળ સુધી રહેનાર છે, તેમજ તે જીવંત કરનાર, કુદરતવાળો અને જાણકાર હોવા તરફ ઇશારો છે, આ બધી બાબતોને રબ્બિલ આલમીનના શબ્દે ઘેરી લીધી છે. બે શબ્દોમાં જ 'ઇલ્મે ઇલાહીયાત' અર્થાત ખુદાપાકને લગતા જ્ઞાનની મહત્વની ચર્ચાઓ પૂર્ણ થઇ ગઇ.

'માલિકિયવમિદ્દીન'માં માલિકીની સંપૂર્ણ જાહેરાતનું બયાન છે, અને એમાં દલીલ છે કે અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને લાયક નથી, કારણ કે દરેક વસ્તુ તેની માલીકીની છે. અને જે વસ્તુ પોતે બીજાની માલીકીની હોય તે ઇબાદત કરવા યોગ્ય નથી, અને એનાથી એ પણ માલૂમ પડયું કે દુન્યા દારૂલ અમલ અર્થાત અમલ કરવાની જગ્યા છે. અને એના માટે એક અંત છે, જગતની અવર જવર હંમેશાથી ચાલતી આવે છે અને અનંતકાળ સુધી ચાલ્યા જ કરશે એવું માનવું ખોટું છે, દુન્યાના અંત પછી એક બદલાનો દિવસ છે, એનાથી આવાગમન (અવતાર)ની માન્યતા રદ થઇ ગઇ.

'ઇય્યાક નઅબુદુ' પોતાની ઝાત અને ગુણોના બયાન પછી અલ્લાહે ઇય્યાક નઅબુદુ ફરમાવ્યું, એનાથી એ તરફ ઇશારો છે કે અકીદો એ અમલ કરતાં પ્રથમ છે. અને ઇબાદત કબૂલ થવી કે ન થવી એ અકીદાની સત્યતા પર નિર્ભર છે.

**મસઅલો** :- નઅબુદુ એ જમા (બહુવચન) છે. એનાથી એવું જાણવા મળે છે કે ઇબાદત જમાત સાથે હોવી જોઇએ, અને એ પણ માલમ પડયું કે સામાન્ય માણસની ઇબાદત ખુદાના મહબૂબ અને મકબૂલ બન્દાઓની ઇબાદત સાથે ભળીને મકબૂલ બની જાય છે.

**મસઅલો** :- એમાં શિર્કનું રદ પણ છે. અલ્લાહ પાક સિવાય બીજા કોઇની ઇબાદત કરી શકાય નહિ.

વ ઇય્યાક નસ્તઇન આમાં એ શિખવવામાં આવ્યુ છે કે મદદ માંગવી પછી તે વસીલાથી હોય કે વગર વસીલાથી હોય દરેક રીતે અલ્લાહ સાથેજ ખાસ છે, અસલ જેના પાસે મદદ માંગીએ છીએ તે તો તેજ (ખુદા) છે. બાકી સાધનો ખિદમતગારો મહબૂબ બન્દાઓ વિગેરે તો ખુદાઇ મદદના પ્રતિકરૂપ છે. બન્દાએ તેના (ખુદા) પર જ નજર રાખવી જોઇએ. અને દરેક વસ્તુમાં કુદરતના હાથને કામ કરતાં નિહાળવો જોઇએ, એનાથી એ સમજવું કે અમ્બિયા અને અવલિયા પાસે મદદ માંગવી શિર્ક છે એ ખોટું છે, કારણ કે ખુદાના ખાસ બન્દાઓની મદદ એ ખુદાની જ મદદ છે, અન્યની મદદ નથી, જો આ આયતનો મતલબ એ હોત જે વહાબીઓ સમજયા છે, તો કુરઆને પાકમાં અઇનૂની બિકુવ્વતિન (તાકત વડે મારી મદદ કરો) અને ઇસ્તઇનુ

બિસ્સબરિ વસ્સલાત (સબ્ર અને નમાઝ વડે મદદ માંગો) ફરમાવવામાં ન આવ્યું હોત, અને હદીસોમાં પણ અહલુલ્લાહ પાસે મદદ માંગવાની તાલીમ આપવામાં ન આવી હોત.

اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۙ ખુદાની ઝાત અને ગુણો ઓળખાવ્યા પછી ઉપર ઇબાદતનું બયાન થયું અને ત્યારબાદ આ આયતમાં દુઆ શીખવવામાં આવે છે, એનાથી એ **મસઅલો** જાણવા મળ્યો કે બન્દાએ ઇબાદત પછી દુઆમાં મશગુલ થવું જોઇએ, હદીસ શરીફમાં પણ નમાઝ પછી દુઆની તાલીમ આપવામાં આવી છે. (તિબરાની, બયહકી)

الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ એટલે ઇસ્લામ અથવા કુરઆન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક આદતો અથવા હુઝૂર પોતે અથવા હુઝૂરના આલ અસ્હાબ ધારવામાં આવે છે, એનાથી સાબીત થયું કે સિરાતે મુસ્તકીમ એ એહલે સુન્નતનો તરીકો છે જેઓ અહલે બૈત, અસ્હાબ, કુરઆન, સુન્નત, સવાદે આઝમ દરેકને માને છે.

صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ આ આયત ઉપરના વાક્યની તફસીર છે. સિરાતે મુસ્તકીમથી મુસલમાનોનો તરીકો મુરાદ છે. આનાથી ઘણા મસઅલા હલ થાય છે. જેના પર બુઝુર્ગાને દીન અમલ કરતા આવ્યા હોય તે દરેક કામ સિરાતે મુસ્તકીમમાં દાખલ છે.

غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ આમાં તાલીમ છે કે, **મસઅલો** : હકને ઢુંઢનાર માટે જરૂરી છે કે ખુદાના દુશ્મનોથી દૂર રહે, તેમના રિવાજો, રસ્તાઓ અને તેમની રહેણી કરણી (સંસ્કૃતિ)થી પણ દૂર ભાગે. તિરમિઝીની રિવાયતમાં છે કે મગદુબે અલયહીમથી યહૂદીઓ અને દાલ્લીનથી નસારા (ખ્રીસ્તી)ઓ મુરાદ છે.

**મસઅલો** : અરબી અક્ષરોમાં એક દ્વાદ છે જ્યારે બીજો ઝોય છે બન્ને અક્ષરોમાં વિરોધાભાસ છે. અમુક ગુણોમાં બન્ને સરખા હોવાથી એક જ અક્ષર બની જતા નથી માટે વલદ્દાલ્લીનમાં કોઇ જાણી જોઇને દ્વાદને બદલે ઝોય પઢશે તો કુરઆનમાં તહરીફ (ફેરફાર) કરવાના કારણે કુફ્ર લાગુ પડશે અને અજાણતામાં પઢે તો પણ નાજાઇઝ તો છે જ.

**મસઅલો** : જે કોઇ દ્વાદને ઝોય પઢે તેની ઇમામત જાઇઝ નથી. (મુહીતે બુરહાની)

આમીન એનો અર્થ છે 'એવું જ કર' અથવા 'કબૂલ કર'

**મસઅલો** : ઉપરોક્ત શબ્દ (આમીન) કુરઆન નથી.

**મસઅલો** : સૂરએ ફાતેહાની સમાપ્તિ પર 'આમીન' કહેવું સુન્નત છે. નમાઝમાં પણ અને બહાર પણ.

**મસઅલો** : હઝરત ઇમામે આઝમનો મઝહબ એ છે કે આમીન નમાઝમાં અવાજ કાઢયા વગર બોલવામાં આવે, આ વિષેની તમામ હદીસો પર દ્રષ્ટિપાત કર્યા પછી અને અવલોકન કર્યા બાદ એજ પરિણામ નીકળે છે કે જોરથી બોલવા અંગે ફક્ત વાઇલની રિવાયત જ સહીહ છે. તેમાં મદ્દબિહાનો શબ્દ છે (જેનો માયનો આમીનને ખેંચીને પઢયા, એવો થાય છે) એનો અર્થ જોરથી બોલવા માટે ચોક્કસ નથી, જેટલી શક્યતા એમાં જોરથી બોલવાની છે તેટલી જ બલ્કે તેનાથી વધુ શક્યતા એ છે કે એનો અર્થ આમીનના હમ્ઝાને ખેંચવાનો થાય છે, માટે એ રિવાયત જોરથી બોલવા માટે દલીલ બની શકતી નથી. બીજી રિવાયતો કે જેઓમાં 'જહર' અને 'રફઅ'ના શબ્દો છે (જેમનો અર્થ આમીન જોરથી બોલ્યા, આમીનમાં આવાઝ બુલંદ કર્યો એવો થાય છે) તેઓની સનદો (હદીસ બયાન કરનાર વ્યક્તિઓના નામોની ક્રમવાર ગોઠવણીને સનદ કહે છે) માં કહેવાપણું છે. એ સિવાય તે બધી રિવાયતો 'બિલમાઅના' છે. (સહાબીએ હુઝૂરના અમુક કામનું બયાન પોતાની સમજ મુજબ પોતાના શબ્દોમાં કર્યું હોય તેને રિવાયત બિલમઅના કહે છે) અને બયાન કરનારની સમજને હદીસ કહી શકાય નહીં. માટે નમાઝમાં 'આમીન' આહિસ્તા બોલવું જ વધારે ખરૂં છે.

**હદીષ :** હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે તમારામાં એવો કોઈ નથી જે વુઝૂ કરે તો અતિશ્યોક્તિ (અધિક્તા) કરે અથવા પૂર્ણપણે વુઝૂ કરે[1] પછી કહે કે હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને યક઼ીનન મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) તેના બંદા તથા રસૂલ છે[2]. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે, તેના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી દેવામાં આવે છે કે જેમાં થઈને ઈચ્છે પ્રવેશે[3]. એ જ પ્રમાણે મુસ્લિમે પોતાની સહીહમાં અને હમીદીએ ઈફરાદે મુસ્લિમમાં રિવાયત કરી. એ જ પ્રમાણે ઈબ્ને અષીરે જામિઉલ ઉસૂલમાં અને શયખ મુહયુદ્દીન નવવીએ[4] મુસ્લિમની હદીષના આખરમાં અમારી રિવાયતના પ્રમાણે વર્ણવ્યું, અને તિર્મિઝીએ આટલુ અધિક ફર્માવ્યું કે હે ખુદા ! મને તૌબાવાળાઓમાંથી બનાવ અને મને ખૂબ સુથરાઓમાંથી કર[5]. અને જે હદીષ મુહયુસ્સુન્નહએ સહીહમાં રિવાયત કરી કે જેણે વુઝૂ કર્યું તો સારું વુઝૂ કર્યું. (છેવટ સુધી) એને તિર્મિઝીએ પોતાની જામેઅમાં આ જ પ્રમાણે રિવાયત કરી કેવળ શબ્દ اَشْهَدُ (અશ્હદ)ના اَنَّ مُحَمَّدً (અન્ મુહમ્મદન)થી પહેલાં[6]. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મારી ઉમ્મત ક઼યામતના દિવસે પંજકલ્યાન બોલાવવામાં આવશે વુઝૂની અસરોથી[7]. તો જે પોતાની ચમક દમક લાંબી કરી શકે તો કરે[8] (મુસ્લિમ, બુખારી) એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મોમિનનું ઝેવર (ઘરેણુ) ત્યાં સુધી જ પહોંચશે જ્યાં સુધી વુઝૂનું પાણી. (મુસ્લિમ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** મુબાલગા (અતિશ્યોક્તિ)થી મતલબ એ છે કે એની ખૂબીઓને અંતિમ ચરણમાં પહોંચાડી આપે. પૂર્ણ કરવાથી મુરાદ છે કે સંપૂર્ણ અંગો ધૂએ, વાળ જેટલી જગા પણ સૂકી ન રહી જાય. مِنْكُمْ ફર્માવીને નિર્દેશ કર્યો કે સર્વ નેક અમલો મુસલમાનો માટે લાભદાયી છે, ગુમરાહો બેદીનોને નહીં, જેમ કે દવાઓ જીવતાંને ફાયદો આપે છે મુડદાંઓને નહીં.

**૨.** એટલે કે દરેક વુઝૂ પછી બીજો કલમો પઢી લીધા કરે. અમુક રિવાયતમાં છે કે اِنَّا اَنْزَلْنَا ("ઈન્ના અન્ઝલ્ના"ની સૂરત) પઢે, અમુકમાં છે કે દુઆ પઢે : اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ (અલ્લાહુમ્મજ અલ્ની મિનત્તવ્વાબીન) બેહતર એ છે કે **આ બધું જ પઢી લીધા કરે તો ઈન્શાઅલ્લાહ ! એની બરકતથી શારીરિક પાકીની સાથોસાથ રૂહાની સફાઈ પણ નસીબ થશે.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે ગુસ્લ પછી પણ આ દુઆઓ તથા ઈસ્તિગફાર (અસ્તગફિરુલ્લાહ) પઢવું મુસ્તહબ છે.

**૩.** એટલે કે આ જ અમલની બરકતથી અલ્લાહ તઆલા તેનો હશ્ર અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ગુલામોમાં ફર્માવશે કે એ સરકારની સાથે જન્નતમાં જશે, અને જેવી રીતે તેમને દરેક દરવાજેથી પોકારવામાં આવશે એવી જ રીતે એને પણ પોકારવામાં આવશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે આઠેવ દરવાજા ખોલવા એ હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની વિશિષ્ટતામાંથી છે, જેમ કે એમના ફઝાઈલમાં આવશે. કેમ કે એમનો એ દાખલો એમના

સદકાથી છે. યાદ રાખશો કે જો કે દરેક જન્નતી એક જ દરવાજેથી દાખલ થશે, પણ દરેક દરવાજેથી પોકારવામાં આવવું એ તેમના સન્માનના માટે છે.

૪. મુહયુદ્દીન મુહમ્મદ ઈબ્ને ઝકરિયા નવવી શારેહે મુસ્લિમ, દમિશ્કની પાસે એક ગામ છે તેના પ્રતિ સંબંધિત છે, કેમ કે આપ ત્યાંના રહેવાસી છે.

૫. યાદ રાખશો કે "તવ્વાબ" તે છે જે હમેશાં દરેક હાલતમાં તૌબા કરે, ગુનાહ કરીને પણ અને વિના ગુનાહ કર્યે પણ. કદી રબના દરવાજાથી ન હટે, ન નિરાશ થાય. "તાઈબ" તે છે જે એકાદ વખત તૌબા કરે. એ જ પ્રમાણે "મુતતહ્‌હિર" તે છે જે બાતિની (અંદરની) ગંદકીથી પોતે પોતાને પાક રાખે. "તાહિર" તે છે જે કેવળ જાહેરી ગંદકીથી પાક હોય. બારગાહે ઈલાહીમાં "તવ્વાબ" તથા "મુતતહ્‌હિર"ની ઈજ્જત છે. રબ ફર્માવે છે : اِنَّ اللهَ يُحِبُّ التَّوَّابِيْنَ અને ફર્માવે છે : وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ

૬. આ સાહિબે મસાબીહ (લખનાર) પર વાંધો છે કે તેમણે પ્રથમ વિભાગમાં તે હદીષ બયાન કરી જે મુસ્લિમ તથા બુખારીમાં નથી કેવળ તિર્મિઝીમાં છે.

૭. પંજ કલ્યાન તે લાલ કે કાળો ઘોડો છે જેના ચારેવ હાથપગો અને કપાળ સફેદ હોય, એ ઘણો જ કિંમતી, ખૂબસૂરત તથા શક્તિવાન હોય છે. ઉમ્મતથી મુરાદ સર્વ નમાઝી મુસલમાન છે કે કયામતમાં એમનો ચહેરો તથા હાથપગો વુઝૂની અસરોથી ચમકતા હશે. યાદ રાખશો કે જો કે પાછલી ઉમ્મતોએ પણ વુઝૂ કર્યું પણ આ નૂર કેવળ ઉમ્મતે મુહમ્મદી (ﷺ)પર હશે. તેમજ જે સહાબીઓ નમાઝ ફર્ઝ થતા પહેલાં મૃત્યુ પામ્યા અથવા હાલ મુસલમાનોનાં નાનાં બાળકો, અથવા ઈસ્લામ કબૂલ કરતાં જ મૃત્યુ પામનાર લોકો કે જેમને વુઝૂનો સમય જ ન મળ્યો એમના ઉપર પણ ઈન્શાઅલ્લાહ ! આ વુઝૂની અસરો હશે. કેમ કે પહેચાનવું એ નૂર પર આધારિત ન હશે કેમ કે આપ નેકોકાર નૂરાનીઓને પણ ઓળખશો અને ગુનેહગાર બેનૂરવાળાઓને પણ ઓળખશો.

૮. લગભગ આ અંતિમ વાક્ય સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہનું છે. મતલબ એ છે કે વઝૂનાં અંગો ફર્ઝ થયેલ હદથી વધુ ધૂએ જેથી રોશની તથા ચમક લાંબી થાય, અને શક્ય છે કે સરકાર ﷺનું ફર્માન હોય. મતલબ એ છે કે **વુઝૂનાં અંગો હદથી ઓછાં ન ધૂએ, કાંઈક અધિક ધોવાય જાય તો કાંઈ વાંધો નથી.** યાદ રાખશો કે غُرًّا ચહેરાની સફેદીને કહે છે અને تحجيل હાથ પગની સફેદીને, કેમ કે અધિક અંશે લોકો ચહેરો ધોવામાં નિષ્કાળજી કરે છે કે કાનપટ્ટી વગેરે સુકૂ રહી જાય છે, જેથી એનો ઉલ્લેખ ખાસ કરીને કર્યો.

૯. حِلْيَة એ ح ના ઝબરની સાથે રોનક તથા હુસ્નના અર્થમાં છે. અને ح ના ઝેરની સાથે ઘરેણાના અર્થમાં છે. હદીષમાં બંને કરીનાઓ છે. વુઝૂ વાવના પેશની સાથે એ જ મશહૂર વુઝૂને કહે છે, અને વાવના ઝબરની સાથે વુઝૂનું પાણી થશે. અહીં વાવના ઝબરથી છે. એટલે **જ્યાં સુધી વુઝૂનું પાણી પહોંચશે ત્યાં સુધી નૂર તથા રોનક તથા ઝીનત હશે,** અથવા **ત્યાં સુધી અલંકાર પહેરાવવામાં આવશે.** દુનિયામાં મુસલમાન પુરૂષને અલંકાર (ઘરેણાં) પહેરવાં હરામ છે જેથી તે જેહાદની બહાદુરી ન ગુમાવી બેસે. જન્નતમાં ઘરેણાં ત્યાંની નેઅમતોમાંથી હશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**ઈશ્કે મૌલા મેં હો ખૂંબાર કિનારે દામન**
**યા ખુદા ! જલ્દ કહ આએ બહારે દામન**

*(ખૂંબાર = લોહીના આંસૂં, કિનારે દામન = દામનનો છેડો, જલ્દ = જલ્દી, બહાર = વસંત ઋતુ)*

**અર્થ :** દામનના કિનારા પ્યારા આક઼ા ﷺના ઈશ્ક઼માં લોહીનાં આંસૂ વરસાવી રહ્યા છે. હે ખુદા ! દામનનો વસંતઋતુ અતા ફર્માવ. એટલે કે જલ્દીથી મદીનાની હાજરી નસીબ કર.

**બેહ ચુકી આંખ ભી અશ્ક઼ોં કી તરહ દામન પર**
**કે નહીં તારે નઝર જુઝ દો સેહ તારે દામન**

*(બેહ ચુકી = વહી ગઈ, અશ્ક઼ોં = આંસૂંઓ, તાર = દારી, જુઝ = સિવાય, દો સે = બે–ત્રણ)*

**અર્થ :** મારી આંખો પણ આંસૂં બનીને દામન પર વહી ગઈ છે દામન પર આંસૂંઓનાં બે ત્રણ દોરા સિવાય કશું નથી.

**અશ્ક઼ બરસાઉં ચલે કુચએ જાનાંસે નસીમ**
**યા ખુદા ! જલ્દ કહીં નિકલે બુખારે દામન**

*(કુચએ જાનાં = મહબૂબની ગલી, નસીમ = ઠંડી હવા, બુખાર = જોશ)*

**અર્થ :** હું યાદી નબી ﷺમાં આંસૂં વરસાવતો ચાલુ કે મદીનાની ઠંડી હવા ચાલે, હે ખુદા ! મને મદીના શરીફની ઝિયારતનો શરફ અતા કર કે મારા દામનનો જોશ નીકળી જાય.

**દિલ શુદોં કા યે હુવા દામને અતહર પે હુજૂમ**
**બે દિલ આબાદ હુવા નામ દયારે દામન**

*(દિલશુદોં = દિલ આપનાર આશિક઼ો, દામને અતહર = પવિત્ર દામન, હુજૂમ = ભીડ, બેદિલ = આશિક઼, દયાર = ઘર)*

**અર્થ :** હુઝૂરે પાક ﷺના પવિત્ર દામન પર આશિક઼ોની એવી ભીડ જમા થઈ ગઈ છે કે આપના દામનના આસપાસનું નામ ''બેદિલ આબાદ'' (આશિક઼ોની વસ્તી) થઈ ગયું છે.

**મુશ્ક઼ સા ઝુલ્ફે શહ વ નૂરફશાં રૂએ હુઝૂર**
**અલ્લાહ ! અલ્લાહ ! હલ્બે જૈબ વ તતારે દામન**

*(મુશ્ક઼ = ખુશ્બુ, સા = જેવું, ઝુલ્ફે શહ= બાદશાહ એટલે કે આક઼ા ﷺની ઝુલ્ફ મુબારક, વ = અને, નૂર ફશાં = પ્રકાશ ફેલાવનાર, રૂએ હુઝૂર = હુઝૂરે પાક ﷺનો સુંદર ચહેરો, અલ્લાહ ! અલ્લાહ ! = આશ્ચર્ય વખતે બોલાતા શબ્દો, હલ્બ = કાળાશ, જૈબ = ગરીબાન, મુરાદ હુઝૂર ﷺના ગૈસૂ મુબારક, તતાર = લંબાઈ)*

**અર્થ :** હુઝૂર ﷺની ઝુલ્ફ મુબારક મુશ્ક઼ જેવી સુગંધિત છે અને હુઝૂરનો ચહેરો મુબારક નૂર ફેલાવે છે. વાહ વાહ ! શું હુઝૂર ﷺની ઝુલ્ફોની સિયાહી છે ! અને કેવી હુઝૂર ﷺના દામનની લંબાઈ છે !

**તુઝ સે અય ગુલ મૈં સિતમ દીદએ દશ્તે હિરમાં**
**ખલિશે દિલ કી કહું યા ગમે ખારે દામન**


*(ગુલ = ફૂલ, સિતમદીદા = સતાવેલ, પરેશાન, દશ્ત = જંગલ, હિરમાં = મેહરમી, ખલિશ = ચુભન, ખાર = કાંટો)*

**અર્થ :** હે ફૂલ ! હું મેહરૂમીના જંગલનો પરેશાન વ્યક્તિ છું, તારી સામે દિલના દુઃખની વાત કરું કે દામનમાં ફેસાયેલ કાંટાઓની. વધુ પેજ નં. ૩૧....પર

(ફરિયાદ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ દેવબંદીઓના પીર શાહ વલીઉલ્લાહ મુહદ્દિષ દહેલ્વીનો કિસ્સો "માતાના પેટમાં" ગયબનો ઈલ્મ ? ★

મૌલ્વી હાફિઝ રહીમબખ્શ સાહેબ દહેલ્વીજીએ 'હયાતે વલી'ના નામથી હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબનું જીવન વૃતાંત લખ્યું છે, તેમાં તેમના જન્મ પહેલાંનો એક ખૂબ જ વિચિત્ર અને હેરતનાક બનાવ ટાંકયો છે. લખ્યું છે :

*હાજી મૌલાના શાહ વલીઉલ્લાહ સાહેબ તેમની માતાના પેટમાં હતા, એક સમયે તેમના પિતા શયખ અબ્દુર્રહીમ સાહેબની હાજરીમાં એક માગવાવાળી બાઈ તેમના ઘરે આવી તો તેમણે રોટીના બે ભાગ કરી એક તેને આપ્યો અને એક ઘરમાં રાખી લીધો. પરંતું માગવાવાળી જેવી દરવાજા સુધી પહોંચી તેવામાં શયખ સાહેબે તેને ફરી બોલાવી અને બાકીનો હિસ્સો પણ આપી દીધો. જ્યારે તેણી જવા લાગી તો ફરી અવાજ આપ્યો અને ઘરમાં જેટલી રોટલી હતી તે બધી તેને આપી દીધી, ત્યાર પછી ઘરનાં માણસોને ઉદ્દેશીને કહ્યું કે, 'પેટમાંનું બચ્ચુ' (શાહ વલીઉલ્લાહ) વારંવાર કહી રહ્યું હતું કે, ઘરમાં જેટલી રોટી છે એ બધી જ તેને (મોહતાજને) ખુદાની રાહમાં આપી દો ! (હયાતે વલી, પેજ–૩૯૭)*

જાણે શાહ સાહેબ તેમની માતાના પેટમાંથી જોઈ રહ્યા હતા કે રોટીનો એક હિસ્સો બચાવીને રાખી લેવામાં આવ્યો છે ! જ્યારે તેમના કહેવાથી બાકીનો હિસ્સો તેમના વાલિદે આપી દીધો તો તેમણે એ પણ જોઈ લીધું અને સાથે સાથે એ પણ જાણી લીધું કે ઘરમાં હજી બીજી રોટલીઓ રાખેલી છે ત્યારે તેમના કહેવા પરથી બધી રોટલીઓ આપી દેવામાં આવી ત્યાર પછી તે ચુપ થઈ ગયા !

રસૂલે અરબી ﷺના ઈલ્મ અને મુશાહેદાની વાત પર તો સેંકડો સવાલો દેવબંદીઓ તરફથી ઉઠાવવામાં આવે છે, જેમ કે, "તકવિયતુલ ઈમાન" પેજ–૭૧ પર છે : "ગૈબ જાણવાનો દાવો કરનારા બધા જૂઠ્ઠા છે." પરંતું અહીં કોઈ પૂછતું નથી કે એક બચ્ચાએ તેની માતાના પેટમાં માથાની કઈ આંખથી માતાના પેટનો પડદો ચીરીને દીવાલો અને ઘરના વાસણોનાં છિદ્રોમાંથી છુપાએલી વસ્તુને જોઈ લીધી ?! આમ થવા છતાં

તેમના ઈસ્લામ અને શરીઅતની કોઈ દિવાલ ધસી પડી ? નહીં ! દેવબંદીઓનો અક઼ીદો તો એ છે કે, "માના પેટમાં શું છે તે અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું." અને અહીં તો પેટમાં શું છે તે પણ જાણ્યું, બલ્કે પેટમાંના બાળકનો પણ ઈલ્મે ગયબ જાહેર થયો ! છતાં કોઈ "મુશ્રિક ન થયું ?! આ શું છે ?!

## ★ હઝરત શાહ અબ્દુલકાદિર સાહબ દહેલ્વીનો કિસ્સો 'ગયબદાનીનો હેરતઅંગેઝ કિસ્સો' ★

'દેવબંદી વર્તુળ'ના વિશ્વાસપાત્ર રાવી શાહ અમીરખાન સાહેબે શાહ અબ્દુલક઼ાદિર સાહેબ દહેલ્વીના 'કશ્ફ' અને 'ગયબદાની' સંબંધે પોતાની કિતાબ 'અરવાહે ષલાષહ'માં એક હેરતઅંગેઝ બનાવ લખ્યો છે કે :–

*અગર ઈદનો ચાંદ ત્રીસમીનો થવાનો હોય તો શાહ અબ્દુલક઼ાદિર સાહેબ પહેલી જ તરાવીહમાં એક જ 'સિપારો' પઢતા, અગર ચાંદ ઓગણત્રીસમીનો થવાનો હોય તો પ્રથમ દિવસે બે 'સિપારા' પઢતા.*

*એ બાબતનો અનુભવ થઈ ચૂક્યો હતો, એટલે શાહ અબ્દુલ અઝીઝ સાહેબ પ્રથમ તરાવીહ વખતે એક માણસને મોકલતા ને કહેતા કે, "જોઈ આવો ! મિયાં અબ્દુલક઼ાદિર આજે કેટલા સિપારા પઢે છે ?!" 'અગર માણસ આવીને કહેતો કે, આજે બે સિપારા પઢતા હતા, તો શાહ સાહબ કહેતા કે આ વખતે ઈદનો ચાંદ ઓગણત્રીસમો થશે', એ જુદી વાત છે કે, વાદળાં કે કોઈ એવા બીજો શરઈ સબૂત નહીં હોવાને કારણે 'ચંદ્ર દર્શન'નો હુકમ ન થઈ શકે.*

ઉપરોક્ત કહાનીમાં મોલ્વી મહેમૂદ હસન સાહેબે એટલો વધારો કર્યો કે, આ બાબત દિલ્હીમાં એટલી મશહૂર થઈ ચૂકી હતી કે, વેપારીઓ અને બજારોના કામકાજ તેના પર નિર્ભર થઈ ગયાં હતાં. *('અરવાહે ષલાષહ', પેજ–૪૯)*

બનાવના શબ્દો પોકારી પોકારીને કહી રહ્યા છે કે, આ પરિસ્થિતિ એક માત્ર રમઝાનના ચાંદ પૂરતી મર્યાદિત ન હોતી બલ્કે **માહે રમઝાનમાં તો તેમને એક મહિના અગાઉ ખબર થઈ જતી હતી કે, ચાંદ ૨૯નો છે કે ૩૦નો** ! અને મૌલ્વી મહેમૂદ હસન (દેવબંદી) સાહેબનું આ કહેવું કે, 'એહલે બાઝાર ઔર એહલે પેશાકે કારોબાર ઉસ પર મબ્ની હો ગએ !' એ બિલકુલ સ્પષ્ટ કરે છે કે, તેમનું 'કશ્ફ' ક્યારેય પણ ખોટું ઠરતું ન હોતું !

**હવે તમે જ ઈન્સાફ કરો કે**, આ આંખોમાંથી લોહી ટપકવાની વાત છે કે નહીં ? 'ઘરના બુઝુર્ગોની મહાનતા આ રીતે બયાન કરવામાં આવે છે કે તેમને એક મહિના મહેલાની બાબતની ખબર અગાઉથી થઈ જતી હતી, પરંતુ અલ્લાહના મહાન શ્રેષ્ઠ અને આખરી રસૂલ (ﷺ) સંબંધે એ 'શ્રીમાનો'ની સ્પષ્ટ માન્યતા છે કે, 'કિસ્સ–એ–ઈફક' (ઉમ્મુલ મોઅમિનીન હઝરતે આઈશા સિદીક઼ા પર લગાડેલા કહેવાતા તોહમત)ની છણાવટ અને હક઼ીક઼ત એક મહિના જેટલી લાંબી મુદત પછી આપને 'વહી' દ્વારા જાણવામાં આવી ! (મઆઝલ્લાહ !) આપ (ﷺ) 'ગયબ'ની વાતને જાણી શક્યા ન હતા ! *(જુઓ ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૭૬)*

પોતાના બુઝુર્ગોની મહાનતાને કેટલી હદે ચગાવવામાં આવી છે અને અલ્લાહના મહાન નબીના ઈલ્મે પાકને કેટલી હદે ઉતારી પાડવામાં આવેલ છે, તેની મિષાલ દેવબંદી ધર્મ સિવાય બીજે ક્યાંયે મળી શકશે નહીં. જેમ કે મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે : "જે માણસ અલ્લાહ સિવાય ઈલ્મે ગયબ બીજાના માટે સાબિત કરે....નિઃશંક ! તે "કાફિર" છે, તેની ઈમામત અને તેની સાથે મેલજોલ, મહોબ્બત તથા લાગણી રાખવી સર્વ હરામ છે." *(હવાલો : ફતાવા રશીદિયહ, ભાગ : ૨, પેજ : ૧૦)*

ન્યાયપ્રિય લોકોને વિનંતિ કે દેવબંદીઓ પાસે આનો જવાબ માગે ! કે આ ડબલ પોલીસીનો શો મતલબ છે ?!

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ અબ્દુલવાહિદ બિન ઝયદની કરામત ★

કહે છે કે અબ્દુલવાહિદ બિન ઝયદને લકવો થઈ ગયો. નમાઝનો સમય આવ્યો તો તેમને વુઝૂ કરવાની જરૂરત પડી. આપે અવાજ આપ્યો, કોઈ છે ?! પણ કોઈએ જવાબ ન આપ્યો. આપને નમાઝ કઝા થઈ જવાનો ડર લાગ્યો જેથી કહ્યું, હે ખુદા ! મારી મશકો ખોલી આપ જેથી કરીને હું વુઝૂ કરી લઉં, પછી જેવી તારી મરજી હોય તેવું કરજે. તે ફર્માવે છે કે તે બિલકુલ સારા થઈ ગયા અને વુઝૂ કરીને પોતાના બિસ્તર ચાલ્યા આવ્યા, અને પછી હતા એવા લકવાગ્રસ્ત થઈ ગયા.

## ★ શિબ્લીની કરામત ★

શિબ્લી ફર્માવે છે કે મેં નિશ્ચય કરી લીધો કે હું કેવળ હલાલની ચીજ જ ખાઈશ. હું જંગલોમાં ફર્યા કરતો. ત્યાં મેં એક અંજીરનું ઝાડ જોયું અને ખાવાના માટે મેં એના તરફ હાથ લંબાવ્યો, તો ઝાડમાંથી અવાજ આવ્યો, તમારા વચન પર કાયમ રહો ! મને ન ખાવ ! હું એક યહૂદીની માલિકીમાં છું.

## ★ અબૂ અબ્દુલ્લાહ બિન હનીફની કરામત ★

અબ્દુલ્લાહ બિન ખફીફ ફર્માવે છે કે હજમાં જતાં હું બગદાદ પહોંચ્યો. મારા માથા પર સૂફીપણાનો ગર્વ હતો અને ચાલીસ દિવસથી મેં રોટી ખાધી ન હતી. હું જુનૈદની ઝિયારતના માટે પણ ન ગયો. હું બગદાદથી નીકળી આવ્યો અને ઝબાલા સુધી મેં પાણી ન પીધું અને હજી સુધી મારું વુઝૂ પણ કાયમ હતું. પછી મેં એક કૂવા પર એક હરણને પાણી પીતાં જોયું. હું પોતે પણ તરસ્યો હતો. જ્યારે કૂવા પાસે પહોંચ્યો તો હરણ ભાગી ગયું. જોયું તો પાણી કૂવાના તળિયે હતું. જેથી હું ચાલી નીકળ્યો અને કહ્યું, હે માલિક ! આ હરણ જેટલો પણ મારો મક઼ામ નથી ?! એના પર મારી પીઠ પાછળથી અવાજ આવ્યો, અમે તને અજમાવ્યો હતો, પણ તેં સબ્ર ન કરી, જા ! જઈને પાણી પી લે. પાછો આવ્યો તો જોયું કે કૂવો પાણીથી લબરેઝ હતો જેથી મેં મારું પાત્ર ભરી લીધું જેમાંથી હું પીતો રહ્યો અને વુઝૂ પણ કરતો રહ્યો ત્યાં સુધી કે મદીના પહોંચી ગયો છતાં પાણી પૂરું ન થયું. જ્યારે મેં કૂવામાંથી પાણી બહાર કાઢ્યું હતું તો મેં એક હાતિફ (ગયબથી પોકારનાર)ને કહેતાં સાંભળ્યું કે હરણ તો પાત્ર વિના અને રસ્સી વિના આવ્યું હતું અને તું પાત્ર તથા રસ્સી લઈને આવ્યો છે ! પછી જ્યારે હું હજ્જ કરીને પાછો આવ્યો તો જામેઅ મસ્જિદમાં ગયો. જ્યારે જુનૈદની નજર મારા પર પડી તો ફર્માવ્યું, જો એક કલાક સબ્ર કરી લેત તો તારા પગો નીચેથી પાણી ફૂટી નીકળતું.

## ★ એક બદવીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફ સહમી જુર્જાનીથી સાંભળ્યું કે અબૂ અહમદ બિન અદી હાફિઝે તેમને કહ્યું કે અહમદ બિન હમ્ઝાએ મિસરમાં મને કહ્યું કે અબ્દુલ વહ્હાબ (જે સાલિહીનમાંથી હતા) ફર્માવતા હતા કે મુહમ્મદ બિન સઈદ બસરી બયાન કરે છે કે જ્યારે બુસ્રાના કોઈ રસ્તે જઈ રહ્યો હતો તો મેં એક બદવીને એક ઊંટ લઈ જતાં જોયો. મેં પાછળ ફરીને જોયું તો ઊંટ પડીને મૃત્યુ પામ્યું અને તેના પરનો તખ્તો અને તખ્તાની લાકડીઓ પણ પડી ગઈ. હું ચાલીને ત્યાં પહોંચ્યો તો બદવી આ શબ્દો કહી રહ્યો હતો : 'હે ખુદા ! જે દરેક પ્રકારનો વધુ પેજ નં. ૪૩....પર

# ઔલાદને જહન્નમથી બચાવવી છે તો ઈલ્મે દીન શીખવાડો !

રજૂકર્તા : **મુહમ્મદ ફાતેહ રઝા** *(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અમજદિયા રઝવિય્યહ, ઘોસી, યુ.પી.)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આન મજીદમાં ફર્માવે છે :–

**يٰاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا قُوۡٓا اَنۡفُسَكُمۡ وَاَهۡلِيۡكُمۡ نَارًا وَّقُوۡدُهَا النَّاسُ وَالۡحِجَارَةُ**

''હે ઈમાનવાળાઓ ! પોતાની જાતોને અને પોતાનાં ઘરવાળાઓને તે આગથી બચાવો જેનું બળતણ માણસ અને પથ્થર છે.'' *(પારા : ૨૮, સૂરએ તહરીમ, આયત : ૬)*

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ આ આયતની તફસીરમાં લખે છે : ''અલ્લાહ તઆલા અને એના રસૂલ ﷺની ફર્માબરદારી અપનાવીને અને અલ્લાહ તઆલાની ઈબાદત કરીને ગુનાહોથી બચીને અને ઘરવાળાઓને નેકીની હિદાયત અને બુરી વાતોથી રોકીને અને તેમને ઈલ્મ અને અદબ શીખવાડીને (જહન્નમથી બચાવો).''

## ★ ઔલાદથી સાચી મહોબ્બત કોને કહેવાય ? ★

હે મારા દીની તથા ઈમાનવાળાભાઈઓ ! આજે તમે દુનિયવી ભણતર પાછળ હજારો રૂપિયા ખર્ચી નાખો છો અને પોતાનાં બાળક માટે દુનિયામાં આવેલી દરેક આફત બલાઓથી બચાવવા માટે ઘણા પ્રયત્નો કરો છો, જો ખુદા ન ખ્વાસ્તા થોડી ઘણી પણ તકલીફ થઈ જાય છે તો તમે સારામાં સારા ડોકટરો અને હોસ્પિટલો શોધો છો, એમના રહેવા માટે મજૂબત અને ખૂબસૂરત બંગલા બનાવી આપો છો અને તેમને ચલાવવા માટે સારામાં સારી ગાડીઓ લાવી આપો છો, એટલા માટે કે મારાં બાળકોને કોઈપણ તકલીફ ન પહોંચે. મોઘુ કાપડ અને સારું બિસ્તર અને સારામાં સારું ખાવાનું તમે કાળજીપૂર્વક લાવી આપો છો. જયારે કે આ તમામ જરૂરિયાતવાળી વસ્તુઓ જાઈઝ અને મુબાહ છે. (એટલે કે સારું કામ છે) આ જે તમે જે પ્રયત્નો કરો છો એ ફક્ત ફાની (નાશવંત) જગતના માટે જ કરો છો, પણ તમે બતાવો કે તમે તમારા પોતાના પ્યારા અને ચહીતા બાળકો માટે કયામતના ખતરનાક સજાના દિવસો માટે કે જેનો પહેલો દિવસ પચાસ હજાર વર્ષનો હશે અને જમીન તાંબાની હશે, સૂરજ ઘણો નજીક હશે અને તેના તાપથી તમારું માથાનું ભેજુ ઉકળતુ હશે અને જીભ સૂકાઈને કાંટો થઈ જશે, કેટલાકના તો મોઢામાંથી જીભ બહાર નીકળી જશે, દિલને હલાવી નાખનારી તકલીફો તથા પરેશાનીઓથી બચવા માટે તમે શું કર્યું ? આખેરતની સજા અને જહન્નમની ભડકતી આગળથી બચાવવા માટે તમે શું કરી રહ્યા છો ? તમને આખેરતની સજાથી બચીને પોતાના ઘરવાળાઓને બચાવવાનો વિચાર કેમ નથી આવતો !

શું આ જ બાળકોની સાથે પ્યારની નિશાની છે ? આનું નામ જ પ્યાર છે ? શું દુનિયામાં આવેલી મુસીબતથી બચાવી લેવાનું નામ હમદર્દી છે ? શું તમે દુનિયાની મુસીબતની સામે આખેરતની મુસીબતને હલ્કી જાણી રહ્યા છો ? ખુદાન ન ખ્વાસ્તા જો વાત આ જ છે તો આખેરતની સજા અને જહન્નમની ભડકતી આગ એ તો પછીની વાત છે, મૌતનો એક જ ઝટકો તમને જગાડી દેશે, કબ્રની કઠણાઈઓ તમને બતાવી દેશે, કબ્રનું અંધારુ અને કબ્રના અઝાબના ફરિશ્તાઓ તમને દુનિયાના એશો આરામનું ભૂત ઉતારી દેશે !

*અંધેરા ઘર અકેલી જાન, દમ ઘૂટતા દિલ ઉકતાતા*
*ખુદા કો યાદ કર પ્યારે, વો સાઅત આનેવાલી હૈ*

**★ બાળકોને દીની તા'લીમ ન આપી તો આખેરતમાં સપડાશો ! ★**

જો તમે પોતાનાં બાળકોને દીની તા'લીમ ન અપાવી તો યાદ રાખો કે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં જવાબ આપવો પડશે. કેમ કે હદીષે પાકમાં આવ્યું છે, ''પિતાના માથે બાળકોનો હક્ક છે જેવી રીતે બાળકોનો હક્ક પિતા પર છે. તમે બધા પોતાના કુટુંબના સરદાર અને હાકિમ છો અને દરેક સરદારથી તેની પ્રજાના વિશે કયામતના દિવસે પ્રશ્ન થશે.''

અને તમારાં તે બાળકો જેના માટે તમે આખી જિંદગી પરેશાન રહો છો, જેના માટે રાત દિવસ ખૂન પસીનો વહાવવા માટે તૈયાર થઈ જતાં હતાં અને જ્યારે ખાવાની તકલીફ થાય ત્યારે પોતે તો ભૂખ્યા રહો છો, પરંતુ પહેલાં તમારા બાળકોને ખાવા આપો છો, તેના આરામ માટે તમે દિવસને દિવસ, રાતને રાત નથી સમજતા, અને તેમની થોડી ઉદાસી તમારી તમામ ખુશી પર પણ ફેરવી દે છે. પરંતુ મૃત્યુ પછી તમારાં બેઅમલ અને દીની તા'લીમથી ખાલી બાળકો તમારા કામમાં શું આવશે ? તમારી બખ્શિશ તથા નજાત (છૂટકારો)નો ઝરીયો તો શું બને બલ્કે તમારે પોતાના અન્ય ગુનાહોની સજાની સાથે પોતાનાં બાળકોને દીની તા'લીમ ન શીખવાડવાની પણ વેઠવી પડશે. હા ! જો પોતાનાં બાળકોને તમે દીનની તા'લીમ આપી હશે અને સારી શીખામણ આપી હશે અને એને નેક અને સાલેહ બનાવી દીધાં તો દુનિયામાં પણ નેકનામી અને તમારા મૃત્યુ પછી તમારાં બાળકોની નેકીનો સવાબ તમને પણ મળતો રહેશે.

**★ મૃત્યુ બાદ શું કામ આવે છે ? ★**

સરકારે દો આલમ ﷺ ફર્માવે છે : ''માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેનો અમલ છૂટી જાય છે, પરંતુ ત્રણ વસ્તુઓ એવી છે જે મૃત્યુ પછી પણ નથી છૂટતી (બલ્કે નામાએ આમાલમાં લખાતી રહે છે) : (૧) સદકએ જારીયા (૨) ઈલ્મ જેનાથી ફાયદો પ્રાપ્ત થાય (૩) નેક ઔલાદ જે તેના માટે દુઆ કરે છે.'' *(મુસ્લિમ શરીફ)*

હુઝૂર ﷺ ફર્માવે છે, ''મો'મિનને એના અમલ, એની નેકીઓ મૃત્યુ પછી પણ પહોંચતી રહેશે તે ઈલ્મ કે જેની તેણે તા'લીમ આપી અને તેનો પ્રચાર કર્યો અને નેક બાળકો જેને છોડીને મૃત્યુ પામ્યો અથવા કુર્આન શરીફ વારસદારમાં છોડયું અથવા મસ્જિદ બનાવી અથવા મુસાફરો માટે ઘર બનાવી દે અથવા નહેર ચાલુ કરીને પોતાની જિંદગીમાં પોતાના માલમાંથી સદકો કર્યો હશે.'' *(ઈબ્ને માજા)*

અલ્લાહના રસૂલ ﷺ ઈર્શાદ ફર્માવે છે : ''કોઈ માણસ પોતાના બાળકોને અદબ શીખવાડે એના માટે એક સાઅ (એટલે કે ૨૫૦ ગ્રામ) સદકો કરવાથી બેહતર છે.'' *(તિર્મિઝી શરીફ)*

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : ''પોતાનાં બાળકોને સારું અદબ શીખવાડવાના સિવાય બીજી કોઈ વસ્તુ સારી નથી.'' *(તિર્મિઝી શરીફ)*

**★ તા'લીમની જરૂરત ★**

આ હકીકતનો ઈન્કાર કરવું મુશ્કેલ છે કે દુનિયાનો કોઈપણ ફાયદો ઈલ્મ વગર શક્ય નથી, કોઈ પ્રજા ઈલ્મ વગર ઈજ્જત પ્રાપ્ત નથી કરી શકતી. ઈલ્મ (જ્ઞાન) અજવાળુ છે અને જેહાલત (અજ્ઞાન) અંધારુ છે. સારી તા'લીમ અને સારી શીખામણ પ્રજા અને દેશ માટે તરક્કીનું કારણ છે. ઈલ્મ જ એક એવી વસ્તુ છે જેનાથી માણસ સારું અને ખરાબને ઓળખી શકે છે. ઈલ્મ તે દાદર છે જેના કારણે માણસને અલ્લાહ તબારક વ તઆલાની ઓળખાણ (મઅરિફત) સુધી પહોંચ થાય છે. ઈલ્મ એક દીવો છે જેને કોઈ પણ ઓલવી શક્તું નથી. જેથી આપણા પર જરૂરી છે કે પોતાનાં બાળકોને દીની તા'લીમથી શણગારી દઈએ અને જરૂરત પૂરતી, સમય અને પરિસ્થિતિને જોઈને દુનિયવી તા'લીમ (શિક્ષણ) પણ આપીએ, પરંતુ એક

મુસલમાન માટે ઈસ્લામી તા'લીમ છોડીને દુનિયવી તા'લીમ શીખવાડવી બર્બાદી છે. પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે મોટા ભાગના લોકો આ બલામાં રચ્યા પચ્યા છે.

હવે છેલ્લે અઝીઝે મિલ્લત હઝરત મૌલાના શાહ અબ્દુલ હફીઝ સાહબ કિ઼બ્લાનો એક ખુત્બાએ ઈસ્તક઼બાલિયા નામના લેખોમાંથી થોડી વાતો લખીએ છીએ :–

(૧) ગામેગામ દીની મદ્રસાઓ ખોલવા જોઈએ. કેમ કે હજુપણ કેટલાક એવાં ગામડાં છે જ્યાં તા'લીમનું નામો નિશાન નથી અને દીની તા'લીમ માટે કોઈ વ્યવસ્થા નથી. એવા સ્થળના મુસલમાનોના ઈમાન અને ઈસ્લામના બચાવ અને પેઢીઓની સરબુલંદી માટે ત્યાં મક્તબો અને મદ્રસાઓ ખોલવા. આ એક જરૂરી કામ છે જેને છોડી દેવું દીનો દુનિયા માટે નુકસાનનું કારણ છે.

(૨) જે મક્તબો અને મદ્રસાઓ કામમાં મગ્ન છે તેમના શિક્ષણની માહિતિનો સારો પ્રચાર કરવો અને એમને અધિક પ્રમાણમાં કામયાબ અને તરક્કીવાળા બનાવવાની પણ કોશિશ કરો કે એનું સારું ફળ મળે. આ સમયની મહત્વની જિમ્મેદારી છે જેને ભૂલાવી દેવી મુનાસિબ નથી. અને જે મદ્રસાઓ અને મક્તબોનાં કમિટીવાળા અથવા તેમના ઉસ્તાદો મુસ્લિમ બાળકો સાથે રમત કરી રહ્યા છે તેમને અત્યારે જ એહસાસ અપાવો, આવી બીજી મહત્વની દીની ઈલ્મી જરૂરતો પણ છે. ઉલમાએ કિરામ પોતાની મજલિસો, મહેફિલોમાં જાગૃતતા લાવે અને લોકોને દીનની તા'લીમ તરફ આકર્ષણ અપાવે. અને સારા લોકો પાસેથી મદદ માગો અને ઈમાનદારીની વ્યવસ્થા સાથે સીધો રસ્તો બતાવો તો ઈન્શાઅલ્લાહ ! એનાથી મોટુ કામ થઈ શકે છે. પરંતુ કેટલાક માણસો દીની તા'લીમનો ઉપયોગ કેવળ દુનિયાને પ્રાપ્ત કરવા માટે કરે છે અને દીનના નામ પર ક઼ૌમને ધોકો આપે છે. આવા લોકોનો કેવળ બાયકાટ જ ન કરો બલ્કે દૂધમાંથી જેવી રીતે માખીને ફેંકી દઈએ છીએ તે જ રીતનો તેનો હાલ કરો !

## ★ દરેક માટે જરૂરતનો ઈલ્મ કેટલો ? ★

દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રી પર એટલો ઈલ્મ પ્રાપ્ત કરવો ફર્ઝે ઐન છે કે જેનાથી હક્ક઼ મઝહબ વિશે એટલે કે અહલે સુન્નત વ જમાઅત વિશે જાણી શકાય. ખેડૂત, ખેતીના, વેપાર કરવાવાળો વેપારના મસ્અલા જાણે. નોકરી કરવાવાળો નોકરીના મસ્અલા જાણે એટલે કે દરેક માણસ જે કામ સાથે જોડાયેલો હોય તેના વિશે શરીઅતના મસાઈલનો જાણકાર બને એ ફર્ઝ છે. પૂરા આલિમે દીન બનવું દરેક પુરૂષ, સ્ત્રી માટે ફર્ઝે ઐન તો નથી પરંતુ ફર્ઝે કિફાયા છે એટલે કે જો તમારા ગામડામાં અથવા સોસાયટીમાં કોઈપણ વ્યક્તિ દરેક વસ્તુઓનું ઈલ્મ પ્રાપ્ત કરી લે તો તે ગામડા અને સોસાયટીવાળા માટે છૂટકારો છે, પરંતુ જો કોઈ પણ આલિમ ન હોય તો બધા જ ગુનેહગાર થશે. *(વિસ્તૃત માહિતિ માટે ફતાવા રઝવિય્યહ, ભાગ : ૯ નું વાંચન કરો)*

પ્રિય વાંચકો ! રસૂલે પાક ﷺએ "ઈલ્મ પ્રાપ્ત કરવો દરેક મુસલમાન પર ફર્ઝ છે."નું ફર્માન જારી કરીને પુરૂષ અને સ્ત્રી પર ઈલ્મ પ્રાપ્ત કરવું ફર્ઝ કર્યું. તથા "ઈલ્મ પ્રાપ્ત કરો ચાહે તમારે ચીન જવું પડે" કહીને જે ઉમ્મતના લોકોની ઉપર ઈલ્મ પ્રાપ્ત કરવા માટે રસ્તો બતાવી દેવામાં આવ્યો, અફસોસ ! આજે એ જ ઉમ્મતના લોકો તા'લીમ અને તર્બિયતના (ઈલ્મના) મેદાનમાં લગભગ બધાથી પાછળ છે. દુનિયવી તા'લીમ તો શું આપણી બુનિયાદી તા'લીમ એટલે દીનના ઈલ્મ અને તર્બિયતથી તેમનું દામન ખાલી છે. જે દીનની ખ્યાતિ ઈલ્મ અને ક઼લમથી થઈ હતી આજે તે જ દીનના માનવાવાળા ઈલ્મ અને ક઼લમથી દૂર નજર આવી રહ્યા છે. આ એવો શરમનાક મસ્અલો છે જેને દૂર કરવું ઘણુ મુશ્કેલ છે, પરંતુ તેને દૂર કરવું અનિવાર્ય છે.

અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ છે કે ક઼ૌમે મુસ્લિમને ઈલ્મે દીન પ્રાપ્ત કરવાની અને તેના ઉપર અમલ કરવાની નેક તૌફીક઼ ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# પ્રજા સાથે મહેરબાની તથા ન્યાય અને ઈસ્લામી ખલીફાઓ

કાર્યાલય

**કરો મહેરબાની તુમ અહલે ઝમીં પર**
**ખુદા મહેરબાં હોગા અર્શે બરીં પર**

વર્તમાનકાળમાં દુનિયવી માલ રાજ્ય સત્તા તથા પોતાનો દબદબો દુનિયાવાળાઓ પર બેસાડવા માટે પોતાને સભ્ય તથા સંસ્કૃત કહેતા યૂરોપ અમેરિકા તથા તેના સાથી દેશો, જેઓ એક તરફ લોકોની આંખોમાં ધૂળ નાખવા "માનવ અધિકાર"ની વાતો કરતા રહે છે તો બીજી બાજુ **આતંકવાદને મિટાવવાના બહાના હેઠળ હજારો આતંકવાદીઓ કરતાં અધિક માનવ લાશો પાડી રહ્યા છે,** માનવોની ખુશહાલ હર્યીભર્યી આબાદીઓને ઉજ્જડ વનમાં ફેરવી રહ્યા છે, નિર્દોષોના લોહીની નદીઓ વહાવી રહ્યા છે, હજારો સ્ત્રીઓને વિધવા તથા માબાપોને નિઃસહાય અને બાળકોને યતીમ બનાવી રહ્યા છે, જેમ કે અગાઉ અમેરિકા થકી જાપાનના નાગાસાકી તથા હિરોશીમામાં થયેલું અને હાલ અફઘાન, ઈરાક, પેલેસ્ટાઈન, લિબીયા વગેરેમાં થયું અને હજુ સીરિયામાં થઈ રહ્યું છે.

તે ઉપરાંત આજે જગતભરમાં રાજકરણીઓ તથા અધિકારીઓ લાંચ, રુશ્વત તથા ભ્રષ્ટાચારમાં પકડાવાના રોજબરોજ સમાચારો જોવા મળી રહ્યા છે, જેમ કે એક વખતના મુખ્ય પ્રધાન ચોટાલા તથા તેમના પુત્રને દસ વરસની જેલની સજા ભ્રષ્ટાચાર સાબિત થતાં થઈ. પણ ઈસ્લામના મહાન પયગંબર ﷺ તથા ખલીફાઓના રાજતંત્રનો અભ્યાસ કરશો તો પોકારી ઉઠશો કે રસૂલે ખુદા ﷺ તેમજ કોઈ ઈસ્લામી ખલીફાએ આવી લોહીની નદીઓ વહેવા દીધી નથી ન ભ્રષ્ટાચાર થવા દીધો બલ્કે **ઈસ્લામી ખલીફાઓનો યુગ શાંતિનો યુગ તથા સર્વ માનવ ભલાઈ માટે સુવર્ણયુગ હતો, ન્યાય તથા ઈન્સાફનો શ્રેષ્ઠ યુગ હતો. નિષ્પક્ષ બુદ્ધિજીવીઓ, લેખકો પણ તેની સાક્ષી પૂરી રહ્યા છે.**

## ★ અબૂબક્ર સિદ્દીક઼ અને પ્રજા પર સત્તાનો તરીકો ★

આજે રાજકરણીઓ કૌભાંડોમાં પકડાય છે તો તપાસકર્તા સરકારી અધિકારીઓને ધમકાવે છે, "અમારી ગવર્નમેન્ટ આવવાની છે તો તમારુ થાય છે ! તમને જોઈ લઈશું !" જેમ કે ભાજપના ગડકરી જાહેરમાં બોલ્યા. આજના સત્તાધારી આવા હોય છે, જ્યારે ઈસ્લામના મહાન પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہમાં ખુદાનો કેવો ડર હતો કે ખલીફા નિમાયા તો શું કહ્યું ? સાંભળો ! "......મુસલમાનો ! જ્યાં સુધી હું અલ્લાહ તથા રસૂલની ફર્માંબરદારી તથા પૈરવી કરું ત્યાં સુધી તમે મારું આજ્ઞાપાલન તથા અનુસરણ કરજો, અને જ્યારે હું અલ્લાહ તથા તેના રસૂલથી વિમુખ થાઉં તો મારું આજ્ઞાપાલન કે અનુસરણ તમારા પર વાજિબ નથી. *(તારીખુલ ખુલફા)*

## ★ ફારૂકે આ'ઝમ અને પ્રજા પ્રત્યેની ભાવના ★

હઝરત સૈયદના ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એક શખ્સને કોઈ શહેરનો ગવર્નર બનાવવા માટે ઓર્ડર લખી રહ્યા હતા કે એવામાં એક છોકરો દોડતો દોડતો આવ્યો અને આપની ગોદમાં બેસી ગયો. આપે ખૂબ જ લાડ પ્યાર કરીને પ્રેમભાવ પ્રદર્શિત કર્યો. તો આ જોઈને તે શખ્સ કહેવા લાગ્યો, અમીરુલ મો'મિનીન ! મારા દસ પુત્ર છે પણ મેં તો કદી આવા પ્રેમભાવનો

ખયાલ પણ નથી કર્યો ! આપે ફર્માવ્યું, એવું ?! પછી તે લખેલો ઓર્ડર ફાડી કાઢતાં ફર્માવ્યું, જે શખ્સ પોતાની ઔલાદ પર રહમ નથી કરતો તે અન્ય લોકો પણ શું ધૂળ રહમ કરશે ! જાવ ! તમે લાયક નથી કે તમને શહેરના ગવર્નર બનાવવામાં આવે. *(નુઝહતુલ મજાલિસ–૨)*

## ★ ફારૂકી યુગના ન્યાય તથા સમાનતાનાં દષ્ટાંતો ★

ફારૂકી યુગમાં મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ હતા. તેમના પુત્રએ કોઈ વાત પર કોઈ મિસ્રીને કોરડો માર્યો અને પોતાના મા બાપની બડાઈનું વર્ણન કરી અને તેના પર ઘમંડમય શબ્દો કહ્યો. ફારૂકી દરબારમાં કેસ દાખલ થયો. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ એ મિસ્રીને અમ્ર ઈબ્ને આસના પુત્રથી એ જ પ્રમાણે બદલો લેવાનો ફૈસલો આપી દીધો અને મિસ્રના ગવર્નરને કહ્યું કે, "તમે કયારથી લોકોને ગુલામ બનાવી દીધા ?! જ્યારે કે આ સૌ લોકો પોતાની મા ના પેટથી આઝાદ પેદા થયા છે." *(સૂ. નૂન વલ કલમ, ૬૮/૪)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કેટલાંક ઊંટો ખરીદયાં અને સરકારી ચરાગાહમાં ચરવા માટે મોકલી આપ્યાં. તાજાં થઈ ગયાં તો વેચવાના માટે બજારે લઈ ગયા. ફારૂકે આ'ઝમે બજારમાં જોયું તો પૂછયું, આ તાજાં ઊંટો કોનાં છે ? બતાવવામાં આવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનાં છે. અમીરુલ મો'મિનીને એમને બોલાવ્યા અને સ્થિતિ માલૂમ કરી. તેમણે અર્ઝ કરી, મેં એને ખરીદયાં અને ચરાગાહ (ગોચર)માં મોકલી આપ્યાં. એનાથી જેવી રીતે અન્ય મુસલમાનોને ફાયદો ઉઠાવવાનો હક્ક છે મેં પણ એ જ ફાયદો ઉઠાવવા ચાહ્યું. ફર્માવ્યું, અમીરુલ મો'મિનીનનો પુત્ર હોવાને લીધે સરકારી નોકરોએ તમારા ઊંટોની દેખભાળ કરી, ખૂદ તમે તેના માટે નોકર નથી રાખ્યો. એટલા માટે ઈન્સાફ એ છે કે ઊંટો વેચીને તમારી મૂડી લઈ લો અને બાકી રકમ સરકારી ખજાનામાં દાખલ કરી આપો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

અને આ ન્યાય તથા સમાનતાની નીતિ ખલીફાઓમાં કેમ ન હોય ?! જ્યારે ઈસ્લામના પયગંબર صلی اللہ علیہ وسلم ની ખૂદ આ સ્થિતિ હતી. સાંભળો !:

હજ્જતુલ વિદાઅનો પ્રસંગ છે. શમ્એ રિસાલતના જલ્વામાં ઈસ્લામના શયદાઈઓ, કુદ્સી સિફાત સહાબાએ કિરામ હજ્જ અદા કરવાના માટે આવેલા છે. લગભગ ૧,૨૪,૦૦૦ (એક લાખ ચોવીસ હજાર)નો મજમો એકત્ર થયેલો છે, સૈયદુલ બશર રસૂલે આખિરુઝ્ઝમાં صلی اللہ علیہ وسلم અને સહાબાએ કિરામના વજૂદથી નૂર અલા નૂર છે. ઝમઝમના કૂવાની આસપાસ હાજીઓની અવર જવર ચાલુ છે, અધિક ભીડને કારણે ઝમઝમના કૂવાનું પાણી ડહોળુ થઈ ગયું છે. હુઝૂરના કાકા અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે હુઝૂરના ચહેરાએ અન્વર પર તરસની અસરો જોઈ અને ગુલામને કહ્યું કે સરકારના માટે ઘરની સુરાહીમાં રાખેલું આબે ઝમઝમ પેશ કરો. ગુલામ લપકયો પણ હુઝૂર સૈયદે આલમ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ રોકી દીધો અને ફર્માવ્યું, હું ઘરની સુરાહીનું સાફ તથા સ્વચ્છ અને ઠંડુ પાણી પીવાને બદલે ઝમઝમના હૌઝથી પીવાનું અધિક પસંદ કરું છું જેમાંથી તમામ મુસલમાન પી રહ્યા છે. અલ્લાહ ! અલ્લાહ ! કુર્બાન હજો અમારી જાન માલ તે આકા તથા મૌલા પર જેણે ગુલામો સાથે વર્તાવનો એવો ઉચ્ચ કિરદાર દુનિયાને બખ્શયો જેના દ્રષ્ટાંતથી માનવતાનો ઈતિહાસ અજાણ હતો. આજે **A.C.** ઓફીસો, **A.C.** કન્ટેનરો તથા બુલેટ પ્રુફ કેબીનો, કારોમાં વસનારા, ફરનારા રાજકરણીઓ આ દષ્ટાંતો જુએ અને તેના પર અમલ કરી બતાવે !

સારાંશ કે પ્રજા પર સત્તા ચલાવનારો કૃપાળુ દિલવાળો હોવો જોઈએ કે જે પ્રજાની તકલીફોથી પોતે પણ રંજ પામે અને લોકો માટે મહોબ્બતપૂર્વક રાહતનો સામાન કરે અને પ્રજામાં ન્યાય તથા સમાનતા સાચવી રાખે. એટલા જ માટે

હઝરત ઉમર رضی اللہ عنہ મોટા ભાગે ફર્માવ્યા કરતા હતા કે કેટલું સારું થાત કે હું મારી ઔલાદમાંથી એ શખ્સને જોતો જેનો અદલો ઈન્સાફ પૃથ્વીના પટ પર સ્થાપિત થઈ જાય.

### ★ મા નેક હોય તો ઔલાદ બાકમાલ પેદા થાય ! ★

હઝરત અસ્લમ ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે એક રાત્રે હું હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની સાથે આબાદીનો પેહરો ભરી રહ્યો હતો. એવામાં અમને વાતચીત સાંભળવા મળી કે એક સ્ત્રી પોતાની પુત્રીને કહી રહી હતી કે દૂધમાં થોડુક પાણી મિલાવી દે ! તો પુત્રીએ કહ્યું, અમ્મીજાન ! હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તો એલાન કરાવ્યું છે કે કોઈ દૂધમાં પાણી મિલાવીને ન વેચે. તે સ્ત્રીએ કહ્યું, છોડ એ વાતને ! ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થોડા અત્યારે જોઈ રહ્યા છે ?! પુત્રીએ જવાબ આપ્યો, અફસોસની વાત ગણાશે કે આપણે આપણા સરદારની આજ્ઞાનું પાલન ન કરીએ ! એ તો સારી વાત નથી કે જાહેરમાં અમલ કરીએ અને છુપી રીતે તેનાથી વિરુદ્ધ વર્તીએ ! અલ્લાહ તો બધું જ જોઈ રહ્યો છે !

જયારે સવાર થઈ તો હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના પુત્ર આસિમના માટે એ છોકરીના માબાપની તરફ નિકાહનો પયગામ મોકલ્યો જેથી તેમણે મંઝૂર કરી લીધો અને એ છોકરીથી અન્ય એક છોકરી પેદા થઈ જેને સમયના મહાન આદિલ ખલીફા હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہની માતા બનવાનુ સદ્ભાગ્ય નસીબ થયું.

### ★ ઉમર બિન અબ્દુલ અઝીઝ કેવા ખલીફા થયા ? ★

હઝરત રિયાહ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં એકવાર હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની સાથે એક વૃદ્ધને વાત કરતાં જોયા તો બાદમાં મેં એમને એના વિશે પૂછયું કે આપ કોની સાથે વાતચીત કરી રહ્યા હતા ? ફર્માવ્યું કે હઝરત ખિઝર علیہ السلام સાથે ! તેમણે મને બશારત આપી કે તમો નજીકમાં જ સત્તાધીશ બનશો અને આપના હાથે અદલો ઈન્સાફનું સામ્રાજય સ્થાપિત થશે.

જેથી જયારે આપે અનાન સત્તાની દોર હાથમાં લીધી તો અદલો ઈન્સાફ સ્થાપિત કર્યો તો ઢોર ચરાવનારા કહેવા લાગ્યા કે હવે કોણ નેક સત્તાધીશ નિશ્ચિત થયેલ છે કે જેની બરકતથી વરૂ બકરીઓથી દૂર રહેવા લાગ્યાં છે, એમના પર હુમ્લો નથી કરતાં !

જયારે આપનો વિસાલ થયો તો જંગલમાં વરૂએ બકરી ઉઠાવી લીધી. ચરાવનારા આપસમાં કહેવા લાગ્યા, એવું લાગે છે કે આજે હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ દુનિયાથી ઉઠી ગયા છે, કેમ કે એમના અદલની બરકતથી બકરીઓ વરૂઓથી મહેફૂઝ હતી. આજે વરૂનું બકરીને ઉઠાવી જવું એ વાતને પુરવાર કરે છે કે હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ વિસાલ ફર્માવી ગયા.

### ★ રાજ વ્યવસ્થા દરમ્યાન ઉમર બિન અબ્દુલઅઝીઝની હાલત ★

હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ જયારે ખલીફા બન્યા તો તેમણે પ્રજાની તરફ એટલુ ધ્યાન આપ્યું કે પોતાની જરૂરતો પ્રતિ કદી ખયાલ સુદ્ધાં ન કર્યો. ત્યાં સુધી કે આપે આપની નેક બખ્ત પત્નીને ફર્માવ્યું, હું તને અલગ થવા માટેનો અધિકાર આપુ છું, શકય છે કે મારી તથા તારી વચ્ચે કોઈ વાતચીત ન થઈ શકે, હું તને સમય ન આપી શકું ! તો તે બીવી કહેવા લાગ્યાં, કાંઈ વાંધો નહીં ! હું ગમે તે સંજોગોમાં તમારી સાથે જ રહીશ. જેમ કે કહેવાય છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ રાજ વ્યવસ્થા દરમ્યાન જનાબતનું ગુસ્લ નથી કર્યું !

આપ ખલીફા બનતા પહેલાં ઘણા જ ખૂબસૂરત ઉમદા લિબાસ પહેર્યા કરતા હતા. જયારે ખિલાફતનો ભાર સંભાળ્યો તો એક સામાન્ય કમીઝ અને ચાદરના સિવાય કોઈ ચીજ પોતાની પાસે રાખતા ન હતા.

કમીઝ તથા ચાદરની કુલ કિંમત ૧૪ દિરહમ હતી.

એક દિવસે કોઈએ કહ્યું, તમારા ખાવા પીવા તથા રક્ષણ માટે બોડીગાર્ડ રાખી લો જેવો કે દુનિયાના રાજાઓનો દસ્તૂર છે. તો આપે ફર્માવ્યું, હું તો અલ્લાહ તઆલા સમક્ષ એ જ અર્ઝ કરું છું, ઈલાહી! જો તારા સિવાય હું કોઈને મારો રક્ષક ખયાલ કરું છું અને ગૈરથી મને ભય છે તો મને કયામતમાં પનાહની જરૂરત નથી !

### ★ ઈસ્લામી ખલીફાઓના ખજાનચી પણ આવા હતા ! ★

એકવાર ઈદના પ્રસંગે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની પુત્રીઓએ નવા કપડાંની ફર્માઈશ કરી કે અન્ય લોકોનાં છોકરાં નવા કપડાં પહેરશે અને ઈસ્લામી ખલીફાની અમો પુત્રીઓ થઈને જૂનાં કપડાં પહેરીશું ?! ફર્માવ્યું, બેટીઓ ! મારી પાસે રકમ નથી તો શું કરું ?! પુત્રીઓએ કહ્યું, આ વખતે તમારું માનદ વેતન જે છે તે એડવાન્સ લઈ લો ! તો આપે ખજાનચી પાસે એક મહિનાનુ એડવાન્સ વેતન માગ્યું. ખજાનચીએ કહ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! મને વાંધો નથી એડવાન્સ પગાર આપવામાં પણ શું તમો ગેરંટી આપો છો કે તમો એક મહિના સુધી જીવશો અને એ કરજ રહી નહીં જાય ?! તો હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ પર ખુદાનો ખૌફ છવાય ગયો અને આપની આંખોમાં આંસૂ આવી ગયાં ! અને આપે પુત્રીઓને સમજાવીને જૂના કપડામાં જ ઈદ મનાવવા સમજાવી લીધી.

આજના કૌભાંડી યુગમાં ગવર્નમેન્ટની તીજોરીમાંથી જે અબજોનો માલ નાજાઈઝ રીતે સેરવી લેવામાં આવે છે, તેવા સમયે સમજદારોને આ પ્રસંગ ઘણુ બધું કહી જાય છે. આ હતા ઈસ્લામી રાજકર્તા ખલીફાઓ !

### ★ રબથી ડરનારા ખલીફાઓ માટે જન્નતનો હુકમ ! ★

એક દિવસ કયામતની ચર્ચા થઈ તો આપ ખૌફથી એટલું રડયા કે બેહોશ થઈ ગયા. જયારે હોશમાં આવ્યા તો હસવા લાગ્યા. લોકોએ હસવાનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, ''બેહોશીની હાલતમાં મેં કયામતનો મંઝર જોયો. એલાન કરનાર એલાન કરી રહ્યો છે, હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ, હઝરત ઉમર رضی اللہ عنہ, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ, હઝરત અલી رضی اللہ عنہને પોકારી રહ્યો છે કે એ હઝરાતને એક પછી એક જન્નતમાં જવાનો હુકમ થયો.

તેમના જન્નતમાં તશરીફ લઈ ગયા બાદ પોકારનારે પોકાર કર્યો, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને લાવવામાં આવે ! હું પોકાર સાંભળતાં જ માથાભેર ગબડી પડયો ! મારી પાસે બે ફરિશ્તા આવ્યા અને મને અલ્લાહ તઆલાની બારગાહમાં લઈ ગયા. પછી અમુક વાતો પછી મને ફરિશ્તાઓની સાથે જન્નતમાં લઈ જવાનો હુકમ થયો. (સુબ્હાનલ્લાહ !) *(નુઝહતુલ મજાલિસના હવાલાથી)*

તે ઉપરાંત હઝરત બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ માટે એ પણ રિવાયત છે કે, ''એક બુઝુર્ગના પુત્રની શહાદત થઈ તો એક અરસા સુધી તે બુઝુર્ગ પોતાના પુત્રને ખ્વાબમાં જોવા રાહ જોતા રહ્યા. છેવટે તે પુત્ર ખ્વાબમાં આવતાં પૂછયું કે આજે તું ખ્વાબમાં આવ્યો છે જ્યારે કે હું લાંબા સમયથી રાહ જોઈ રહ્યો છું ?! તો પુત્રે જવાબ આપ્યો કે, અબ્બા ! આજે એટલા માટે આવવાનું થયું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો ઈન્તેકાલ થયો છે અને અલ્લાહે આસ્માનમાં સર્વ નબીઓ, ફરિશ્તાઓ, શહીદોમાં એલાન કરાવ્યું કે સર્વ લોકો જમીન પર જાવ અને ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના જનાઝામાં શરીક થઈ જાવ ! આ ઈસ્લામી તરીકા પર રહી ખુદાના ડર સાથે જીવી, હરામથી બચી, ન્યાયપૂર્ણ વ્યવહાર પ્રજા સાથે કરનાર ઈસ્લામી ખલીફાનો મર્તબો છે.

*(બહવાલા : બઝ્મે અવલિયા, અઝ : બદરુલ કાદરી)*

# નબીને પોતાના જેવા કહેનારા મુનાફિકો જરા જુએ !

## નબી કરીમ ﷺની અનોખી વિશિષ્ટતાઓ

રજૂકર્તા : **હાફેઝ મુહમ્મદ સજ્જાદ પટેલ–દયાદરા**

૦૧. અલ્લાહ તઆલાએ હુઝૂરે અકરમ ﷺને બધા જ નબીઓ પહેલાં પૈદા કર્યા અને સૌથી છેલ્લે મબઉષ કર્યા (મોકલ્યા).

૦૨. આપ ﷺ અને તમામ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام પેદાઈશથી નબી છે. બીજા અંબિયાએ કિરામે આપની રૂહથી ફાયદો મેળવ્યો.

૦૩. આસ્માની દુનિયામાં બીજા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامની રૂહથી અલ્લાહ તઆલાએ વાયદો લીધો કે જો એ હુઝૂરે અકરમ ﷺનો જમાનો મેળવે તો આપના પર ઈમાન લાવે અને આપની મદદ કરે.

૦૪. હુઝૂરે અકરમ ﷺએ યૌમુલ્લસ્ત (વાયદાના દિવસ)માં સૌથી પહેલાં "બલા" (હા) કહ્યું.

૦૫. હઝરત આદમ عليه السلامઅને બધી જ મખ્લૂકાત હુઝૂરે અકરમ ﷺના માટે જ પેદા કરવામાં આવી.

૦૬. હુઝૂરે અનવર ﷺનું નામ મુબારક અર્શના પાયા પર, દરેક આસ્માન પર, જન્નતના ઝાડો અને દરેક મહેલ પર, હૂરોના સીનામાં અને ફરિશ્તોની આંખોની વચમાં લખવામાં આવ્યું.

૦૭. પાછલી આસ્માની કિતાબો તૌરાત અને ઈન્જીલ વગેરેમાં આપની બશારત (આગમનની ખુશખબર) છે.

૦૮. હુઝૂરે અનવર ﷺની પેદાઈશના સમયે બુત (મૂર્તિઓ) ઊંધી પડી ગઈ, જિન્નાતે અશઆર (શેઅરો) પઢયા.

૦૯. હુઝૂરે અકરમ ﷺ ખત્ના કરેલા જ પેદા થયા, નાડી કપાયેલા અને ગંદકીથી પાક અને સાફ પૈદા થયા.

૧૦. પૈદાઈશના સમયે આપ ﷺ સજદાની હાલતમાં હતા અને કલ્માની આંગળી આસ્માન તરફ ઉઠાવેલ સ્થિતિમાં હતા.

૧૧. આપ ﷺની પૈદાઈશના સમયે એવું નૂર નીકળ્યું કે આપનાં વાલિદાએ મુલ્કે શામના મહેલો જોઈ લીધા.

૧૨. હુઝૂરે અકરમ ﷺના પારણાને ફરિશ્તાઓ હલાવતા રહેતા હતા. આપ ﷺએ પારણામાં વાતચીત કરી. ચાંદ સાથે આપની વાતચીત મશ્હૂર છે બલ્કે આપ જે તરફ ઈશારો કરતા ચાંદ એ તરફ ઝુકી જતો.

૧૩. અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં હુઝૂરે સરવરે આલમ ﷺના દરેક અંગને (ભાગ)ને અલગ અલગ વર્ણવ્યું.

૧૪. હુઝૂર ﷺના નામ મુબારક (મુહમ્મદ ﷺ) અલ્લાહ તઆલાના નામ (મહમૂદ)થી બનેલ છે.

૧૫. હુઝૂર સરવરે આલમ ﷺના મુબારક નામોમાંથી લગભગ સિત્તેર નામો એવાં છે જે અલ્લાહ તઆલાનાં છે.

૧૬. હુઝૂરે અકદસ ﷺનું એક નામ મુબારક અહમદ છે. આપના પહેલાં જ્યારથી દુનિયા બની છે કોઈનું પણ આ નામ હતું નહીં. કેમ કે એ વાતમાં કોઈ શક ન રહે કે પાછલી કિતાબોમાં જે અહમદ વર્ણન થયેલ છે એ આપ ﷺ જ છે.

૧૭. આપને ખૂદ અલ્લાહ તઆલા ખવડાવતો અને પીવડાવતો હતો જન્નતના ખાવામાંથી.

૧૮. આપ ﷺ પીઠ પાછળનું પણ એવી રીતે જોતા જેવું આગળનું જોતા. રાતના અંધકારમાં એવી

રીતે જોતા જેવી રીતે અજવાળામાં.

**૧૯.** આપ ﷺનું થૂક મુબારક ખારા પાણીને મીઠુ કરી દેતું. અને દૂધ પીતા બાળકો માટે દૂધનું કામ આપતું.

**૨૦.** આપ ﷺ જયારે પથ્થર પર ચાલતા તો પથ્થર પર આપના કદમ મુબારકનાં નિશાન પડી જતાં.

**૨૧.** આપ ﷺનો આવાજ મુબારક એટલા દૂર સુધી જતો કે જેટલો કોઈનો પણ ન પહોંચતો. એટલે આપ ખુત્બો પઢતા તો ઔરતો પોતાના ઘરોમાં સાંભળી લેતી.

**૨૨.** આપ ﷺની પવિત્ર બગલ પાક, સાફ અને ખુશ્બુદાર હતી.

**૨૩.** આપની સાંભળવાની તાકાત (શ્રવણ શક્તિ) સૌથી વધુ હતી, ત્યાં સુધી કે આસ્માનમાં ફરિશ્તાઓની ખૂબ ભીડ છતાં આસમાનનો અવાજ સાંભળી લેતા, જિબ્રઈલ علیہ السلامની ખુશ્બુ સુંઘી લેતા બલ્કે આસ્માનના દરવાજા ખુલવાનો આવાજ પણ સાંભળી લેતા.

**૨૪.** આપ ﷺએ કદી પણ આળસ કે બગાસુ નથી ખાધું.

**૨૫.** આપ ﷺનો પડછાયો ન હતો કેમ કે આપ નૂર જ નૂર હતા અને નૂરનો પડછાયો નથી હોતો.

**૨૬.** આપ ﷺના બદન મુબારક પર માખી ન બેસતી અને કપડામાં જૂ પણ ન પડતી.

**૨૭.** આપ ﷺ ચાલતા તો ફરિશ્તા આપની પાછળ રહેતા (આપની હિફાઝત) માટે. એટલા માટે આપે આપના સહાબાએ કિરામથી ફર્માવ્યું કે તમે મારી આગળ ચાલો અને પાછળ ફરિશ્તા માટે છોડી દો.

**૨૮.** આપ ﷺનું ખૂન મુબારક દરેક ગંદકીથી પાક હતું.

**૨૯.** આપ ﷺનો પવિત્ર પરસેવો કસ્તૂરીથી વધારે ખુશ્બુદાર હતો.

**૩૦.** આપ ﷺ જે વાળ વિનાના માથા પર હાથ ફેરવતા એ જ સમયે એના વાળ ઉગી નીકળતા, જે વૃક્ષને વાવતા એ એ જ વર્ષે ફળ આપવા લાગતુ, જેમ કે હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہનો બાગ.

**૩૧.** આપ ﷺના શરીર મુબારકમાંથી ખુશ્બુ આવતી હતી. આપ ﷺ જે રસ્તા પરથી પસાર થતા તે ખુશ્બુથી મહેકવા લાગતો.

**૩૨.** આપ ﷺ રાતમાં તબસ્સુમ ફર્માવતા (સ્મિત કરતા) તો ઘર રોશન થઈ જતું.

**૩૩.** આપ ﷺ જે સવારી પર સવાર થતા એ ત્યાં સુધી નાપાકી ન કરતી જ્યાં સુધી આપ એના પર સવાર રહેતા.

**૩૪.** અલ્લાહ તઆલાએ આપ ﷺને દરેકે દરેક વસ્તુનો ઈલ્મ આપ્યો, ત્યાં સુધી કે રૂહ અને એ પાંચ બાબતોનો ઈલ્મ પણ આપ્યો જે સૂરએ લુકમાનની આખિરમાં વર્ણન થયેલ છે.

**૩૫.** હુઝૂર ﷺના રૂઆબનો એ હાલ હતો કે દુશ્મન ભલે એક મહિનાના અંતરે હોય પણ એના પર રૂઆબથી જીત હાંસિલ કરી લેતા અને એ દબાય જતો.

**૩૬.** આપના માટે અને આપની ઉમ્મતને માટે તમામ રૂએ જમીન સજદાગાહ અને પાક કરવાવાળી બનાવી દેવામાં આવી કે જ્યાં નમાઝનો સમય આવે અને પાણી ન મળે તો તયમ્મુમ કરી ત્યાં જ નમાઝ પઢી લેવામાં આવે, બીજી ઉમ્મતો માટે પાણી સિવાય બીજી કોઈ ચીજથી તહારત (પાકી) ન હતી અને નમાઝ પણ નિશ્ચિત જગ્યા સિવાય બીજી જગ્યાએ જાઈઝ ન હતી.

**૩૭.** ચાંદનું ટુકડા થવું, પથ્થરો તથા ઝાડોનું સલામ કરવું, રિસાલતની ગવાહી આપવી સુતૂને હન્નાનાનું રડવું અને આંગળીઓમાંથી ઝરણાની જેમ પાણીનું વહેવું, આ બધા મોજિઝાઓ આપને અતા થયા.

**૩૮.** હુઝૂર ﷺની શરીઅત તમામ પાછલા

અંબિયાની શરીઅતોની નાસિખ (આગલો હુકમ મુલ્તવી કરી નવો હુકમ કરનાર) અને કયામત સુધી રહેશે.

૩૯. હુઝૂર ﷺને અલ્લાહે અલ્કાબથી સંબોધ્યા, બીજા અંબયિા عليهم السلامને ફક્ત નામની સાથે સંબોધન કરવામાં આવ્યું. એના પર કુર્આનની આયતો ગવાહ છે.

૪૦. જે બધું અલ્લાહ તઆલા થકી પહેલા અંબયિાએ કિરામ عليهم السلامને એમના માગ્યા બાદ આપવામાં આવ્યું એ આપને માગ્યા વિના જ આપવામાં આવ્યું.

૪૧. હુઝૂર ﷺથી વહીની બધી જ કસમો સાથે કલામ કરવામાં આવ્યું.

૪૨. હુઝૂર ﷺ પર હઝરત ઈસ્રાફીલ عليه السلام નાઝિલ થયા જે આપના પહેલાં કોઈ પણ નબી પર નાઝિલ નથી થયા.

૪૩. જેણે હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા એણે હકીકતમાં હુઝૂર ﷺને જોયા, કેમ કે શૈતાન આપની સૂરત શરીફની જેમ નથી બની શકતો, આ વાત પર તમામ મુહદ્દિષોની એકમતિ છે.

૪૪. જાહેરી વિસાલ પહેલાં બીમારીમાં હુઝૂર ﷺની અયાદત (ખબર પૂછવા) માટે હઝરત જિબ્રઈલ عليه السلام ત્રણ દિવસ ખિદમતમાં હાજરી આપતા રહ્યા.

૪૫. જયારે મૌતના ફરિશ્તા હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા તો ઈજાજત માંગી, આપના પહેલા ઈજાઝત નથી માંગી.

૪૬. હુઝૂરે અકરમ ﷺનો રોઝા મુબારક કાબા શરીફ અને અર્શે મુઅલ્લાથી પણ અફઝલ છે.

૪૭. હુઝૂર ﷺને કયામતના દિવસે મકામે (મહમૂદ) આપવામાં આવશે જેનાથી મુરાદ મશ્હૂર મકામે શફાઅત છે.

૪૮. આપના મીલાદ શરીફ (વિલાદત) પછી શૈતાન આસ્માનથી રોકી દેવામાં આવ્યો.

૪૯. અલ્લાહ તઆલાએ આપ ﷺની હયાત, ઉમર, રિસાલત, મોઢું, ઝુલ્ફ, કૌલ, પગોની ધૂળ, શહર, વાલિદ તથા ઝબાનની કસમ યાદ ફર્માવી.

૫૦. આપને ચાર વઝીર આપવામાં આવ્યા : હઝરત જિબ્રઈલ عليه السلام, હઝરત મીકાઈલ عليه السلام, હઝરત સિદ્દીકે અકબર رضى الله عنه, હઝરત ઉમર ફારૂકે આઝમ رضى الله عنه.

*(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, ફેબ્રુઆરી–૨૦૧૩)*

પેજ નં. ૧૮ નું ચાલુ...

**અક્સ અફગન હૈ હિલાલે લબે શહ જૈબ નહીં**
**મહરે આરિઝ કી શુઆએં હૈં ન તારે દામન**

*(અક્સ = સાયો, અફગન = નાખનાર, હિલાલ = પહેલો ચાંદ, લબે શહ = હુઝૂર ﷺ ના હોઠ મુબારક, જૈબ = ગરીબાન, સીનો, મહર = સૂરજ, આરિઝ = ગાલ, શુઆએં = કિરણો)*

**અર્થ** : હુઝૂર ﷺના મુબારક હોઠ સાયો કરેલ છે ગરીબાન નહીં, અને હુઝૂર ﷺના રૂખ્સારના સૂરજનાં આ કિરણો છે, દામનના દોરાની નહીં.

**અશ્ક કહતે હૈં યે શૈદાઈ કી આંખેં ધોકર**
**અય અદબ ગર્દે નઝર હો ન ગુબારે દામન**

*(શૈદાઈ = આશિક, અશ્ક = આંસૂં, ગર્દે નઝર = આંખોની ધૂળ, ગુબાર = ધૂળ)*

**અર્થ** : યાદે નબવીમાં આશિકની આંખોમાંથી નીકળતાં આંસૂં કહે છે કે અમે આંખોને ગુસલ આપી દીધું છે પરંતુ અદબનો ખયાલ કરજો કે તમારી ધૂળ હુઝૂરે પાક ﷺના દામનને ન લાગી જાય.

**અય 'રઝા' આહ વો બુલબુલ કે નઝરમેં જિસ્કી**
**જલ્વએ જૈબે ગુલ આએ ન બહારે દામન**

*(રઝા = ઈમાન અહમદ રઝા, આહ = અફસોસ !)*

**અર્થ** : હે અહમદ રઝા ! અફસોસ છે તે બુલબુલ પર જેને ન ફૂલનો ચહેરો પસંદ આવે છે ન ફૂલનો દામન.

# સારી નિય્યતોના ફાયદા

★ રજૂકર્તા ★

રજૂકર્તા : **સિરાજ લોખંડવાલા-ભાવનગર**
*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવે છે : ''તો જેને પોતાના રબથી મળવાની ઉમ્મીદ હોય તેણે જોઈએ કે નેક કામ કરે અને પોતાના રબની બંદગીમાં કોઈને શરીક ન કરે.'' (કન્ઝુલ ઈમાન, સૂરએ કહફ, આ. ૧૧૦)

હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, ''અમલોનો દારોમદાર નિય્યતો ઉપર છે અને તે શખ્સ માટે એ જ છે જેની તે નિય્યત કરે છે.'' એટલે કે જેવી નિય્યત કરે છે તેવો તેને બદલો મળશે.

હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''જે શખ્સ સવાબની નિય્યતથી અમલ કરે છે તે વેપારી છે, અને જે દોઝખના ડર અથવા જન્નતની લાલચમાં અમલ કરે છે તે ગુલામ છે, અને જે શખ્સ કેવળ અલ્લાહ તબારક વ તઆલાની રઝા અને ખુશનુદી માટે નેક કામ કરે છે તે હક઼ીક઼તમાં આઝાદ છે, અને આ જ ઉચ્ચ મર્તબો છે.''

કોઈ પણ નેક કામ કેવળ અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવા માટે જ કરો.

હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ ફર્માવે છે કે કોઈ શખ્સની ગેરહાજરીમાં તેના માટે દુઆ કરવી તેની મુલાકાત અને ઝિયારતથી વધારે અફઝલ છે. કેમ કે તેના સામે તેના માટે દુઆ કરવી રિયાકારી (દેખાડો)માં સામેલ થાય છે.

## ★ સારી નિય્યતવાળો અમલ શયતાનને ભગાડે છે ! ★

અહયાઉલ ઉલૂમમાં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે, કોઈક આબિદને ખબર મળી કે ઘણા લોકો ફલાણા ઝાડની પૂજા કરે છે, તે તેને કાપવાના ઈરાદાથી ચાલ્યો કે શયતાન ઈન્સાનની શક્કલમાં રસ્તા વચ્ચે મળ્યો અને કહેવા લાગ્યો કે જો તે ઝાડને તેં કાપી પણ નાખ્યું તો લોકો કોઈક બીજા ઝાડની પૂજા કરવા લાગશે, માટે તું મારી ઈબાદતમાં મશરૂફ રહે અને તેને ન કાપ. આબિદે કહ્યું, હું તેને જરૂર કાપીશ ! શૈતાને તેને પાછો રોકયો તો બંને વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ ત્યાં સુધી કે આબિદે શૈતાનને ભાગવા માટે મજબૂર કરી દીધો. પણ શૈતાને મક્કારીની જાળ ફેંકી અને તેને કહેવા લાગ્યો, મારી વાત માન અને તારી ઈબાદતમાં લાગ્યો રહે, હું દરરોજ રાત્રે બે અશરફીઓ તારા માથા પાસે રાખી દઈશ ! તું ગરીબ અને નાદાર માણસ છે, જો અલ્લાહ તબારક વ તઆલાને એ પસંદ હોત કે (કે આ ઝાડ કોઈક કાપી નાખે) તો તે પોતાના કોઈ રસૂલને મોકલતો કે જે આ ઝાડને કાપી નાખત. જ્યારે તું તે ઝાડની પોતે ઈબાદત નથી કરતો તો તને તેનાથી શું છે ? આબિદ શૈતાનની જાળમાં ફસાઈ ગયો અને પાછો ચાલ્યો ગયો. રાત્રે હક઼ીક઼તમાં તેને માથા પાસે બે અશરફીઓ મળી. એવી જ રીતે બીજી રાત્રે પણ મળી. પછી ત્રણ દિવસ કાંઈ હાથ ન આવ્યું, ફરી તે આબિદ ઝાડને કાપવા માટે બહાર નીકળ્યો તો શયતાનને મુક઼ાબલામાં જોયો, મુક઼ાબલો થયો તો શયતાન તેના પર સવાર થઈ ગયો. આબિદે આશ્ચર્યથી પૂછયું, શું કારણ છે કે પહેલાં હું તારી ઉપર ગાલિબ આવ્યો અને આજે તું ?! શયતાન બોલ્યો, તે દિવસે તું અલ્લાહ તઆલા માટે મારી ઉપર ગઝબનાક થયો હતો પણ આજે બે અશરફીઓ માટે ! જાણવા મળ્યું કે સારી નિય્યત (અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવા માટેની) શયતાન ઉપર સરસાઈ આપે છે અને ખરાબ નિય્યતના કારણે શયતાન ગાલિબ આવી જાય છે.

આપણે ઘણીવાર એવું વિચારીએ છીએ કે મેં આ નેક કામ કર્યું પણ તેનો ફાયદો મને મળ્યો નહીં. પણ આપણે એ નથી વિચારતા કે જ્યારે અમલની શરૂઆત કરી હતી ત્યારે નિય્યત સારી હતી પણ પછી શયતાનના વસવસાના કારણે આપણી નિય્યતમાં ફરક આવી ગયો એટલા માટે આપણને ફાયદો ન

પહોંચ્યો. વિચાર કરો ! સારી નિય્યત હોય તો શયતાન પણ ભાગવા ઉપર મજબૂર થઈ જાય છે, તો જો આપણે હમેશાં સારી નિય્યતવાળા અમલ કરીએ તો કેવો ફાયદો થાય !

**★ નેક અમલમાં દુનિયાને ભેગી ન કરો ! ★**

એક શખ્સ જેહાદ માટે રવાના થવા લાગ્યો તો સાથે તાજુ ઘાસ બાંધી લીધું, એટલા માટે કે તેને વેચીને કાંઈક ફાયદો મેળવી લે, પણ રાત્રે તેણે ખ્વાબમાં જોયું કે બે ફરિશ્તા આપસમાં વાતો કરી રહ્યા છે કે ફલાણા શખ્સને મુજાહિદ લખો, ફલાણાને નેક અને ફલાણાને રિયાકાર (દેખાડો કરવાવાળો) લખો ! પણ જ્યારે તે શખ્સની વારી આવી તો ફરિશ્તાએ તેને જોતાં જ કહ્યું કે આને વેપારી લખો ! તે શખ્સ જોરથી બોલ્યો, આશ્ચર્યની વાત છે કે હું તો જેહાદ માટે નીકળ્યો છું ! ફરિશ્તો બોલ્યો, તેં રવાના થતા સમયે પોતાની સાથે ઘાસ એ નિય્યતથી લીધું હતું કે તેને વેચીને તું નફો મેળવી લઈશ. આ સાંભળતાંની સાથે જ તે શખ્સ અફસોસ કરવા લાગ્યો તો બીજા ફરિશ્તાએ કહ્યું કે હવે તેને મુજાહિદીનની લિસ્ટમાં સામેલ કરી લો. તેણે રસ્તામાં ઘાસ નફો મેળવવા માટે લીધું હતું પણ તેના માટે તે જ થશે જે અલ્લાહ તબારક વ તઆલા ફેંસલો કરશે.

જોયું તમે નિય્યતમાં ફરક આવ્યો તો શું થયું ?! સવાબ તો ખૂબ દૂરની વાત રહી તેને વેપારી કહેવામાં આવ્યો.

**★ સારી નિય્યતનો બદલો ★**

હઝરત અલ્લામા દમીરી رحمۃ اللہ علیہ ''હયાતુલ હયવાન''માં લખે છે કે, જ્યારે હઝરત આદમ علیہ السلام જમીન ઉપર તશરીફ લાવ્યા તો જંગલના જાનવરો આપની ખિદમતમાં સલામ અને ઝિયારત માટે હાજર થયા. આપ તે બધા જાનવરો માટે દુઆ કરતા ત્યાં સુધી કે એક હરણોનું ટોળુ આવ્યું. આપે તેમની માટે પણ દુઆ કરી અને તેમની પીઠ ઉપર પ્રેમથી હાથ પણ ફેરવ્યો તો તેનાથી કસ્તૂરી પેદા થઈ. (તેનાથી આખુ જંગલ મહેકવા લાગ્યું). એક બીજી જમાઅતે તેમને સુગંધ (કસ્તૂરી) બાબત પૂછયું તો તેઓએ કહ્યું, અમો હઝરત આદમ علیہ السلامની ખિદમતમાં ઝિયારત માટે હાજર થયાં તો આપે દુઆ આપ્યા પછી પ્રેમની સાથે અમારી પીઠ ઉપર હાથ ફેરવ્યો જેના કારણે અમે ખૂબીથી માલામાલ થયાં. આ સાંભળતાં જ હરણોનું બીજુ ટોળુ હાજર થયું, આપે તેમના માટે દુઆ કરી અને તેમની પીઠ ઉપર મુબારક હાથ ફેરવ્યો પણ સુગંધ (કસ્તૂરી)ન નીકળી. તે પોતાના હરણોના ટોળાને પાછા આવી કહેવા લાગ્યાં કે અમે પણ તમારી જેમ અમલ કર્યો હતો પણ સુગંધ પેદા ન થઈ, તેનું શું કારણ છે ?! જવાબમાં તેઓએ કહ્યું, અમે તો હઝરત આદમ علیہ السلامની ઝિયારત કેવળ અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવા માટે કરી હતી, તમે તો સુગંધ (કસ્તૂરી) મેળવવા માટે હાજર થયા હતાં. અમે તો સારી નિય્યતના કારણે સરફરાઝ થયાં અને તમે કેવળ સુગંધ (કસ્તૂરી) મેળવવાની નિય્યતના કારણે નાકામ થયાં.

જોયું ! હરણોએ સારી નિય્યત અને મહોબ્બતની સાથે અલ્લાહ તબારક વ તઆલાના પ્યારા નબી હઝરત આદમ علیہ السلامની ઝિયારત કરી તો કેવું ઈનામ મળ્યું ! જો આપણે સાચી મહોબ્બતની સાથે હુઝૂર صلی اللہ علیہ وسلمના રોઝએ પાક ઉપર હાજરી દઈએ તો કેવાં ઈનામ મળે ! જો હરણો આદમ علیہ السلامથી ફયઝ હાંસલ કરે છે તો શું આપણે હુઝૂર صلی اللہ علیہ وسلم અને તેમના પ્યારા ગુલામો (અલ્લાહવાળા)થી ફયઝ હાંસલ ન કરી શકીએ ?!

**★ સારી નિય્યતમાં થોડોક ફરક આવ્યો અને અમલમાં કેટલું મોટું નુકસાન ! ★**

બુઝુર્ગોમાંથી કોઈક બુઝુર્ગે પોતાની કૈફિયત બયાન કરતાં કહ્યું કે મને ત્રીસ વરસ સુધી બરાબર પહેલી સફમાં બાજમાઅત નમાઝ પઢવાની સઆદત હાંસલ હતી. પણ એક દિવસ મોડા પહોંચવાના કારણે બીજી સફમાં જગ્યા મળી. લોકોએ મારી તરફ જોયું તો મને ખૂબ શરમ આવી ! મારા દિલમાં ખયાલ આવ્યો કે લોકો મને હમેશાં પહેલી સફમાં જુએ છે.

આ ખયાલ આવતાં જ તેમનામાં ખુદાનો ખૌફ છવાઈ ગયો અને પાછલાં ત્રીસ (લગભગ) વરસોની સર્વ નમાઝો તેમણે કઝા કરવા માંડી કે મેં લોકોને દેખાડવા જ નમાઝો પઢી હતી !

જોયું ! નિય્યતમાં ફરક આવ્યો અને નેક અમલમાં કેટલું મોટુ નુકસાન થયું ! માટે હમેશાં નિય્યત સારી (અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવા માટેની) રાખવી. લોકોની વાહવાહ તરફ ધ્યાન ન દેવું જોઈએ. આપણો અમલ ફક્ત અલ્લાહ તબારક વ તઆલા માટે જ હોવો જોઈએ.

હઝરત અબૂ સુલૈમાન દારાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ખુશખબરી છે તે શખ્સ માટે જેનો એક પણ કદમ ખાલિસ ખુદા માટે ઉપડયો હોય. (અલ્લાહ તઆલાને રાજી કરવા માટે જ કોઈ નેક અમલ કર્યો હોય.)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماની એક ઊંટણી ગુમ થઈ ગઈ તો આપે ફર્માવ્યું, તેને ફીસબીલિલ્લાહ આપી. (અલ્લાહના નામ ઉપર આપી દીધી) પછી કોઈક ખબર આપવવાળાએ ખબર આપી કે તે ઊંટણી ફલાણી જગ્યાએ મૌજૂદ છે. આપ સાંભળતાં જ તે જગ્યા તરફ ચાલવા લાગ્યા, પણ અચાનક ઉભા રહી ગયા અને ઈસ્તિગફાર કરવા લાગ્યા, એટલા માટે કે આપે તેને ગુમ થઈ જવાની સાથે જ તેને અલ્લાહની રાહમાં વકફ કરી દીધી હતી.

### ★ સારી નિય્યતનો કેટલો સારો સવાબ !★

એક શખ્સની હિકાયત છે કે તેને કોઈ કે ખ્વાબમાં જોયો તો પૂછયું, અલ્લાહ તબારક વ તઆલાએ તારી સાથે કેવો મામલો કર્યો ?! તે શખ્સે કહ્યું, મેં જેટલાં પણ નેક કામ અલ્લાહ તબારક વ તઆલા માટે કર્યાં હતાં તે બધાનો મને અજર (બદલો) મળ્યો, ત્યાં સુધી કે મારી એક બિલાડી મૃત્યુ પામી હતી તેના ઉપર મેં સવાબની ઉમ્મીદ રાખી હતી (મતલબ બિલાડીની ખિદમત કરી હતી) તેનો પણ નેકીઓના ત્રાજવામાં મેં સવાબ જોયો. જ્યારે મેં આ હાલત જોઈ તો અર્ઝ કરી, હે અલ્લાહ ! મારો એક ગધેડો હતો ! અવાજ આવ્યો, તેં એના બારામાં સવાબની ઉમ્મીદ રાખી ન હતી, જો તેની ખિદમતમાં પણ સવાબની ઉમ્મીદ રાખી હોત તો તેના બદલે પણ સવાબ મળત.

### ★ એક મા એ પોતાના છોકરાને અલ્લાહની રાહમાં આપી દીધો ! ★

એક સાલેહ ખાતૂનની હિકાયત છે કે તેણે પોતાના લખ્તે જિગરને અલ્લાહ તબારક વ તઆલાની રાહમાં આપી દીધો, પણ ઘણા સમય પછી તે છોકરો પોતાની વાલિદાની ખિદમતમાં હાજર થયો. જ્યારે તેણે દરવાજો ખટખટાવ્યો અને અવાજ આવ્યો, હે મારી વાલિદા ! હું તારો ફલાણો છોકરો છું ! મા એ જવાબ આપ્યો, હે બેટા ! મેં તને અલ્લાહની રાહમાં આપી દીધો છે ! હવે તને ક્યારેય નહીં જોઉં ! પછી તે છોકરો અલ્લાહ તબારક વ તઆલાની મહોબ્બતમાં સરશાર થઈ ગયો કે પછી તેણે ક્યારેય આંખ ઉપર કરીને કોઈને જોવાનું ગવારા ન કર્યું. (અલ્લાહ તબારક વ તઆલાની મહોબ્બતમાં ફના થઈ ગયો.)

જોયું ! પહેલાંની મુસલમાન ઔરતો કેવી અલ્લાહ તબારક વ તઆલાથી મહોબ્બત કરતી હતી, જ્યારે આજની મુસલમાન ઔરતો ફજરની નમાઝ માટે પણ ન પોતે ઊંઘ કુર્બાન કરે છે ન પુત્રની ઊંઘને કુર્બાન થવા દે છે !(ઈલ્લા માશાઅલ્લાહ !)

### ★ પહાડની રેતીના કણ બરાબર સવાબ★

હઝરત ઈમામ ગિઝાલી رضی اللہ عنہ અહયાઉલ ઉલૂમમાં લખે છે કે દુકાળના અરસામાં બની ઈસ્રાઈલનો એક આબિદ રેતીના પહાડ પાસેથી પસાર થયો તો તે દિલમાંને દિલમાં કહેવા લાગ્યો, કેવું સારું થાત કે આ રેતીનો પહાડ લોટ (અનાજનો લોટ) બની જાત અને હું બની ઈસ્રાઈલના ફકીરોને આપી દેત !

અલ્લાહ તબારક વ તઆલાએ તે સમયના નબી علیہ السلامની તરફ વહી મોકલી કે ફલાણા શખ્સને કહી દો કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, તને તારી નિય્યતના પ્રમાણે તે પહાડની રેતીના મુતાબિક

એટલી નેકી આપી કે જેના પ્રમાણમાં લોટ હોતો કે જે તું ખૈરાત કરત.

જોયું ! કેટલી સારી નિય્યત અને કેટલો સારો બદલો મળ્યો ! હે મુસલમાન ૨૪ કલાક હાય દુનિયા ! હાય દુનિયા ! જ કરશો કે આખેરત માટે પણ કંઈક કરશો ?! કેમ કે જેના દિલમાં અલ્લાહ તબારક વ તઆલાનો ડર, મૌતની ફિક્ર, આખેરતની ફિક્ર હશે એ નેક કામ કરતો જોવા મળશે, માટે આખેરતની ફિક્ર કરો અને સારી નિય્યત વડે નેક કામ કરો !

### ★ જન્નત અને દોઝખની નિય્યત ★

હઝરત ઈમામ હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તબારક વ તઆલા જન્નતીઓને જન્નતમાં અને દોઝખીઓને દોઝખમાં તેમની નિય્યતના બદલે હમેશાં માટે રાખશે. કેમ કે ઈમાનવાળાની આ નિય્યત હોય છે કે તે આખી જિંદગી ખુદાની ઈબાદત કરતો રહે અને કાફિરની નિય્યત હોય છે કે તે આખી ઉમર મૌત સુધી કુફ્ર ઉપર કાઈમ રહે.

જોયું ! એક ઈમાનવાળા અને કાફિરમાં કેટલો ફરક છે ! હે મુસલમાનો ! આ ફિત્નાવાળા દૌરમાં પોતાના ઈમાનની ફિક્ર કરો અને ઈબાદતમાં લાગી જાવ. ધ્યાનમાં રાખજો જેવી રીતે કાફિર પોતાના કુફ્ર ઉપર ક઼ાયમ હોય છે એવી જ રીતે બદ્‌મઝહબ (વહાબી, દેવબંદી, તબ્લીગી, અહલે હદીષ...વગેરે) પોતાના બદ્‌અક઼ીદા ઉપર ક઼ાયમ હોય છે. એટલા માટે એમનાથી બચો અને આ દુનિયાની રંગરેલીમાં આવી જઈ પોતાના ઈમાનનો સોદો ન કરતા !

### ★ સારી નિય્યતથી ચિરાગ સળગતા રહ્યા ★

કોઈ શખ્સે પોતાના થોડાક મિત્રોને દા'વત આપી અને ૧૦૦૦ ચિરાગ રોશન કર્યા. (નોંધ : પહેલાંના જમાનમાં લાઈટ ન હતી માટે તે લોકો ઘરમાં ચિરાગ સળગાવતા હતા.) તો એ શખ્સે (દાવત આપનારને કહ્યં, તમે આટલા બધા ચિરાગ રોશન કરીને) ફુઝૂલ ખર્ચ કર્યો. દા'વત આપનારે કહ્યું, જાવ તે ચિરાગોમાંથી જે ચિરાગ ગૈરુલ્લાહ (અલ્લાહ તબારક વ તઆલા સિવાય બીજા માટે) સળગાવ્યો હોય તેને બુજાવી દો ! પણ તે શખ્સ એક પણ ચિરાગ બુઝાવી ન શક્યો !

સારાંશ કે દા'વત આપનારે મહેમાન આવવાની ખુશીમાં અલ્લાહ તબારક વ તઆલાને રાજી કરવાની નિય્યતથી ૧૦૦૦ ચિરાગ સળગાવ્યા હતા, તેમાં એક પણ ચિરાગ કોઈ બીજાની મહોબ્બતમાં ન હોતો સળ ગાવ્યો. જોયું ! મહેમાનની ખુશીમાં ચિરાગ સળગાવ્યા તો તેની હિફાઝત અલ્લાહ તબારક વ તઆલાએ કરી અને જો આપણે સારી નિય્યત વડે હુઝૂર ﷺની વિલાદતની ખુશીમાં આપણા ઘરને લાઈટથી રોશન કરીએ તો કેવો ફૈઝ મળે ?! જેથી વિલાદતની ખુશીમાં ઘરો, ગલીઓ, મહોલ્લાઓને ખૂબ શણગારો સજાવો.

### ★ એક બાદશાહની ખરાબ નિય્યત ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, કોઈ બાદશાહ ફરવા માટે બહાર નીકળ્યો તો તેણે એક માણસ પાસે એક એવી ગાય જોયી કે જે ત્રીસ ગાયની સંખ્યાના પ્રમાણમાં દૂધ દેતી હતી. બાદશાહને આશ્ચર્ય થયું અને તેણે તે ગાય પોતે લઈ જવાની નિય્યત કરી લીધી.

બીજા દિવસે ગાય દોહવાના સમયે તે બાદશાહ પાછો આવ્યો તો ગાયે પહેલાં કરતા અડધુ દૂધ આપ્યું. (૧૫ ગાય જેટલુ દૂધ આપ્યું). બાદશાહે પૂછયું, આનુ દૂધ પહેલાં કરતા ઓછું કેમ થઈ ગયું ?! શું તેને ઘાસચારો વગેરે ન હોતો આપ્યો ?! ગાયના માલિકે કહ્યું, તેને નિયમ પ્રમાણે બરાબર ઘાસચારો આપ્યો હતો. પણ મહેસૂસ થાય છે કે બાદશાહે જુલ્મનો ઈરાદો કરી લીધો છે ! આ સાંભળતાની સાથે જ બાદશાહે પોતાની નિય્યત સારી કરી લીધી તો ગાયે દૂધ પણ પહેલાંની જેમ આપવાનું શરૂ કરી દીધું.

### ★ નૈશેરવાં બાદશાહની ખરાબ નિય્યત ★

નૈશેરવાં (આ એક સમયનો બાદશાહ હતો) શિકાર માટે નીકળ્યો. રસ્તામાં એને તરસ લાગી. અચાનક એક બાગ તેણે જોયો અને તેમાં એક છોકરો

જોયો તો તેણે પાણી માગ્યું. તે છોકરાએ કહ્યું, અહીંયાં પાણી નથી. તો નૈશેરવાં બાદશાહે કહ્યું, તો પછી એક દાડમ લઈ આવ. તેણે એક દાડમ આપી. બાદશાહને ખૂબ જ મીઠી લાગી અને ઈરાદો કર્યો કે આ બાગ તે છોકરા પાસેથી લઈ લઈશ અને તેની સાથે જ તેણે એક બીજુ દાડમ ખાવા માટે માગ્યું. તે છોકરો દાડમ લાવ્યો. તેણે તોડયું તો કડવુ નીકળ્યું ! નૈશેરવાંએ કહ્યું કે શું આ કોઈક બીજા ઝાડનું દાડમ છે ? તે છોકરાએ જવાબ આપ્યો, ના ! આ તે જ ઝાડનું ફળ છે. નૈશેરવાંએ કહ્યું, તો પછી તેનો સ્વાદ કેમ બદલાઈ ગયો ?! છોકરાએ જવાબમાં કહ્યું, લાગે છે કે બાદશાહની નિય્યતમાં ફરક આવી ગયો છે (મતલબ જુલ્મ કરવાનો ઈરાદો કર્યો છે). આ સાંભળતાં જ નૈશેરવાંએ પોતાની નિય્યત સારી કરી લીધી અને કહ્યું કે એક દાડમ હજી આપ ! તે દાડમ લાવ્યો. તે દાડમ પહેલાં કરતાં વધારે મીઠી હતી. બાદશાહે કહ્યું, આ કેમ આટલી બધી મીઠી છે ?! છોકરાએ કહ્યું, હાકિમની નિય્યતમાં સુધારો આવ્યો હોવાના લીધે !

જોયું ! બંને બાદશાહોની હિકાયત વાંચ્યા પછી શું જાણવા મળ્યું ?! એ જાણવા મળ્યું કે નિય્યતમાં થોડોક પણ ફરક આવે છે તો તેનું પરિણામ કેવું આવે છે ! આ બધી હિકાયતોમાં બોધ છે સમજદારો માટે, જેમ કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના પ્યારા કલામમાં ઘણી બધી આવી હિકાયતો વર્ણવી છે કે લોકો વાંચ્યા પછી તેના ઉપરથી બોધ ગ્રહણ કરે.

*("નુઝહતુલ મજાલિસ" ભાગ–૧)*

## ★ રાજપીપળામાં જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો ★

તા. ૨૮–૧–૨૦૧૩ સોમવારના રોજ ઈશાની નમાઝ બાદ હઝરત સૈયદ સુબ્હાનીમિયાં અશરફી (ખલીફા શૈખુલ ઈસ્લામ)ની સદારતમાં શાનો શૌકતથી "જશ્ને મીલાદુન્નબી" ﷺનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અતાએ મુફતીએ આ'ઝમે હિંદ ખતીબે બેમિષાલ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નબી કરીમ ﷺના ઉચ્ચ મર્તબાની છણાવટ કરી હતી તથા નબી કરીમ ﷺ સાથે મહોબ્બતના રિશ્તાને મજબૂત કરવા તથા બદ્‌મઝહબોથી દૂર રહીને આપ ﷺના નક્શે કદમ પર ચાલવા સુન્ની અવામને અપીલ કરતું અસરકારક બયાન કર્યું હતું.

**બાલાશિનોર** : ખાતે તા. ૩૦–૧–૨૦૧૩ બુધવારે ઈશાની નમાઝ બાદ "જશ્ને મીલાદુન્નબી" ﷺનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે નબી પાક ﷺના અખ્લાકે કરીમા પર મુદલ્લલ બયાન કરીને એ જ રાહ પર ચાલવા સૌને અનુરોધ કર્યો હતો.

**દયાદરા** : ખાતે ઈદે મીલાદુન્નબી નિમિત્તે તા. ૨૧–૧–૨૦૧૩ના રોજ "મહેફિલે નઅત" મોટા ચકલા પર સજાવવામાં આવી જેમાં જનાબ કારી મક્સૂદ સાહબ કાવીવાળા (નાયબ પેશ ઈમામ સાહબ દયાદરા)એ અનોખા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. તેમજ તા. ૨૩–તથા ૨૪–જાન્યુ.–૨૦૧૩ની રાતોમાં મોટા ચકલા પર ઈશા બાદ શાનદાર જશ્ન મનાવાયા જેમાં હઝરત મૌલાના મોહિસન સાહબ (પેશઈમામ–દયાદરા)એ શાનદાર બયાનો કર્યાં હતાં. તેમજ ૨૫–૧–૨૦૧૩ મીલાદુન્નબીની સવારે જુલૂસે મીલાદુન્નબી રાબેતા મુજબ ગામમાં ફર્યું છેવટે મસ્જિદમાં મૌલાના મોહસિન સાહબના બાલ મુબારકની ફઝીલતમાં બયાન બાદ હુઝૂર ﷺના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી તથા અકુજી હોલ પર આમ ન્યાઝ જમાડવામાં આવી હતી. ઉપરાંત તા. ૨૬–૧–૨૦૧૩ શનિવારે વાડીવાળા સ્ટ્રીટમાં તેમજ ૯–૨–૨૦૧૩ના રોજ મોટા ફળીયામાં કારી મક્સૂદ સાહબ થકી મહેફિલે નઅતના પ્રોગ્રામો થયા હતા.

**ધનિયાવી** : ગામે ઉસ્માન ઈસપ લાંગના ઘરે સરકાર ﷺના મૂએ મુબારકની ઝિયારતના પ્રસંગે જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો જેમાં જનાબ હાફેઝ યુસુફ રૂડી દયાદરવી તેમજ ગામડી મસ્જિદના પેશ ઈમામ સાહબની શાનદાર તકરીરો થઈ હતી.

# સહાબીએ રસૂલ

# ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આપણા આકા ﷺએ જ્યાં સુધી અલ્લાહ عزوجلના આદેશોનું જાહેર એલાન ન કર્યું હતું તથા હક્ક અને બાતિલ વચ્ચેના સંઘર્ષમાં એટલી સખ્તી ન થઈ હતી ત્યાં સુધી આપની મજલિસમાં વિના ભેદભાવે લોકો હાજર થતા અને આપની વાતોને સાંભળતા.

તે જ સમયની વાત છે કે એક દિવસ સરવરે આલમ ﷺની મજલિસમાં અબૂ જહલ, ઉત્બા, શૈબા, ઉમય્યા બિન ખલ્ફ, વલીદ બિન મુગીરા વગેરે ઘણા બધા કુરૈશના રઈસો બેઠા હતા અને આપ ﷺ તેમને ઘણા જ ધ્યાનપૂર્વક હક્કની તબ્લીગ ફર્માવી રહ્યા હતા. એવામાં એક નાબીના લાઠીના ટેકે મજલિસે નબવી ﷺમાં હાજર થયા અને આ રીતે અર્ઝ કરવા લાગ્યા : "યા રસૂલલ્લાહ ! ﷺ મારી રહનુમાઈ ફર્માવો !" તિર્મિઝીમાં આ શબ્દો ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત થયેલ છે. ઈબ્ને જરીર અને ઈબ્ને અબી હાતિમ رضی اللہ عنہ કહે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماના કથન અનુસાર એ (નાબીના) સાહબ તે સમયે હુઝૂર ﷺથી કુર્આને હકીમની એક આયતનો મતલબ પૂછયો અને સાથે જ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ મને એ ઈલ્મ શિખવાડો જે અલ્લાહ તઆલાએ આપને શિખવ્યો છે."

હુઝૂર ﷺને કુરૈશના વડાઓના ઈમાન લાવવાની ઘણી જ આરઝૂ હતી, એટલા માટે આપ ﷺ સંપૂર્ણ ધ્યાન અને એકાગ્રતાની સાથે તેઓને ઈસ્લામની ખૂબીઓથી આગાહ ફર્માવી રહ્યા હતા કે કદાચ એમનામાંથી કોઈને હક્ક સ્વીકારવાની તૌફીક નસીબ થઈ જાય અને એ ઈસ્લામને બળ આપવાનો સબબ બની જાય, તે દરમિયાન નાબીના નવા આવનારની દખલગીરી પસંદ ન આવી અને આપ ﷺ તેમની તરફ ધ્યાન આપ્યા વિના કુરૈશના રઈસો સાથે વાતચીત કરતા રહ્યા. નાબીના તરફ ધ્યાન ન કરવા પર અલ્લાહ તબારક વ તઆલા તરફથી તુરત જ સૂરએ અબસ નાઝિલ થઈ. ઈર્શાદ થયો : "(ભાવાર્થ) ભવાં સંકોચ્યાં અને મોઢુ ફેરવ્યું એ બાબતે કે તેની પાસે પેલો અંધ આવ્યો. અને તમને શું ખબર કદાચ તે સ્વચ્છ બને અથવા નસીહત ગ્રહણ કરે તો તેને નસીહત લાભ આપે. તે જે બે પરવા બને છે તેની તો તમે પાછળ લાગેલા રહો છો અને તે સ્વચ્છ ન બને તો એમાં તમારું કશું નુકસાન નથી. અને તે જ તમારી સેવામાં દોડતો આવ્યો અને તે ડરી રહ્યો રહ્યો છે તો તેને મૂકીને બીજી બાજુ મગ્ન થાવ છો ? આમ નહીં ! આ તો શિખામણ છે તો જે ઈચ્છે તે એને ગ્રહણ કરે."

જિબ્રઈલે અમીન આ આયતો પઢતા જતા અને સરવરે આલમ ﷺના ચેહરએ અક્દસ ﷺ પર બેચૈનીનાં એંધાણ વધતાં જતાં. પરંતુ જ્યારે જિબ્રઈલે અમીને (ભાવાર્થ) : "આમ નહીં ! આ તો શિખામણ છે." પર પહોંચ્યા તો હુઝૂર ﷺને સંતોષ થયો કે વાસ્તવમાં આ તો સમજાવવા માટે છે. ત્યાર પછી આપ ﷺ તુરંત તે નાબીના વ્યક્તિના ઘરે તશરીફ લઈ ગયા. આપ ﷺ તેમને ફરી મજલિસમાં લાવ્યા અને પોતાની મુબારક ચાદર જમીન પર બિછાવી તેના પર તે નાબીના વ્યક્તિને ઘણા જ સન્માન તથા મહોબ્બત સાથે બેસાડયા, ત્યાર પછી બારગાહે નબુવ્વતમાં તેમને હમેશાં મહબૂબિયતનો દરજો પ્રાપ્ત થઈ ગયો. તે ખુશનસીબ નાબીના જેમના ખાતર રબ્બે ઝુલજલાલે પોતાના મહબૂબને સૂચન આપ્યું તે હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ હતા.

હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہની ગણના અત્યંત જલીલુલ કદ્ર સહાબામાં થાય છે, આપ સાબેક઼ીન અવ્વલીનના એ મુક઼દ્દસ ગિરોહમાંથી છે જે નબુવ્વતના બિલ્કુલ પ્રારંભિક દૌરમાં ઈસ્લામથી પાવન થયા. હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમનું વાસ્તવિક નામ બઈખ્તેલાફે રિવાયત ઉમર હતું પરંતુ વાલિદાની કુન્નિયત (ઉપનામ)ના આધારે ઈબ્ને ઉમ્મે મક્તૂમના નામથી પ્રચલિત થયા. વાલિદનું નામ કૈસ બિન ઝાઈદા, વાલિદાનું નામ આતિકા (ઉમ્મે મક્તૂમ) બિન્તે અબ્દુલ્લાહ હતું.

હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ ભલે આંખોની રોશનીથી મહેરૂમ હતા પરંતુ અલ્લાહ તઆલાએ તેમને ઘણા જ નેક અને પવિત્ર પ્રકૃતિવાળા બતાવ્યા હતા એટલા માટે એલાને નબુવ્વત પછી દા'વતે હક્ક઼નો અવાજ જેવો એમના કાને પડયો વિના સંકોચે તેને સ્વીકારી લીધો. તેમણે સૂરએ અબસ નાઝિલ થતા પહેલાં ઈસ્લામ સ્વીકાર્યો અથવા એના પછી, એ વિશે મતભેદ છે. પરંતુ એમના ક઼દીમુલ ઈસ્લામ હોવામાં કોઈ શંકા નથી. હાફિઝ ઈબ્ને હજર અને હાફિઝ ઈબ્ને કષીરનું બયાન છે કે હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہએ સહાબાએ કિરામમાંથી હતા જેઓ મક્કામાં બહુ પહેલાં ઈસ્લામ લાવ્યા હતા. સૂરએ અબસ નાઝિલ થયા પછી રહમતે આલમ ﷺ, ઉમ્મહાતુલ મુ'મિનીન અને તમામ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમનું અસામાન્ય માન સન્માન કરતા હતા. તેઓ જ્યારે પણ કાશાનએ નબુવ્વત પર હાજર થતા ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا મધ અને લીંબુ પીરસીને આપની મહેમાનનવાઝી કરતાં.

હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ બારગાહે રિસાલતમાં હાજર થતા તો રહમતે આલમ ﷺ એમને જોઈને ફર્માવતા કે એ માણસને મર્હબા (ભલે પધારો !) કે એમના માટે અલ્લાહ તઆલાએ મને સૂચના કરી. પછી તેમને પૂછતા કે કોઈ જરૂરત છે ? જો કોઈ હાજત બયાન કરતા તો હુઝૂર ﷺ તુરંત તેમની જરૂરત પૂરી ફર્માવી દેતા.

સરવરે આલમ ﷺએ જ્યારે સહાબાએ કિરામને મદીના મુનવ્વરા તરફ હિજરતની ઈજાઝત આપી તો હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ પણ હિજરત કરી મદીના મુનવ્વરા ચાલ્યા ગયા. જ્યારે હુઝૂર ﷺ ખૂદ હિજરત કરી મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہને અઝાન આપવાની જવાબદારી સોંપી. સહીહ બુખારીમાં છે કે રમઝાનુલ મુબારકમાં તેમની અઝાન સાંભળી લોકો ખાવા પીવાનું બંધ કરી દેતા જાણે તેમની અઝાન શેહરી ખતમ થવાનું એલાન સમજવામાં આવતી.

હિજરત પછી ગઝવાતનો સિલસિલો શરૂ થયો તો આપના દિલમાં પણ જિહાદ ફી સબીલિલ્લાહમાં ભાગ લેવાની તડપ પેદા થઈ પરંતુ પોતાની મા'ઝૂરીના કારણે ભાગ લઈ શક્તા ન હતા. જ્યારે એ આયતે કરીમા નાઝિલ થઈ કે, "જે મુસલમાનો ઘરોમાં બેસી રહે છે તેઓ દરજામાં મુજાહિદીન ફી સબીલિલ્લાહના બરાબર નથી." તો ઈત્તેફાક઼થી તે સમયે હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ પણ ત્યાં આવી પહોંચ્યા. આ આયત સાંભળી તો ઘણી જ આરઝૂપૂર્વક સરવરે આલમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા મા બાપ આપ પર કુર્બાન ! જો હું મા'ઝૂર ન હોત તો હરગિઝ ઘરે ન બેસતો બલ્કે જિહાદ ફી સબીલિલ્લાહમાં શરીક થતો.

તેમની આ બેચૈનીભરી આરઝૂ બારગાહે ખુદાવંદીમાં એટલી મક઼બૂલ થઈ કે તે જ સમયે આ આયત નાઝિલ થઈ : "સરખા નથી તે મુસલમાન જેઓ કારણ વગર જેહાદથી બેસી રહે અને તેઓ કે ખુદાના માર્ગે પોતાના માલ અને પ્રાણો સહિત જેહાદ કરે છે. *(સૂરએ નિસાઅ, આ. : ૧૩)*

જાણે અલ્લાહ તઆલાએ આ રીતે હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ જેવા મા'ઝૂર મુસલમાનોને જેહાદના હુકમથી મુક્ત ફર્માવી દીધા.

હાફિઝ ઈબ્ને હજર અને અલ્લામા અબ્દુલ બર્રએ લખ્યું છે કે આ આયત નાઝિલ થયા પછી હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ મા'ઝૂર (નાબીના) હોવાના કારણે જેહાદમાં શરીક થવાના માટે બંધાયેલા ન રહ્યા હતા પરંતુ એમને જેહાદ ફી સબીલિલ્લાહનો એટલો શોખ હતો કે અમુક ગઝવાઓમાં લોકો પાસે અલમ (ઝંડો) લઈ બે સફો વચ્ચે ઊભા થઈ ગયા અને યુદ્ધ સમાપ્ત થતા સુધી અડગ પહાડ બની પોતાની જગાએ જમી રહ્યા, તેમનો એ જ ફિદા થવાનો જઝબો હતો જે તેમને બારગાહે રિસાલતમાં અત્યંત માનવંત તથા મોહતરમ બનાવી દીધા હતા.

અલ્લામા ઈબ્ને સઅદનું બયાન છે કે હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ કુર્આનના હાફિઝ હતા અને હિજરત પછી મદીના મુનવ્વરામાં લોકોને કિ઼ર્અત શિખવતા હતા. તેમને મસ્જિદે નબવીમાં બાજમાઅત નમાઝ અદા કરવાનો પણ અત્યંત શોખ હતો. ઘર જો કે મસ્જિદે નબવીથી દૂર હતું પરંતુ તેઓ પાંચેવ સમય ઘણી જ ઝડપથી રસ્તો ફંફોસતા. મસ્જિદમાં પહોંચી જતા અને જમાઅતની સાથે નમાઝ અદા કરતા. રસ્તામાં કેટલીયે જગાએ ઝાડીઓ હતી અને તેઓ કોઈ સાથ કે માર્ગદર્શક વિના હોતા એટલા માટે ઘણીવાર એવું બન્યું કે આપના લિબાસ મુબારકનો છેડો કોઈ ઝાડીમાં અટવાઈ જતો જેને છોડાવવામાં આપને ઘણી મુશ્કેલી ઉઠાવવી પડતી. એકવાર રસૂલે અકરમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ અમુકવાર મને ઘરેથી મસ્જિદ સુધી આવતા ઘણી તકલીફ પડે છે તો શું હું ઘરે નમાઝ પઢી લઉં ?! હુઝૂર ﷺએ પૂછયું, શું તમે પોતાના ઘરે અઝાન અને ઈકામતનો અવાજ સાંભળો છો ?! તેમણે અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હુઝૂર ﷺએ ફર્માવ્યું, તો પછી તમે જરૂર મસ્જિદમાં જ નમાઝ અદા કરતા રહો. જેથી ત્યાર પછી આપ હમેશાં શોખ અને લગનની સાથે પાંચેવ સમય મસ્જિદે નબવીમાં પાબંદી સાથે આવતા રહ્યા.

સરવરે આલમ ﷺએ વિસાલ ફર્માવ્યો તો હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ પર ગમીનો પહાડ તૂટી પડયો, હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہماએ તેમને તસલ્લી આપી અને તેઓ ખામોશીની સાથે મદીના મુનવ્વરામાં જીવન વિતાવવા લાગ્યા. છતાં આપના દિલમાં વારંવાર જેહાદની તમન્ના ઉત્પન્ન થતી. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં તેમનો યોગ્ય વઝીફો નક્કી કરી દીધો હતો અને ઘરથી મસ્જિદ સુધી માર્ગદર્શન માટે એક ખાદિમ પણ આપ્યો હતો પરંતુ જેહાદની તમન્નાએ તેમને ઘરમાં ચેનથી બેસવા ન દીધા. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہને ઈરાક઼ અરબને તાબે કરવા રવાના કર્યા તો હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ પણ મા'ઝૂર હોવા છતાં ઈસ્લામી લશ્કરમાં સામેલ થઈ ગયા.

અલ્લામા ઈબ્ને સઅદ અને હાફિઝ ઈબ્ને હજરે લખ્યું છે કે ક઼ાદસિયાની ખૂનરેઝ લડાઈ જેનાથી ઈરાક અરબની કિ઼સ્મતનો ફેંસલો થઈ ગયો. તેમાં હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ પણ શરીક હતા. તેઓ બખ્તર પહેરી ઝંડો ઉઠાવી મુજાહિદીને ઈસ્લામની સફોમાં ઉભા થઈ ગયા, લડાઈએ જોશ પકડયો તો મુસલમાન અને ઈરાની ફૌજ વચ્ચે એકબીજા સાથે એ રીતે ઝપાઝપી થઈ ગઈ કે સફોની ગોઠવણ ન રહી શકી. એ જ અફરાતફરીમાં હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہએ જામે શહાદત નૌશ ફર્માવ્યો.

અલ્લામા વાકિ઼દીનું બયાન છે કે હઝરત ઈબ્ને ઉમ્મ મક્તૂમ رضی اللہ عنہ મદીના મુનવ્વરામાં વફાત પામ્યા પરંતુ અન્ય ઉલ્મા પ્રથમ (ઉપરોક્ત) રિવાયતને જ સહીહ ઠરાવે છે. હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہથી અમુક હદીષો પણ રિવાયત થયેલ છે જેના રાવી હઝરત અનસ અને ઝર બિન જૈશ છે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ)

# હઝરત નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

અઝ : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદરમુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

નામ મુબારક સૈયદ મુહમ્મદ, લકબ-શૈખુલ મશાઈખ, નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી. આપ નજીબુત્તરફૈન (માતા પિતા બંને તરફથી) હુસૈની સૈયદ છે. આપની વિલાદત (જન્મ) ૨૭ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૬૩૪, ઈ.સ. ૧૨૩૬, યુ.પી.ના બદાયુંમાં થઈ. આપ પાંચ વરસના હતા કે વાલિદે ગિરામી હઝરત સૈયદ અહમદ رحمۃ اللہ علیہનો સાયો આપના સરથી ઉઠી ગયો અને આપ યતીમ થઈ ગયા. પરંતુ આપના વાલિદા માજિદાએ સખત કઠીન પરિસ્થિતિઓનો સામનો કરી પોતાના પ્રિય ફરઝંદની તા'લીમો તર્બિયત ફર્માવી. હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہએ કુર્આન શરીફ તથા સર્ફ, નહવ (અરબી ગ્રામરની) પ્રારંભિક કિતાબોની તા'લીમ બદાયુંમાં પ્રાપ્ત કરી દિલ્હી તશરીફ લાવ્યા. આપે ત્યાં પોતાની ઈલ્મી પ્યાસના મુજબ કેટલાક માહિર ઉસ્તાદો પાસે વિસ્તૃત ઈલ્મ પ્રાપ્ત કર્યો. અને અમુક આલિમોથી થોડોક થોડોક ઈલ્મ પ્રાપ્ત કરીને પોતાની ખુદાદાદ બુદ્ધિતીવ્રતાના કારણે સબક તથા દર્સના સાથીઓમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું. બહષ તથા ઈલ્મી ચર્ચામાં આપ હમેશાં પોતાના સાથીઓ પર સવાર રહેતા. જેથી આપણે નિઝામુદ્દીન બહહાષ (ઉચ્ચ બહષ કરનાર) તથા નિઝામુદ્દીન મેહફિલ શિકન (પોતાની ઈલ્મી કાબેલિયત દ્વારા મહેફિલ પર છવાય જનાર)ના નામથી યાદ થવા લાગ્યા. દિલ્હીના નામચીન ઉસ્તાદોમાં મૌલાના શમ્સુદ્દીન, મૌલાના બુરહાનુદ્દીન, મૌલાના મુહમ્મદ બિન અહમદ છે.

**રૂહાની તા'લીમો તર્બિયત** : દિલ્હીમાં ઈસ્લામી તા'લીમ તથા રિવાયતી ફનો (રિવાજ મુજબની વિદ્યાઓ) પ્રાપ્ત કરી ચૂક્યા હતા. જો આપ ચાહતા તો કોઈ ઉચ્ચ દર્સગાહની શોભા બનતા અથવા હુકૂમતના કોઈ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થતા, પરંતુ રૂહાનિયત તથા બાતિની સ્થિતિઓના (આધ્યાત્મિક સ્થિતિઓના) ચસ્કાએ હઝરત શૈખુશ્શુયુખ બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہની બારગાહમાં પહોંચાડી આપ્યા. આપે હઝરત બાબા ફરીદ ગંજશકર رحمۃ اللہ علیہથી મુરીદ થવાની ઈચ્છા વ્યક્ત કરી તો આપે વિના કોઈ સંકોચે સિલસિલએ ચિશ્તિયામાં દાખલ ફર્માવી લીધા. જ્યારે રાત થઈ તો હઝરત શૈખે પોતાના માનવંતા મુરીદ માટે ચારપાઈ બિછાવવાનો હુકમ આપ્યો, જ્યારે કે વરસોથી શયખની ખિદમતમાં મુજાહેદા તથા મુરાકેબા કરનારાઓને પણ આ પ્રકારનું સન્માન પ્રાપ્ત થયું ન હતું.

હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہએ દિલ્હીથી અજોધનના ત્રણ સફર કર્યા. ત્રીજા સફરમાં શૈખની રૂહાની તર્બિયત સંપૂર્ણ થઈ. જેથી મુર્શિદે કામિલે એ જ સફરમાં પોતાની સર્વ રૂહાની જવાબદારીઓ આપને અપર્ણ કરી રોશન ભવિષ્યની બશારત આપી અને ૧૩ રમઝાનુલ મુબારક હિ.સ. ૬૬૯ના રોજ બાબા ફરીદ رحمۃ اللہ علیہએ શૈખ બદરુદ્દીન ઈસ્હાકના હાથે ખિલાફતનામુ લખાવ્યું અને મહામૂલી દુઆઓની સાથે આપને ખિલાફતનામુ અતા ફર્માવ્યું. *(સિયરુલ અવલિયા-૧૨૬)*

હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہના વિસાલ બાદ આપ હઝરત સુલ્તાનુલ મશાઈખ હિંદુસ્તાનમાં ખાનવાદએ ચિશ્તના ચોથા સરબરાહ થયા. શરૂઆતમાં આપનો કયામ દિલ્હીના વિવિધ વિસ્તારોમાં રહ્યો, પરંતુ એક ગૈબી ઈશારા મુજબ જમના નદીના કિનારે ગયાષપૂરમાં સ્થાઈ થઈ ગયા અને ત્યાં જ ખાનકાહે નિઝામીની સ્થાપના કરી. જે

જોત જોતામાં મખ્લૂકે ખુદાનું એક આધ્યાત્મિક કેન્દ્ર બની ગઈ અને ટૂંક સમયમાં જ અવામ તથા ખાસ લોકો માટે ઈસ્લાહે બાતિનીની આ તેહરીકે એક ખુશ્ગવાર ક્રાંતિનું રૂપ ધારણ કરી લીધું. શૈખુલ મશાઈખ હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہના ઈર્શાદો તથા આદેશોની સારી અસર દિલ્હી તથા આસપાસના મુસલમાનો પર પડી, જેનો અંદાઝો ઝિયાઉદ્દીન બર્નીના બયાનથી કરી શકાય છે :–

"શૈખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہએ દિલ્હીમાં આમ બયઅતનો દ્વાર ખોલ્યો. ગુનહગારોને ખિર્કો (નેકીનો પોશાક) પહેરાવતા અને તૌબા કરાવી પોતાના મુરીદ બનાવતા. ખાસ તથા આમ, આલિમ તથા જાહિલ, શહેરી તથા ગ્રામ્યવાસી, દરેકને તૌબા કરાવતા, જેની અસર એ હતી કે જે લોકો મુરીદ થતા તેઓ બુરાઈઓથી બચતા અને ઈબાદતમાં લાગી જતા, મુરીદોની કેટલીક સંખ્યા તો ફર્ઝો ઉપરાંત નમાઝે ચાશ્ત તથા ઈશ્રાકની પાબંદી કરતા થઈ ગયા હતા. આસપાસથી ગયાષપૂર આવતા રસ્તાઓ પર ચબૂતરા તથા છાંયડા બનાવી દેવામાં આવ્યા હતા અને ત્યાં નહાવા, ધોવા તથા નમાઝ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી હઝરતની બારગાહમાં આવતા જતા લોકો સમયસર નમાઝ અદા કરી શકે અને ત્યાં આરામ કરી શકે. હઝરતની વાઅઝ તથા તા'લીમની એ અસર થઈ કે લોકો વાતચીતમાં પણ શરઈ મસાઈલ પૂછતા, નવાફિલ, કુર્આનની તિલાવત અને મસ્નૂન દુઆઓ વિશે ચર્ચા કરતા." *(તારીખે ફીરોજશાહ)*

હઝરતની ખાનકાહ રાજાઓ, મહારાજાઓ, આલિમો, ફાઝિલો, અવામ,નોકરો, વેપારીઓ, ફકીરો, મિસ્કીનો સર્વ માટે એક આકર્ષણનું કેન્દ્ર હતી. અહીંયાં દિલ તથા રૂહાની સફાઈ પણ થતી હતી, અખ્લાક તથા કેરકટરની ઈસ્લાહ પણ થતી હતી. શરીઅતના અહકામોનો લેહાઝ રાખવાનો દર્સ પણ આપવામાં આવતો હતો. દરેક મુસાફર માટે એક સાર્વજનિક લંગર પણ હતું, કદમ કદમ પર સહાય તથા માર્ગદર્શન પણ આપવામાં આવતું હતું.

**બાદશાહોથી બેતઅલ્લૂકી** : દિલ્હીના કયામના પ્રારંભિક દિવસોથી લઈને જિંદગીના અંતિમ દિવસ સુધી દિલ્હીના તખ્ત પર વિવિધ બાદશાહો બિરાજતા રહ્યા પરંતુ કેવળ એકવાર એક દીની જરૂરતના કારણે શાહી દરબારમાં તશરીફ લઈ ગયા, એ સિવાય ન કોઈ દરબારમાં હાજર થયા અને ન કોઈ બાદશાહને પોતાના ત્યાં આવવાની ઈજાઝત આપી, ન શાહી તોહફા કબૂલ કર્યા. એકવાર સુલ્તાન અલાઉદ્દીન ખિલજીએ પચાસ હજાર દીનાર નઝરાણા રૂપે મોકલ્યા પરંતુ આપે તેને હાથ પણ ન લગાડયો અને પરત કરી આપ્યા.

**આપનાં સદ્ગુણો** : હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ઝાત સદ્ગુણો તથા ઉચ્ચ અખ્લાકનો સુંદર નમૂનો હતી. ઈખ્લાસ (નિખાલસતા) તથા કુર્બાની, દર્દ તથા ભાવાનાઓની દૌલતથી માલામાલ હતા. અલ્લાહની મહોબ્બત તથા ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلمનો અતિ ઉત્તેજીત જઝબો આપની ગર્વ લેવા જેવી કિંમતી દૌલત હતી. સખાવત તથા દાનની એ સ્થિતિ હતી કે આપના દસ્તરખાનથી દરરોજ હજારો બંદગાને ખુદા ભાતભાતની નેઅમતોથી ધરાઈ જતા હતા અને આપ રોઝાથી હોતા અને ઈફતારમાં થોડાક કોળિયાથી વધારે ખાતા ન હતા. માફી તથા દરગુઝરની ભાવના તો એવી હતી કે પોતાના બદ્તરીન (ખતરનાક) દુશ્મનને પણ માફ ફર્માવી દેતા અને કોઈનાથી પણ બદલો ન લેતા. ફાકા તથા તંગદસ્તીની પરિસ્થિતિમાં પણ કોઈના સામે પોતાની હાજત, જરૂરત પેશ ન કરતા, દરેક પરિસ્થિતિમાં રઝાએ ઈલાહી પર શાકિર તથા સાબિર રહેતા. બેનિયાઝીનો એ હાલ હતો કે બાદશાહોનાં નઝરાણા તથા જાગીરોના પરવાનાનો પણ સ્વીકાર ન કરતા.

**આપ صلی اللہ علیہ وسلمનો વિસાલ** : ૧૮ રબીઉલ આખર હિ.સ. ૭૩૫ ઈ.સ. ૧૩૩૪ બુધવારના રોજ એક તરફ આસ્માને દુનિયા પર સૂર્યોદય થયો અને બીજી તરફ ઈલ્મો ઈર્ફાનનો આ સૂરજ આથમી ગયો. નમાઝે જનાઝા શૈખુલ ઈસ્લામ અબુલ ફતહ રૂકનુદ્દીન નબીરએ શૈખુલ ઈસ્લામ હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہએ પઢાવી. કબ્ર મુબારક પર સુલ્તાન મુહમ્મદ તગલકે ભવ્ય ગુંબદ તામીર કરાવ્યો.

**આપનાં આદર્શ કથનો** : આપ رحمۃ اللہ علیہ

ફર્માવ્યા કરતા હતા કે, દરેક અંગને અમલ માટે બનાવવામાં આવ્યું છે, જો તેના વડે તે કામ લેવામાં ન આવે તો તે અંગ તથા ભાગ બેકાર તથા બીમાર થઈ જાય છે. જેમ કે દિલ ફક્ત મહોબ્બતે ઈલાહી માટે બનાવવામાં આવ્યું છે, મહોબ્બત સાચા જૂઠાના તફાવતને જાહેર કરે છે. એટલે કે મહોબ્બત મર્દ તથા નામર્દના ફરક઼ને જાહેર કરે છે. જો પુરૂષ સાચો આશિક઼ છે તો પોતાના મેહબૂબની જફાઓ તથા પોતાની વફાઓ ઉપર સબર કરશે અને આખુ જીવન એ રીતે વિતાવશે કે પોતાના મેહબૂબના નક઼્શે ક઼દમ (ચીંધેલા માર્ગ)થી એક અંશ જેટલો પણ આગો પાછો નહીં થાય અને સાચી મહોબ્બતની સાથે તેના (મેહબૂબના) દરવાજાને ખટખટાવશે તથા તેની મહોબ્બતમાં અડગ રહેશે. જે મહોબ્બતની દૌલતને પ્રાપ્ત કરવા ઈચ્છે જ્યાં સુધી તે પોતાની પ્યારી જાન તથા શરીરને દોસ્તની મરજી તથા ઈચ્છા અનુસાર મુસીબતો, તકલીફોમાં ન નાખે, ત્યાં સુધી તેને કદાપિ આ સઆદતમંદી (સદ્ભાગ્ય) પ્રાપ્ત થતી નથી.

- એહલે તરીક઼ત તથા હક઼ીક઼ત દરેક આ વાત પર સહમત છે કે ઈન્સાનને પૈદા કરવાનો સૌથી મોટો મક઼સદ (હેતુ) રબ્બુલ આલમીનની મહોબ્બત છે. (અલ્લાહની) ઝાતની મહોબ્બત વહબી (કુદરતી, અલ્લાહની અતા કરેલ) નઝરાણુ છે. અને સિફતોની (અલ્લાહની સિફતોની) મહોબ્બત કસબી (પોતાની કોશિશોથી પ્રાપ્ત કરેલ) છે. જે વહબી મહોબ્બત છે તેનો બંદાના કાર્ય તથા અમલથી (કસબથી) કોઈ સંબંધ નથી. જે કસબી મહોબ્બત છે તે મહોબ્બતમાં હમેશગી તથા નિત્યપણુ પ્રાપ્ત કરવાનો તરીક઼ો એ છે કે દિલ ગૈરુલ્લાહથી ખાલી કરીને ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત કરે, જેના માટે ફરાગત (ફુરસદ) જરૂરી છે, અને ફરાગત (ફુરસદ)થી રોકનાર ચાર ચીજો છે : ૧. મખ્લૂક઼ ૨. દુનિયા ૩. નફસ ૪. શૈતાન.
- મખ્લૂક઼ને દૂર કરવા માટે ગોશાનશીની છે, અને દુનિયાને દૂર કરવાનો તરીક઼ો ક઼નાઅત (જે મળે તેમાં આત્મ સંતોષ) છે. નફસ તથા શૈતાનને દૂર કરવાનો તરીક઼ો એ છે કે હર ઘડી અલ્લાહથી ઈલ્તિજા (દુઆ, ગુજારિશ) કરવામાં આવે.
- આપ ફર્માવતા હતા કે પીર એવો હોવો જોઈએ કે શરીઅત, તરીક઼ત તથા હક઼ીક઼તના અહકામોનો ઈલ્મ રાખતો હોય (જાણતો હોય) અને જે એવો હશે તે પોતે કોઈ નાજાઈઝ કામ કરવાનું નહીં કહે.
- બંદો જે પણ નેકી કરે છે, ભલે તે માલી હોય અથવા બદની હોય અથવા પાકીઝા અખ્લાકો (સદ્ગુણો)માંથી કોઈ આદત (ગુણ) હોય તો તેમાંથી જો એક વસ્તુ પણ ક઼બૂલ થઈ જાય તો બંદાના તમામ કામો (અમલો) તેના માટે પનાહ બની જાય છે.
- શૈખુલ મશાઈખે એકવાર અમીર હસન સંજરીને નસીહત કરી કે, "તમારે હમેશાં નેકી તથા ઈબાદતમાં વ્યસ્ત રહેવું જોઈએ. વિર્દ વઝીફાઓ પઢવામાં મહેનત કરવી જોઈએ તથા મશાઈખની કિતાબો અભ્યાસમાં રાખવી જોઈએ. ટૂંકમાં એ કે મશ્ગૂલ (વ્યસ્ત) રહો બેકાર ન રહો."

### ★ આ'લા હઝરત બારગાહે નિઝામુદ્દીન અવલિયામાં ★

અંતમાં વાંચકોની જાણકારીમાં તથા ઈમાનમાં પુખ્તગી માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઝબાની એક પ્રસંગ રજૂ કરીએ છીએ :–

"૧૭ મી શરીફ માહે ફાખિર રબીઉલ આખિર હિ.સ. ૧૨૯૩ માં ફકીર (આ'લા હઝરત)ને એકવીસમુ વરસ હતું. આ'લા હઝરત પોતાના વાલિદે માજિદ તથા હઝરત મુહિબ્બે રસૂલ જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ અબ્દુલકાદિર સાહબ કાદરી બદાયૂની આલિયાની સાથે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજર થયા. હુજરા શરીફની ચારેબાજુ બાતિલ ખેલ તથા મનોરંજનની મજલિસો ગરમ હતી. શોર તથા ધમાલમાં કાન પર કોઈ વાતનો અવાજ સંભળાતો ન હતો. બંને હઝરાતે આલિયા પોતાના મુત્મઈન દિલો સાથે કબ્ર શરીફ પાસે હાજર થઈને મશ્ગૂલ થઈ ગયા. આ ફકીરે (આ'લા હઝરતે પોતે) શોરબકોરની ભીડના લીધે પરેશાની અનુભવી.

દરવાઝાએ મુતહ્હરા પર ઉભા રહીને હઝરત સુલ્તાનુલ ઔલિયાથી અર્ઝ કરી કે, હે મૌલા ! ગુલામ જેના માટે હાજર થયો તેમાં આ અવાજો દખલ પાડી રહી છે. આવી અર્ઝ કરીને **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ હુજરાના પાક દરવાજામાં રાખ્યો તો ખુદાના હુકમથી સર્વ અવાજો તરત જ અદશ્ય થઈ ગયા. મેં ગુમાન કર્યું કે આ લોકો ખામોશ થઈ ગયા છે. પાછળ ફરીને જોયું તો એ જ બજાર ગરમ હતું, અંદર રાખેલો કદમ બહાર કાઢયો તો ફરી તે જ અવાજો ને જોશ જોવા મળ્યો. ફરી **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ અંદર મૂક્યો તો ફરી એ જ પ્રમાણે શાંતિ જણાઈ (કાન પર કાંઈ ન સંભળાતુ હતુ). હવે જણાયું કે આ મૌલાનો કરમ અને હઝરત સુલ્તાનુલ ઔલિયાની કરામત તથા આ નાચીઝ બંદા પર રહમત તથા મદદ છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને મવાજહે આલિયામાં મશ્ગૂલ થઈ ગયો, ત્યાં કોઈ અવાજ ન સંભળાયો. પણ જેવો બહાર આવ્યો તો ફરી એ જ હાલ હતો કે ખાનકાહની બહાર કિયામગાહ સુધી પહોંચવું મુશ્કેલ થયું. ફકીરે (આ'લા હઝરતે) આ પોતાના પર ગુઝરેલી ગુઝારિશ રજુ કરી, કેમ કે પ્રથમ તો એ અલ્લાહની નેઅમત હતી અને રબ તઆલા ફર્માવે છે : **(અર્થ)** "તમારા રબની એ નેઅમતોને લોકોમાં ખૂબ વર્ણન કરો." તેમ જ બીજું એમાં ઔલિયા કિરામના ગુલામો માટે ખુશખબરી તથા મુન્કિરો માટે બલા તથા અફસોસ છે. ઈલાહી ! સદકો તારા મહબૂબ બંદાઓનો કે અમને દુનિયા તથા આખેરત, કબ્ર તથા હશ્રમાં તારા મહબૂબોની અતિશય બરકતોથી અમને માલામાલ કરે !.. *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૪૧૫, ૪૧૬)*

પેજ નં. **૨૧** નું ચાલુ...

સબબ પેદા કરવાવાળો છે અને દરેક તાલિબની આરઝૂ પૂરી કરનારો છે, મારું ઊંટ મને પાછુ આપી દે ! જેથી તે તખ્તાને ઉઠાવી લે." તો એકાએક ઊંટ ઉઠીને ઉભુ થઈ ગયું અને તખ્તો તેના ઉપર પડયો હતો.

### ★ અબૂ ઓબૈદ બુસરીની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ વર્ણવ્યું કે તેમને અબ્દુલવાહિદ બિન બક્ર અલ્વર્ષાનીએ કહ્યું કે મુહમ્મદ બિન દાઊદે વર્ણન કર્યું કે અબૂબક્ર ઈબ્ને મુઅમર ફર્માવતા હતા કે મેં ઈબ્ને અબી ઓબૈદ બસરીને પોતાના પિતા અબૂ ઓબૈદ બસરીથી રિવાયત કરતાં સાંભળ્યું કે એક વરસે તે જેહાદના માટે ગયા તો રસ્તામાં ઘોડી જેના પર તે સવાર હતા તે મૃત્યુ પામી. હજી તે ફોજના દસ્તા (લશ્કરી દળ) ની સાથે હતા, તેમણે કહ્યું, ખુદાયા ! આ ઘોડી ઉછીની આપી દે ! ત્યાં સુધી કે બુસ્રા પાછો પહોંચી જાઉં. એકાએક ઘોડી ઉઠીને ઉભી થઈ ગઈ. જ્યારે જંગ કરીને બુસરા પરત પહોંચી ગયા તો પુત્રને કહ્યું કે ઘોડી પરથી ઝીન ઉતારી લો. મેં અર્ઝ કરી કે એને પરસેવો થઈ ગયો છે જો ઝીન ઉતારી લઈશ તો તેને હવા લાગી જશે. અબૂ ઓબૈદે કહ્યું કે આ તો ઉછીની લીધેલી છે ! પુત્ર કહે છે કે મેં જેવું ઝીન ઉતાર્યું કે તરત ઘોડી ગબડી પડી અને મૃત્યુ પામી.

### ★ એક સ્ત્રીની કરામત ! ★

કહેવાય છે કે એક કફનચોર હતો. એક સ્ત્રી મૃત્યુ પામી તો લોકોએ તેની નમાઝે જનાઝા પઢી અને કફન ચોરે પણ તેણીની જનાઝાની નમાઝ એ ખયાલથી પઢી કે તેણીની ક્બ્ર વિશે જાણી લે. જ્યારે રાત અંધારી થઈ ગઈ તો તેણે તેની ક્બ્ર ખોદી, તો સ્ત્રી બોલી, સુબ્હાનલ્લાહ ! એક એવો શખ્સ જેને અલ્લાહે બખ્શી આપ્યો છે તે એવી સ્ત્રીનું કફન લઈ રહ્યો છે જેને અલ્લાહે બખ્શી આપી છે ?! કફનચોરે કહ્યું, માની લીધું કે અલ્લાહે તને બખ્શી આપેલ છે, પરંતુ હું ક્યાંથી બખ્શાયેલો છું ?! સ્ત્રીએ જવાબ આપ્યો, અલ્લાહ તબારક વ તઆલાએ મને પણ અને તે સર્વ લોકોને જેમણે મારી નમાઝે જનાઝા પઢી છે સૌને બખ્શી આપ્યા છે, અને મારી નમાઝે જનાઝા પઢનારાઓમાં તું પણ એક છે. ચોર કહે છે કે, મેં તેનું કફન રહેવા દીધું અને ફરીથી તેના પર માટી નાખી આપી. ત્યાર બાદ તેણે તૌબા કરી લીધી અને તૌબા પર કાયમ રહ્યો.



# દારૂ તથા જુગારનાં
## ખતરનાક નુકસાનો !



રજૂકર્તા : **અલ્તાફ હુસૈન મિસ્બાહી-કુરચણ** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

*૮ ફેબ્રુઆરી ૨૦૧૩ના વર્તમાન પત્રોમાં સમાચાર છે કે, "એક ચીની યુવતી સાથે એક પાર્ટીમાં એક યુવાનની મુલાકાત થઈ જ્યાં બંનેવે દારૂ પીધો. મોડી રાત થતાં તે યુવાન યુવતીને તેણીના ઘર પહોંચાડવાના બદલે પોતાના ફ્લેટ પર લઈ ગયો અને અહીં તેણે ફરીવાર તેણીને દારૂ પીવડાવ્યો જેથી તેણી બેહોશ થઈ ગઈ તો તેણી પર બળાત્કાર કર્યો ! હવે આમાં કોનો કેટલો દોષ છે તે તો વાંચકોને અલ્લાહે બુદ્ધિ આપી છે તેના પરથી સમજી શકે છે ! તથા આને બળાત્કાર કહેવો કે શું કહેવું તે પણ એક ચિંતનનો વિષય છે. પણ અસલ ખરાબીમાં દારૂના નશાએ મોટો ભાગ ભજવ્યો છે. આ અને આવા અનેક બનાવો દારૂ જુગારની મહેફિલોના થકી બનતા રહે છે.*

*દારૂ જુગારની બુરાઈ તથા નુકસાનો તો સર્વ માનવજાત માટે બર્બાદીનો સબબ છે જ, પણ એ કેવા આજકાલના મુસલમાન છે જેમને તેમની ભલાઈ ચાહનાર રબ તથા તેમના પ્યારા રસૂલે પાક ﷺ કુર્આનમાં તથા હદીષો થકી સમજ પાડે છે કે દુનિયા તથા આખેરત બંનેવમાં તમારું એનાથી ભારે નુકસાન છે છતાં સમજવા તૈયાર નથી?! આશ્ચર્ય તથા અફસોસની વાત છે કે જેના સીનામાં અલ્લાહ વ રસૂલની મહોબ્બત હોય અને તે શરાબ પીએ તથા જુગાર રમે ?! હે મુસલમાનો ! તમારામાં ઈમાની ગૈરત (શરમ) બચી હોય તો આ ટૂંકો લેખ વાંચી લો અને દારૂ જુગારથી દૂર થઈ જાવ અથવા તો બંને દુનિયામાં બર્બાદ થવા રેડી થઈ જાવ ! અલ્લાહ નેક સમજ આપે !*

*-તંત્રી બરકાતે ખ્વાજા (મંથલી)*

અલ્લાહ તઆલાનું ફર્માન છે "હે ઈમાનવાળાઓ ! દારૂ તથા જુગાર અને મૂર્તિઓ અને પાસાઓ અપવિત્ર છે, શયતાની કાર્યો, તો એનાથી બચતા રહેશો કે જેથી સફળતા પામો, શયતાન એ જ ઈચ્છે છે કે તમારામાં વેર અને દુશ્મની ખડી કરે દારૂ અને જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે તો શું તમે ત્યજ્યું ? *(સૂરએ માઈદહ, આ.-૯૧)*

આ આયતમાં દારૂ અને જુગારનાં નુકસાનો વર્ણન કરવામાં આવ્યાં છે. શરાબ પાન અને જુગારનું એક નુકસાન તો એ છે કે એનાથી એકબીજા સાથે દુશ્મનીઓ પેદા થાય છે અને જે આ બુરાઈઓમાં સપડાય છે તે ઝિક્રે ઈલાહી અને નમાઝના સમયોની પાબંદીથી વંચિત થઈ જાય છે, આથી ઘણી બુરાઈઓનો દરવાજો ખુલે છે.

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! શરાબ જેને બુરાઈઓની જડ કહેવામાં આવે છે તેમજ જુગાર આ એવી બુરી આદતો છે કે ઈન્સાનને કોઈ લાયક નથી રહેવા દેતી અને ઘણી વખત માલદારો તથા ધનિક લોકોને નિર્ધન બનાવી નાખે છે અને આખેરતનું નુકસાન અલગ કે જે ઘણુ મોટુ નુકસાન છે !

**૧.** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે જે જુગારના ઈરાદાથી લડ્ડુ રમે છે તો તે સુવ્વર (ભૂંડ)નું માંસ ખાવા સમાન છે અને જે જુગાર વિના લડ્ડુ રમે છે તો તે એ વ્યક્તિની જેમ છે જે સુવ્વરની ચરબીથી તેલ લગાડે છે. *(દુર્રે મન્થૂર)*

**૨.** હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્રણ વસ્તુઓ જુગારથી છે : કબૂતરો માટે સીટી વગાડવી, જુગાર અને પાસાઓથી રમવું. *(દુર્રે મન્થૂર)*

**૩.** રસૂલુલ્લાહ ﷺએ એક વ્યક્તિને જોયો જે કબૂતરનો પીછો કરી રહ્યો હતો, તો આપે ફર્માવ્યું : શૈતાન, શૈતાનનો પીછો કરી રહ્યો છે. *(દુર્રે મન્થૂર)*

**૪.** અલ્લાહ તઆલાએ હક્ક (કુર્આન શરીફ)

એટલા માટે નાઝિલ ફર્માવ્યું કે બાતિલને મિટાવી દે, અને એની સાથે ખેલકૂદ, નાચવું, ગાવું, વાંસળી વગાડવી અને શરાબને બાતિલ કરી દે. મારા રબે કસમ ઉઠાવી છે કે મારા હરામ કર્યા પછી જેણે શરાબ પીધી તો એને હું કયામતના દિવસે તરસ્યો રાખીશ અને મારા હરામ કર્યા પછી જેણે છોડી આપી એને હું મારી બારગાહમાં તૃપ્ત કરીશ.

૫. હદીષે પાકમાં ફર્માવ્યું, જે આદમી એ હાલતમાં મરે છે કે એના મષાનામાં શરાબમાંથી કોઈ ચીજ છે તો એના પર જન્નત હરામ કરી દેવામાં આવે છે. જો તે ચાલીસ દિવસમાં મરી જાય છે તો તે જાહિલિયતની મૌત મરે છે. *(દુર્રે મન્સૂર)*

અલ્લાહુ અકબર ! શરાબ પીવાવાળાઓ ! હોશમાં આવો ! અને વિચારો ! મૌતનો સમય ખબર નથી, જહન્નમનો અઝાબ ઘણો કડક છે અને જહન્નમની ગરમીની તીવ્રતાની એ હાલત છે કે જો સોયના નાકા બરાબર ખોલી દેવામાં આવે તો જમીન પર રહેવાવાળા બધા જ એની ગરીમીથી મૃત્યુ પામે, જહન્નમમાં ભૂખ અને તરસ ત્યાં સુધી હશે કે લોકો ખોરાક તથા પાણી પર ઊંટની જેમ તૂટી પડશે. કાંટાવાળુ ઝેરી ફળ ખાવા માટે આપવામાં આવશે, જ્યારે એ ફળને ખાશે તો તે ગળામાં ફસાઈ જશે, જહન્નમી લોકો એને ગળાથી ઉતારવા માટે પાણી માંગશે તો ઉકળતું પાણી અને પરૂ (ઘાનું પાક) પીવા માટે આપવામાં આવશે, એને પીવાથી આંતરડાંઓના ટુકડે ટુકડા થઈ જશે, મોટા મોટા સાપ અને વિંછીઓ પણ ડંખ મારશે અને અઝાબના ફરિશ્તા ભારે હથોડાઓથી માથુ કચૂંડતા રહેશે. *(દુર્રે મન્સૂર)*

૬. હુઝૂર ﷺએ ફર્માવ્યું, નશાવાળી ચીજ હરામ છે, અલ્લાહ તઆલાએ નશાવાળી ચીજ પીવાવાળાથી વાયદો કર્યો છે કે એ તેને 'તીને ખબાલ' પીવડાવશે. સહાબાએ પૂછયું, હે અલ્લાહના રસૂલ ! 'તીને ખબાલ' શું છે ? તો આપ ﷺએ ફર્માવ્યું, એ જહન્નમીઓનો પરસેવો છે. અને એક રિવાયતમાં છે કે જહન્નમીઓનું પીપ (પરૂ) છે. *(દુર્રે મન્સૂર)*

૭. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શરાબ નિચોડવાવાળો, વેચવાવાળો, ખરીદી કરનાર તથા ઉઠાવવાવાળાઓ, એને પીવા પીવડાવવાવાળાઓ અને એની કિંમત ખવડાવવાવાળા તથા ખાવાવાળા પર અલ્લાહ તઆલાની લાનત છે. *(દુર્રે મન્સૂર)*

૮. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે કયામતના દિવસે અલ્લાહ તઆલા શરાબીથી મળશે જ્યારે કે તે નશાની હાલતમાં હશે, અલ્લાહ તઆલા ફર્માવશે, તું હલાક થાય ! તેં શું પીધુ છે ?! તે કહેશે, શરાબ ! અલ્લાહ તઆલા ફર્માવશે, મેં તારા પર આ હરામ ન કરી હતી ? શરાબી કહેશે, કેમ નહીં ?! છેવટે તેને જહન્નમમાં નાખવાનો હુકમ આપવામાં આવશે. *(દુર્રે મન્સૂર)*

૯. ઈમામ અહમદે હઝરત કૈસ બિન સઅદથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યું કે જેણે શરાબ પીધુ તો તે કયામતના દિવસે તરસ્યો આવશે, ખબરદાર ! દરેક નશાવાળી ચીજ હરામ છે. *(મુસ્નદે ઈમામ અહમદ)*

## ★ શરાબ સર્વ બુરાઈઓની ચાવી છે ★

૧૦. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શરાબથી બચો કેમ કે આ સર્વ બુરાઈઓની ચાવી છે. *(દુર્રે મન્સૂર)*

૧૧. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે 'ઉમ્મુલ ખબાઈષ'થી બચો કેમ કે તમારાથી પહેલી ઉમ્મતોમાં એક આદમી હતો તે ઈબાદત કરતો અને સ્ત્રીઓથી દૂર રહેતો હતો. એક બદકાર ઔરતે એની પાસે પોતાનો એક ગુલામ મોકલ્યો અને કહ્યું કે અમે એક શહાદત માટે તમોને બોલાવ્યા છે. તે આદમી એ ઔરત પાસે ગયો. જ્યારે તે એક દરવાજાથી પ્રવેશ કરતો તો એ પાછળથી દરવાજાને બંધ કરાવી દેતી, ત્યાં સુધી કે તે એ સુંદર ઔરત પાસે જઈ પહોંચ્યો. તે ઔરતે કહ્યું, મેં તને શહાદત માટે નથી બોલાવ્યો બલ્કે એટલા માટે બોલાવ્યો છે કે આ ગુલામને તું કત્લ કરી દે અથવા મારી સાથે બદકારી કર અથવા શરાબનો જામ પી લે, જો તું આ પ્રમાણે કરવાથી ઈન્કાર કરીશ તો હું ચીસો પાડીશ અને તને બદનામ કરી દઈશ ! એ નેક આદમીએ જોયું કે હવે છૂટકારો નથી તો કહ્યું કે તું મને શરાબનો પ્યાલો આપ ! ઔરતે

તેને શરાબનો પ્યાલો પીવડાવી દીધો પછી એ આદમીએ તે ઔરત સાથે બદકારી કરી અને ગુલામને પણ કત્લ કરી દીધો, માટે શરાબથી બચો. અલ્લાહની કસમ ! ઈમાન અને શરાબ એક હૃદયમાં જમા નથી રહી શકતા, શક્ય છે એમાંથી એક બીજાને કાપી નાખે. *(દુર્રે મન્થૂર)*

### ★ ચાર લોકો જન્નતથી વંચિત ★

**૧૨.** હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મા બાપની નાફર્માની કરવાવાળો, જુગાર રમવાવાળો, એહસાન જતાવવાવાળો અને શરાબનો વ્યસની જન્નતમાં પ્રવેશ નહીં કરશે. *(અન્વારુલ હદીષ)*

**૧૩.** સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે, મારી ઈજ્જતની કસમ ! મારો જે બંદો શરાબનો એક ઘુંટડો પણ પીશે તો હું તેને શરાબની જેમ પીપ (પરૂ) પીવડાવીશ અને જે બંદો મારા ખૌફથી શરાબ પીવાનું છોડી દેશે હું એને પાક હોજોમાંથી પીવડાવીશ. *(મિશ્કાત શરીફ)*

**૧૪.** અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે શરાબ પીએ એને કોરડા મારો અને જે વ્યક્તિ ચોથી વખત શરાબ પીએ એને કત્લ કરી આપો. *(તિર્મિઝી શરીફ)*

**જરૂરી નોંધ :** જુગાર, દારૂ અથવા ચોરી વગેરેમાં સપડાનારા લોકોને કોરડા મારવા અથવા કત્લ કરવા અને બીજી સજાઓનો હક્ક માત્ર ઈસ્લામી હુકૂમતને છે પણ મુસલમાન પબ્લિક આ પ્રકારના લોકોનો ત્યાં સુધી બોયકોટ કરે જ્યાં સુધી એઓ પોતાના બુરા કરતૂતોથી તૌબા ન કરી લે, જો મુસલમાનોએ આવું ન કર્યું તો તેઓ અલ્લાહની બારગાહમાં ગુનેહગાર ઠરશે અને અલ્લાહની તરફથી નાઝિલ થવાવાળા અઝાબનો એમને પણ સામનો કરવો પડશે, જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત યુશૂઅ બિન નૂન عليه السلامને વહી કરી કે હું તારી વસ્તીથી ચાલીસ હજાર નેક તથા સારા અને સાઈઠ હજાર બુરા લોકોને હલાક કરીશ. અર્ઝ કરી, પરવરદિગાર ! બુરા તો બુરા છે, સારા લોકો શાથી હલાક થશે ? ફર્માવ્યું, એટલા માટે કે જેમના પર મારો ગઝબ હતો એમણે એમના પર ગઝબ ન કર્યો અને એમની સાથે ખાવા પીવામાં શરીક રહ્યા. *(જામિઉલ અહાદીષ)*

નબી કરીમ ﷺ ફર્માવે છે, જ્યારે બની ઈસ્રાઈલ ગુનાહોમાં સંડોવાયા તો એમના આલિમોએ એમને રોકયા પણ એમણે ન માન્યું. થોડાક દિવસો પછી આ આલિમો પણ એમની સાથે મળી ગયા અને એમની સાથે બેસવા ખાવા પીવા લાગ્યા ! તો અલ્લાહ તઆલાએ અમુકનાં દિલોને બીજાઓ સાથે મિલાવી દીધા પછી આ સર્વને હઝરત દાઊદ તથા હઝરત ઈસા બિન મરયમ عليهم السلامની જબાનમાં મલઊન ઠરાવ્યા. (જામિઉલ અહાદીષ) અને હુઝૂર અક્દસ ﷺએ ફર્માવ્યું કે, જો લોકો બુરી વાત જુએ અને એને ન બદલે તો નજીક છે કે અલ્લાહ તઆલા એમના પર એવો અઝાબ મોકલશે જે બધાને ઘેરી લેશે. *(ઈબ્ને માજા)* દુઆ છે કે અલ્લાહ તઆલા આપણને તેના અઝાબથી બચાવે અને સારા અમલની તૌફિક અતા ફર્માવે. આમીન *(સેહમાહી અમજદિયા, જુલાઈથી સપ્ટેમ્બર–૨૦૧૨)*

### ★ વલણ ખાતે "મસ્જિદે રઝા"ની ઈફતેતાહ ★

**વલણ** : (તા. કરજણ, જિ. વડોદરા) ખાતે ૨૭–રબીઉલ અવ્વલ શરીફ અંગ્રેજી તા. ૮–૨–૨૦૧૩ જુમ્આની નમાઝથી નવી બનેલી શાનદાર મસ્જિદ "મસ્જિદે રઝા"ની ઈફતેતાહ કરવામાં આવી જેમાં સ્થાનિક સાદાતે કિરામ, ઉલમા, હુફ્ફાઝ ઉપરાંત ખુસૂસી મહેમાન તરીકે હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તેમજ મશહૂર નઅતખ્વાં જનાબ સૈયદ અહમદ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) તશરીફ લાવ્યા હતા. જુમ્આ પહેલાં મહેફિલે નઅત મસ્જિદમાં રાખવામાં આવી હતી. અઝાનનો સમય થતાં સૈયદ અહમદ સાહબે અઝાન આપી હતી અને હઝરત સૈયદ અમીન અલી કાદરી સાહબે મસ્જિદની તામીરના સંબંધે અસરકારક, મા'લૂમાતી, ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. નમાઝ પણ આપે જ ખુત્બો પઢીને પઢાવી. છેવટમાં સલાતો સલામ બાદ રિક્કતઅંગેઝ દુઆ આપે ફર્માવી હતી. યુ.કે.થી હાફેઝ આદમ કંબોલ્વી, ઈકબાલભાઈ મોદી તથા રૂસ્તમભાઈ વકા વલણવાળા, મહેમૂદ પાલેજવાળા, હાજી દાઊદ ગોરજી થામવાળા વગેરે અન્ય ગામોના આવેલા ઘણા સફરીઓ પણ હાજર રહ્યા હતા.

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ શાદી મુબારક ★**

**પાલેજ** : મુકામે તા. ૨–૨–૨૦૧૩ના રોજ યુ.કે. (બોલ્ટન) નિવાસી જનાબ હાજી હસનભાઈ સાંસરોદવાળાના નેક ફરઝંદ ''મહેમૂદ''ની નિકાહખ્વાની જનાબ ઈબ્રાહીમભાઈ કાળા મછાસરાવાળા (આમોદ)ની નેક દુખ્તર રુકશાનાબાનુ સાથે રાખવામાં આવી. પાલેજ ખાતે દુલ્હાના ઘરે મહેફિલે નઅત સજાવવામાં આવી હતી જેમાં હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તથા મૌલાના રઉફ યાકૂબ પાલેજવાળાએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટમાં નિકાહ પેશ ઈમામ સાહબ નબીપુર હઝરત મૌલાના ગુલામરસૂલ કારંટવી (ખલીફ શૈખુલ ઈસ્લામ)એ પઢાવ્યા હતા.

**અરગામા** : ખાતે તા. ૨૭–૧–૨૦૧૩ રવિવારના રોજ જનાબ ઈલ્યાસ ઈસ્માઈલ હાફેજીની નેક દુખ્તર શાહીનાની નિકાહખ્વાની અરગામાના રશીદ મર્હૂમ યૂનુસ ઈબ્રાહીમ સુલેમાનના નેક ફરઝંદ સાજિદ સાથે રાખવામાં આવી.

**મછાસરા** : મુકામે તા. ૨૭–૧–૨૦૧૩, ૧૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૪ રવિવારના રોજ જનાબ હાફેઝ ઈબ્રાહીમભાઈખાં નૂરીની નેક દુખ્તર અસ્માબાનુની નિકાહખ્વાની ખોજબલ નિવાસી વલી મુહમ્મદ દાદાભાઈના નેક ફરઝંદ ઝુલ્ફિકાર સાથે રાખવામાં આવી.

**ટંકારીઆ** : મુકામે તા. ૭–૨–૨૦૧૩ જુમેરાતના રોજ મર્હૂમ અબ્દુલ્લાહ ઈબ્રાહીમ બશેરીના નેક ફરઝંદ અલ્તાફની નિકાહખ્વાની કોઠી વાંતરસા નિવાસી યૂસુફ અલી ભાયજીની નેક દુખ્તર ફરજાના સાથે રાખવામાં આવી.

**પારેખત** : મર્હૂમ યાકૂબ વલી રોકડના નેક ફરઝંદ મુહમ્મદ અઝહરુદીનની નિકાહખ્વાની તા. ૧૦–૨–૨૦૧૩ રવિવારના રોજ જંબુસર નિવાસી હાજી બશીરભાઈ મૂસા પટેલની નેક દુખ્તર શબનમબાનુ સાથે રાખવામાં આવી.

**સારણ** : (તા. વાગરા) મુકામે મૌલાના ઐયૂબ ઈસ્માઈલ પટેલ (ઈસ્લામપુરી)ની નેક દુખ્તર શબાનાની શાદી તા. ૧૦–૨–૨૦૧૩ રવિવારે દયાદરા નિવાસી મર્હૂમ હાજી વલી મૂસા ચલાકીના નેક ફરઝંદ હાજી ઈસ્માઈલ સાથે રાખવામાં આવી.

**ટંકારીઆ** : મુકામે તા. ૯–૨–૨૦૧૩ શનિવારના રોજ જનાબ યાકૂબભાઈ ગજજરની નેક દુખ્તર પરવીનની નિકાહખ્વાની ટંકારીઆ નિવાસી અહમદભાઈ ડેરીવાળાના નેક ફરઝંદ સોહેલની સાથે રાખવામાં આવી.

**દયાદરા** : મુકામે તા. ૧૬–૧–૨૦૧૩ના રોજ અમેરિકા–શિકાગો નિવાસી જનાબ ઈસ્માઈલ અહમદ ભા (તલાટી) દયાદરાવાળાના નેક ફરઝંદ ''મુહમ્મદશાહિદ રઝા''ની નિકાહખ્વાની કંબોલી નિવાસી હાફેઝ સીરાજ પટેલની નેક દુખ્તર નઈમા સાથે તથા બીજા ફરઝંદ ''મુહમ્મદ અકરમ''ની નિકાહખ્વાની સેગવા નિવાસી ઈકબાલ અહમદ વૈદની નેક દુખ્તર શાહીના સાથે દયાદરા ખાતે રાખવામાં આવી. સલાતો સલામ સાથે બંને દુલ્હાનુ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જે અકુજી હોલ પર પહોંચતાં ત્યાં નિકાહખ્વાની થઈ હતી.

**કાવી** : મુકામે માસ્તર સુલેમાન દોલા (બરેલ્વી)ની નેક દુખ્તર શાહિદાબાનુની નિકાહખ્વાની હાફેઝ ઝાકિર હુસૈન (S/o. ઈસ્માઈલભાઈ કુરચણવાળા–જોગેશ્વરી) સાથે તા. ૧૭–૨–૨૦૧૩ના રાખવામાં આવી જેની ખુશીમાં રૂા. ૫૧૧ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

ઉપરોક્ત સર્વ દુલ્હા–દુલ્હાનો તથા તેમના કુટુંબીજનોને ખૂબખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં નવદંપતિઓને સદા આબાદ રાખે, તેમના જીવનનો ગુલશન સદા ખિલેલો રહે અને રબ તઆલા નેક ઔલાદ અતા કરે જે તેમની આંખોની ઠંડક બને. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક*

## ઈન્તેકાલ પુરમલાલ !

**કપડવંજ** : ખાતે "**બરકાતે ખ્વાજા**" (**માસિક**)ના તથા "**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**"ના ખાસ ચાહક તથા પ્રચારક જનાબ અબ્દુલકાદરભાઈ કારીગરનો ઈન્તેકાલ તા. ૨૦–૧૧–૨૦૧૨ (૫ મુહર્રમ હિ.સ. ૧૪૩૪)ના રોજ થઈ ગયો જેમના ઈસાલે સવાબ અર્થે તેમના પુત્ર મુહમ્મદભાઈ થકી રૂા. ૩૦૦૦/–ની નમાઝની કિતાબો દયાદરાથી મંગાવીને મીલાદુન્નબી ﷺના જશ્ન દરમ્યાન વહેંચી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મુકામે તા. ૧૩–૧–૨૦૧૩ રવિવારને ૩૦ સફર હિ.સ. ૧૪૩૪ના રોજ શેરપૂરાવાળા બીબીબેન મુહમ્મદભાઈનો ઈન્તેકાલ થયો હતો. તેમજ ૧૫–૧–૨૦૧૩ના રોજ ઝુલેખાબેન ઈબ્રાહીમ અહમદ ઈસાનો ઈન્તેકાલ થયો હતો તેમજ તા. ૧૬–૧–૨૦૧૩ બુધવારના રોજ શહીદાબેન યાકૂબ બરજીનો ઈન્તેકાલ થયો હતો. તેમજ તા. ૬–૨–૨૦૧૩ના રોજ જૈબૂનબેન ઈસ્માઈલ (બાબુભાઈ) કાપડીયાનો ઈન્તેકાલ થઈ ગયો હતો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

**ટંકારીઆ** : મુકામે તા. ૮–૨–૨૦૧૩, ૨૬ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૪ જુમ્આના રોજ ઈબ્રાહીમ અહમદ ચામડનો ઈન્તેકાલ થઈ ગયો હતો, જુમ્આ બાદ દફનવિધિ કરવામાં આવી હતી, રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી :*

સર્વ મર્હૂમો માટે દારુલ ઉલૂમ "બરકાતે ખ્વાજા–આમોદ" ખાતે કુર્આન ખ્વાની કરાવી દુઆએ મગફેરત કરવામાં આવી હતી.

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે સૈયદ તસ્લીમ આરિફ હાજી શૌકત અલી ચાંદપુરાવાલાના ત્યાં નેક ફરઝંદની પૈદાઈશની ખુશીમાં રૂા. ૧૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)માં આપ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા આ નેકીને કબૂલ ફર્માવે અને ઓલાદ નેક સાલેહ બનાવે. (આમીન) *–તંત્રી*


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે

બસ ઉપડવાની તારીખ :

**૨૩/૫/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૮ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૫૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૯/૫/૧૩ અને ૩/૬/૧૩ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૧૦/૬/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૫૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૭.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. મસૂરી પ્રવાસ દરમિયાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે.

## ★ અલ્લાહના ઘર માટે મદદની અપીલ ! ★

**વ્યારા** : જિ. તાપી ખાતેથી ફૈઝાને આ'લા હઝરત કમિટી તરફથી અપીલ છે કે વ્યારા, માલીવાડ ફળીયામાં "મસ્જિદે આ'લા હઝરત"નું બાંધકામ અપૂર્ણ રહી ગયું છે હજી ત્રણેક લાખ રૂા.નો અંદાજિત ખર્ચ છે જરૂરથી સહકાર કરવા સખીદાતાઓને દરખાસ્ત છે. લિ. હાજી સૈયદ અમીનુદ્દીન કાદરી, મો. ૯૭૧૨૩૦૧૭૮૯ તથા અન્વરભાઈ મલેક, મો. ૯૯૧૩૮૯૪૪૮૬

**(A/c. No. : BOI- 275510210000010, Vyara Branch)**

---

**મેદરડા** : જિ. જુનાગઢ અહીં સુન્ની મુસ્લિમ જમાત તરફથી ૯–૧–૨૦૧૩ બુધવારે આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત સૈયદના સરકાર ઈમામ અહમદ રઝાખાન ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ઉર્સ શરીફ નિમિત્તે તથા કાદરિયા ઈબાદતગાહના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુલે ગુલઝારે રઝવિય્યત, પીરે તરીકત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી સજ્જાદાનશીને પ્રથમ નમાઝે મગરિબ અદા કરાવી, દુઆએ ખૈર સાથે ઈબાદતગાહનું ઉદ્‌ઘાટન કરેલ. રાત્રે ઈશાની નમાઝ બાદ તકરીરનો શાનદાર જલસો યોજાયો હતો જેમાં હઝરત અલ્લામા રૂહુલ અમીન સાહબ (જબલપુર) તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબે શાનદાર તકરીરો કરી હતી. *(રજૂકર્તા : હાજી જુસબભાઈ આમદભાઈ સોલંકી)*

---

**અનમોલ કિતાબ મંગાવો : અન્વારે શરીઅત** *(ગુજરાતી, પેજીસ : ૯૬, હદિયો રૂા. ૪૦)*

સંપાદક : **(મર્હૂમ) હાજી અબ્દુલગફ્ફાર ચોલા જામનગરી** / પ્રકાશક : **મોહંમદ અમીન એ. ચોલા**

સરનામુ : ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

ઈસ્લામની પ્રાથમિક તા'લીમ અકીદા વુઝૂ, નમાઝ, જનાઝાની ઈદની નમાઝ, મૈયતને ગુસ્લ, કફન...વગેરે મસાઈલની જાણકારી માટે પ્રકાશકના સરનામે રૂા. ૪૦ પોસ્ટથી મનીઓર્ડર કરીને મંગાવો.

---

## શરતચૂકથી રહી ગયેલ ભૂલ સુધારો

★ "બરકાતે ખ્વાજા" (માસિક) સપ્ટે. ૨૦૧૨, પેજ નં. ૩૨ ડાબી બાજુની કોલમ, નીચેથી લીટી નં. ૭માં **"ષનાઉલ્લાહ પાનીપતી"**ને બદલે **"ષનાઉલ્લાહ અમૃતસરી"** કરવું.

★ "બરકાતે ખ્વાજા" (માસિક) ફેબ્રુ. ૨૦૧૩, પેજ–૬, લીટી નીચેથી બીજીમાં **"અશરફ અલી થાનવી"**ને છેકીને **"રશીદ અહમદ ગંગોહી"** લખવું. તથા નીચેથી પહેલી લીટીમાં **"થાનવી"** છેકીને **"ગંગોહી"** લખવું.

★ એજ અંકના પેજ–૧૧માં લીટી નં. ૧૫ તથા લીટી નં. ૨૦માં પણ **"થાનવી"** છેકી **"ગંગોહી"** કરવું. તેમજ લીટી નં. ૨૭માં **"જે થાનવી"**ની જગાએ **"દેવબંદી પેશવા ગંગોહી"** લખવું અને **"તે જ મૌલાના થાનવી"**ને બદલે **"તે જ દેવબંદી જમાઅતના મૌલાના થાનવી તો"** લખવું. લીટી નં. ૨૮માં **"એ જ થાનવીને"** બદલે **"જ્યારે અહીં ગંગોહીને"** લખવું. લીટી નં. ૩૧માં **"થાનવીને"** બદલે **"ગંગોહીને"** કરવું. **નોંધ** : તેમજ **"સુન્નીઓના કુર્આની અકીદા તથા દેવબંદીઓના ઈસ્માઈલી અકીદા"** એ કિતાબમાં પણ આ લખાણો આ મુજબ સુધારી લેવા વિનંતિ.

★ તેમજ એ જ અંકના પેજ નં. ૩૬, ડાબી બાજુની કોલમ, નીચેથી સાતમી લીટીમાં "ઈમામે આ'ઝમ"ને બદલે "ઈમામ બુખારી" કરવું.

★ પેજ નં. ૩૮ ઉપર વર્ગીકરણની ઉપર આટલું ઉમેરવું. **(૪)** ઈમામ બુખારીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે જ્યારે નમાઝના માટે ઉભા થતા તો પોતાના બંને હાથોને ખભાઓ બરાબર ઉઠાવતા. *(બુખારી, ભાગ : ૧)* –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# અણમોલ કિતાબ મંગાવો

**તોહફાએ નિકાહ** *(પેજીસ : ૧૫૨, આવૃત્તિ : ૧, હદિયો રૂા. ૫૦/–)*

લેખક : **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અનુવાદકો : **મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી પીપળીયાવાળા, મૌલાના સૈયદ જમાલુદ્દીન આંતીવાળા, પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પીન : ૩૯૨૦૨૦

જેમાં ★ નિકાહ ઈસ્લામી દષ્ટિએ ★ દહેજની હક઼ીક઼ત ★ પતિ પત્નીના હક્કો ★ તલાક઼ તથા ઈદ્દતના મસાઈલ.....આ સંબંધે ખૂબ જ મા'લૂમાતી માહિતી ભેગી કરીને વાંચકોને પીરસવામાં આવી છે દરેક સ્ત્રી પુરૂષે ખાસ વાંચવા જેવી આ કિતાબ આજે **રૂા. ૫૦/–** એમ.ઓ. કરીને મંગાવશો.

**તર્કે તક઼લીદ ઔર ગૈર મુક઼લ્લિદીન કે ઈજતેહાદી મસાઈલ''**

અઝ : **મુહક્કિક઼ે મસાઈલે જદીદા હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી જામિઆ અશરફિયા–મુબારકપુર)*

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પીન : ૩૯૨૦૨૦

ગુજરાતી લિપિમાં ૩૬ પેજીસની આ કિતાબમાં ''ગૈર મુક઼લ્લિદો'' એટલે કહેવાતા ''અહલે હદીષ''ની ગુમરાહીઓને આ કિતાબમાં સાદી સરળ શૈલીમાં દર્શાવીને કુર્આન હદીષની રૂએ અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતને પેશ કરવામાં આવી છે. આ કિતાબ ફક્ત પોસ્ટકાર્ડ લખીને કે SMS કરીને મંગાવી શકશો

**સુન્નીઓના કુર્આની અક઼ીદા તથા દેવબંદીઓના ઈસ્માઈલી અક઼ીદાઓનો તફાવત**

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પીન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ફક્ત પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને આ કિતાબ મંગાવો, જેમાં વહાબી દેવબંદીઓના અક઼ીદાઓની પોકળતા તથા પોતાના જ બનાવેલા ક઼ાનૂનમાં પોતે જ તેઓ કાફિર મુશ્રિક ઠરે છે તેનો સ્પષ્ટ નઝારો જોવા મળશે. કિતાબો મંગાવો, વાંચો વંચાવોને મજબૂત સુન્ની બનો.

---

**રૂા. ૨ ટપાલ ટિકિટ મોકલી મફત મંગાવો** (કિતાબ) **દરમિયાની ઉમ્મત** *(પેજીસ : ૧૭૬)*

લેખક : **મૌલાના મુફ્તી તત્હીર અહમદ રઝવી બરેલ્વી**/અનુવાદક : **મુહમ્મદ યૂસુફ પટેલ હલદરવી**

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. હલદરવા, તા. કરજણ, જિ. વડોદરા, પિન : ૩૯૨૨૨૦, મો. ૯૯૭૮૧ ૫૪૪૮૧

બદ્‌મઝહબોના બાતિલ અક઼ીદાઓનું પોલ ખોલતી તથા શરીઅત વિરૂદ્ધ વર્તતા જાહિલ પીરો તથા બનાવટી સૂફીઓના ગલત તૌર તરીક઼ાનું જોરદાર ખંડન કરતી, અહલે સુન્નત વ જમાઅતના સાચા અક઼ીદાઓને કુર્આન હદીષની રોશનીમાં રજૂ કરતી પ્રસ્તુત લાજવાબ કિતાબ ગુજરાતીમાં જરૂરથી મંગાવો, વાંચો અને વંચાવો. લેખક, અનુવાદક, પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*